
૨૦૩ વર્ષ
દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 36 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માઘ સુદ - ૧૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 12 February 2025, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
બુધવાર, ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ ઈન્ટરવલ પૂર્તિ LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# AI 'લોકભોગ્ય' અને 'જનોપયોગી' બનાવોઃ મોદી




**કૃત્રિમ બુદ્ધિમત્તાઃ** પેરિસમાં મંગળવારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (કૃત્રિમ બુદ્ધિમત્તા) એક્શન સમિટને સંબોધતા વડા પ્રધાન નરેન્દ્ર મોદી. (એપી/પીટીઆઇ)

## 'ઓપન સોર્સ એઆઇ'નું વૈશ્વિક માળખું રચવા વડા પ્રધાનની હિમાયત

પેરિસઃ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અહીં ફ્રાંસના પ્રમુખ એમેન્યુલ મેર્કોનની સાથે 'આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એક્શન સમિટ'ની સહ-અધ્યક્ષતા કરતા જણાવ્યું હતું કે કૃત્રિમ બુદ્ધિમત્તા (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ - એઆઇ) 'લોકભોગ્ય' અને 'જનોપયોગી' હોવી જોઇએ. તે કરોડો લોકોનું જીવન સુધારી શકે છે. આરોગ્ય, શિક્ષણ, ખેતી વગેરેમાં એઆઇ સહાયરૂપ થઇ શકે છે. તેમણે જણાવ્યું હતું કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની મદદથી મેડિકલ પ્રિસ્ક્રિપ્શન્સ પણ સરળ ભાષામાં સમજી શકાય છે અને તે મેડિકલ ક્ષેત્રે આમૂલ પરિવર્તન લાવી શકે છે. મોદીએ જણાવ્યું હતું કે 'ઓપન સોર્સ એઆઇ'નું વૈશ્વિક માળખું તૈયાર કરવું જોઇએ અને તે વિશ્વાસ, પારદર્શકતા અને દ્વેષભાવથી મુક્ત હોવું જોઇએ. એઆઇથી અર્થતંત્ર, સલામતી, સમાજ વગેરેમાં મોટું પરિવર્તન લાવી શકાય છે. વડા પ્રધાને સ્પષ્ટતા કરી હતી કે એઆઇથી કોઇ નોકરી નહિ જાય, પરંતુ નોકરી કરવાની રીતમાં ફેરફાર અને સુધારા-વધારા થશે.

તેમણે જણાવ્યું હતું કે 'ઓપન સોર્સ એઆઇ' જોખમ-મુક્ત હોવું બહુ જરૂરી છે. વિજ્ઞાનીઓ અને ટૅક્નોલૉજી ક્ષેત્રના અગ્રણીઓએ જનહિતાર્થને ધ્યાનમાં રાખીને નવી ટૅક્નોલૉજી અને એપ્લિકેશન તૈયાર કરવી જોઇએ તેમ જ તેમાં વધુ સંશોધન કરીને જરૂરી સુધારા-વધારા કરવા જોઇએ.

તેમણે દાવો કર્યો હતો કે ભારત આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે. ભારત જનહિતાર્થે એઆઇ એપ્લિકેશન્સ વિકાસાવવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે અને અમારો અનુભવ તેમ જ કૌશલ્ય શેષવિશ્વને સારા ઉપયોગ માટે આપીશું. આમ છતાં, મોદીએ ચેતવણી આપી હતી કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના ઉપયોગની સાથે એઆઇની મર્યાદા પણ સમજવી જરૂરી છે. (એજન્સી) ■

## સેન્સેક્સમાં ૧૦૧૮ પોઈન્ટનો કડાકોઃ પાંચ સત્રમાં ₹ ૧૬.૯૭ લાખ કરોડનું ધોવાણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ટેરિફ ટ્રેડ વોર વધુ વકરવાના ભય વચ્ચે સતત પાંચમા દિવસે શેરબજારમાં કડાકો બોલાયો છે. ટેરિફના ભયને કારણે ડહોળાયેલાં વાતાવરણ અને એફઆઇઆઇની એકધારી વેચવાલીના દબાણ વચ્ચે સેન્સેક્સે ૭૬,૩૦૦ની સપાટી તોડી બે સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યો છે, જ્યારે નિફ્ટીએ ૨૩,૦૦૦ની સપાટી માંડ સાચવી છે.

સેન્સેક્સમાં ૧૦૧૮ પોઇન્ટનો કડાકો નોંધાવા સાથે બીએસઇના માર્કેટ કેપિટલમાં રૂ. ૯.૨૯ લાખ કરોડનું ધોવાણ નોંધાયું છે. સેન્સેક્સે પાછલા પાંચ દિવસમાં ૨૨૯૦.૨૧ પોઇન્ટ અથવા તો ૨.૯૧ ટકા ગુમાવ્યા છે અને એમકેપમાં પાંચ દિવસમાં કુલ રૂ. ૧૬.૯૭ લાખ કરોડનું નુકસાન થયું છે.

મંગળવારે સેન્સેક્સ સત્ર દરમિયાન ૧૨૦૦ પોઇન્ટથી વધુ મોટા કડાકા બાદ અંતે (જુઓ પાનું ૨) ▶▶

### ગ્વાટેમાલામાં ભીષણ અકસ્માત

## મુસાફરોથી ભરેલી બસ ખીણમાં ખાબકી, પંચાવનનાં મોત

ગ્વાટેમાલા સિટીઃ ગ્વાટેમાલાની રાજધાનીના બહારના વિસ્તારમાં સોમવારે એક બસ ખીણમાં ખાબકી હતી. જેમાં ઓછામાં ઓછા પંચાવન લોકોનાં મોત થયાં હતાં. અધિકારીઓએ આ માહિતી આપી હતી. સાર્વજનિક મંત્રાલયના તપાસ અધિકારીઓએ કહ્યું હતું કે ઘટનાસ્થળેથી ૫૩ મૃતદેહો મળી આવ્યા હતા અને સૈન જુઆન ડી ડિઓસ હૉસ્પિટલે પુષ્ટિ કરી હતી કે ત્યાં લાવવામાં આવેલાં બે મુસાફરો પણ મૃત્યુ પામ્યાં હતાં.

ફાયર વિભાગના પ્રવક્તા એડવિન વિલાગ્રાને જણાવ્યું હતું કે અનેક વાહનો સાથે અથડામણને કારણે બસ રસ્તા પરથી (જુઓ પાનું ૨) ▶▶

## ૨૦૨૩-૨૪માં ગુજરાતીઓએ ₹ ૯૩ હજાર કરોડ ઈન્કમટેક્સ ભર્યો

### છેલ્લાં પાંચ વર્ષમાં કુલ ૩.૪૬ લાખ કરોડ આવકવેરો ભર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત દેશના સમૃદ્ધ રાજ્યોમાં મોખરે છે, ગુજરાતીઓ આવકવેરો ભરી દેશના વિકાસમાં મહત્વનું યોગદાન આપે છે. ઇન્કમટેક્સના આંકડા મુજબ, ૨૦૨૩-૨૪માં ગુજરાતમાંથી લોકોએ ૯૩ હજાર કરોડ ઇન્કમટેક્સ ભર્યો હતો.તેમાંથી અંદાજે ૫૦ ટકા વ્યક્તિગત આવકવેરો અને ૫૦ ટકા કોર્પોરેટ ટેક્સ હતો. છેલ્લાં ૫ વર્ષમાં ગુજરાતીઓએ કુલ ૩.૪૬ લાખ કરોડ આવકવેરો ભર્યો છે. સૌથી વધુ આવકવેરો ભરવામાં ગુજરાત ૫ વર્ષથી ટોપ-૫ રાજ્યમાં સામેલ છે. વર્ષ ૨૦૧૯-૨૦માં ૪૯,૫૧૭ કરોડ આવકવેરો ભર્યો હતો, જે ૨૦૨૩-૨૪માં ૮૮ ટકા વધ્યો છે.

કેન્દ્ર સરકારે લોકસભામાં આપેલી માહિતી મુજબ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૮૨.૬૨ લાખ ગુજરાતીઓએ ઇન્કમટેક્સ રિટર્ન ફાઇલ કર્યું હતું. તેમાંથી ૬૩.૫૬ લાખ લોકોના રિટર્નમાં ટેક્સ શૂન્ય હતું. દેશમાં ચાલુ નાણાકિય વર્ષમાં ૮.૪૦ કરોડ લોકોએ ઇન્કમટેક્સ રિટર્ન ફાઇલ કર્યું હતું. જેમાંથી ૬૬ ટકા એટલે (જુઓ પાનું ૨) ▶▶

## જમ્મુના અખનૂર સેક્ટરમાં એલઓસી નજીક આઈઈડી બ્લાસ્ટ : બે જવાન શહીદ

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : મંગળવારે જમ્મુની નજીકના અખનૂર સેક્ટરમાં અંકુશરેખાની નજીક ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (આઈઈડી)બ્લાસ્ટ થતાં લશ્કરના બે જવાન શહીદ થયા હતા અને એક જવાન ઘાયલ થયો હતો. આ બ્લાસ્ટ આતંકવાદીઓએ કર્યો હોવાનું મનાય છે, એવી માહિતી અધિકારીઓએ આપી હતી.

લશ્કરે આ ધડાકામાં બે જવાન શહીદ થવાની વાત માની હતી. લશ્કરે કહ્યું હતું કે આ વિસ્તારમાં અમારા દળોનું પ્રભુત્વ છે અને સર્ચ ઓપરેશન ચાલુ છે.

અધિકારીઓએ માહિતી આપી હતી કે મંગળવારે રાત્રે ૩-૫૦ કલાકે ભટ્ટલની અગ્રિમ ચોકીની નજીક સ્ફોટ થયો ત્યારે જવાનો પેટ્રોલિંગ કરી રહ્યા હતા.

ઈજાગ્રસ્તોને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને ત્યાં એક કેપ્ટન સહિત બે જવાન ઈજાને કારણે મરણ પામ્યા હતા.

ત્રીજા ઈજાગ્રસ્ત જવાનની હાલત હવે ભયમુક્ત છે. લશ્કરના જમ્મુસ્થિત એકમ વાઈટ નાઈટ કોર્પ્સે બે સૈનિકોના સર્વોપરિ બલિદાનને સલામ કરી હતી. (એજન્સી)■

## વૈશ્વિક સુરક્ષાના પડકારોને પહોંચી વળવા નવા અભિગમ અને મજબૂત ભાગીદારીની જરૂરઃ રાજનાથ

બેંગલૂરુઃ વૈશ્વિક સુરક્ષાના પડકારોને પહોંચી વળવા તેમ જ એ સંબંધિત જરૂરિયાતોને પૂરી કરવા નવા અભિગમ અને મજબૂત ભાગીદારીની જરૂર છે, એમ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે મંગળવારે કહ્યું હતું.

ઍરો ઈન્ડિયા ૨૦૨૫ના ભાગરૂપ યોજવામાં આવેલા મેળાવડાને સંબોધન કરતાં તેમણે કહ્યું હતું કે ભારતનું માનવું છે કે નબળી સ્થિતિથી આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા અને શાંતિની ખાતરી આપી શકાય નહીં.

જુદા જુદા અનેક દેશો વચ્ચે ચાલી રહેલા યુદ્ધ અને સંઘર્ષ વિશ્વભરમાં અનિશ્ચિતતા ઊભા કરી રહ્યા છે.

હવે સત્તાના નવા સમીકરણો, નવી રીતો અને સશસ્ત્રીકરણની નવી પદ્ધતિઓ, ટેક્નોલોજી સહિતની બાબતોએ વૈશ્વિક વ્યવસ્થાને વધુ નાજુક અને સંવેદનશીલ બનાવી દીધી છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે હવે સરહદની સુરક્ષા અને આંતરિક સુરક્ષા વચ્ચેનો ભેદ ધૂંધળો બની ગયો છે.

શાંતિના સમયમાં પણ શસ્ત્રો દેશનાં મહત્ત્વનાં માળખાને નિશાન બનાવી શકે છે. આજે ફ્રન્ટલાઈનની વ્યાખ્યા ખૂબ ઝડપથી બદલાઈ રહી છે, એમ તેમણે કહ્યું હતું.

આ ઉપરાંત સાયબર સ્પેસ અને આઉટર સ્પેસ જેવા પરિમાણો સાર્વભૌમત્વની પરંપરાગત વ્યાખ્યા માટે પડકાર બની રહ્યાં છે.

આ મેળાવડાનો મુખ્ય આશય મિત્રદેશો સાથે સંરક્ષણ ક્ષેત્રે સહકાર વધારવાનો હતો. આ મેળાવડામાં વિશ્વના અંદાજે ૮૦ દેશ, ૩૦ દેશના સંરક્ષણ પ્રધાનો, સુરક્ષા સચિવે ભાગ લીધો હતો.

ભારત તેની સંરક્ષણ ક્ષમતામાં સુધારો કરવાની તેમ જ સંશોધન ,વિકાસ અને સંરક્ષણ ક્ષેત્રે નવો અભિગમ અપનાવવાની દિશામાં આગળ વધી રહ્યું છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)




**ગિરદીઃ** મહાકુંભ મેળામાં જવા 'માઘ પૂર્ણિમા'ની પૂર્વ સંધ્યાએ પટણા જંક્શન ખાતે ટ્રેનમાં ચઢવા થયેલી ભીડ. 'માઘ પૂર્ણિમા'ને દિવસે ગંગા, યમુના, સરસ્વતી નદીઓના સંગમમાં પવિત્ર સ્નાનનો અનોખો મહિમા છે. (પીટીઆઇ)

## ₹ ૨,૪૩૫ કરોડનાં કૌભાંડની મહત્ત્વની વિગતો છુપાવવા બદલ દિલ્હી કોર્ટે સીબીઆઈને ફટકારી

નવી દિલ્હીઃ રૂ. ૨,૪૩૫ કરોડનાં કૌભાંડની મહત્ત્વની વિગતો છુપાવવા બદલ દિલ્હી કોર્ટે મંગળવારે સીબીઆઈને આડેહાથ લીધી હતી.

આ વલણને કોર્ટનો અનાદર લેખાવી દિલ્હી હાઈ કોર્ટે સીબીઆઈને આડેહાથ લીધી હતી.

કૌભાંડના કથિત કેસને મામલે સીજી પવાર, ઈન્ડસ્ટ્રીયલ સોલ્યૂશન અને તેનાં ભૂતપૂર્વ પ્રમોટર ગૌતમ થાપર વિરુદ્ધના આ કેસને મામલે પ્રાથમિક ચુકાદો આપતાં વિશેષ ન્યાયાધીશ સંજીવ અગ્રવાલે કહ્યું હતું કે આ છેતરપિંડીને કારણે મુંબઈસ્થિત સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાની ઈન્ડસ્ટ્રીયલ ફાઈનાન્સ બ્રાન્ચને રૂ. ૨,૪૩૫ કરોડનું નુકસાન થયું હતું.

સીબીઆઈ પાસે કોર્ટથી છુપાવવા જેવી કંઈક સામગ્રી છે અને ગુપ્તતાને નામે સીબીઆઈ તે જાહેર કરવા નથી ઈચ્છતી જેથી કરીને સત્ય ક્યારેય બહાર આવી જ ન શકે અને ફાઈલોમાં જ ધરબાયેલું રહે, એમ તેમણે કહ્યું હતું.

ત્રણ ફેબ્રુઆરીએ સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો હોવા છતાં સીબીઆઈ આ અંગેની યોગ્ય ફાઈલો રજૂ કરી શકી નથી.

આ આદેશ આપ્યા બાદ સીબીઆઈને એમ પણ જણાવવામાં આવ્યું હતું કે ફાઈલોની ચકાસણી કરવાનો અને તેને પડકારવાનો તેમની પાસે પૂરતો સમય હોવા છતાં સીબીઆઈ કોર્ટનાં આદેશનું પાલન કરવામાં નિષ્ફળ રહી છે જે કોર્ટના અનાદર બરાબર છે, એમ તેમણે કહ્યું હતું.

કોર્ટે તપાસ અધિકારીને ૨૧મી ફેબ્રુઆરીએ ફાઈલો સાથે કોર્ટમાં ઉપસ્થિત રહે તેની તકેદારી રાખવાનો સીબીઆઈની સંબંધિત શાખાના વડાને આદેશ આપ્યો છે.

કેસને મામલે તપાસ યોગ્ય અને પારદર્શી રીતે ન કરવામાં આવી હોવાનું કોર્ટે કહ્યું હતું.

સીબીઆઈ જો કેસ સંબંધિત જરૂરી ફાઈલો રજૂ નહીં કરે તો કેસને મામલે તે કંઈ મહત્ત્વની બાબત સંતાડવા માગે છે એવા નિષ્કર્ષ પર કોર્ટ આવશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

## ઓડિશામાં બે રોડ એક્સિડન્ટમાં પાંચનાં મોત

ભુવનેશ્વરઃ ઓડિશામાં મંગળવારે બે રોડ એક્સિડન્ટમાં પાંચ જણના મૃત્યુ થયા હતા એવી માહિતી પોલીસે આપી હતી.

પોલીસે કહ્યું હતું કે મંગળવારે સવારે ભુવનેશ્વરના ટંકાપાણી વિસ્તારમાં પુરી બાયપાસ રોડ પર પુરપાટ ઝડપે જતી કાર મોટરસાઈકલ સાથે ટકરાતાં બાઈકમાં બેસેલા ત્રણ યુવાનનું મોત થયું હતું. ત્રણે યુવાન ઘટનાસ્થળે મરણ પામ્યા હતા. બાઈક ખોટી દિશામાં દોડી રહી હતી. કાર પુરી જઈ રહી હતી.

મૃતદેહો પોસ્ટમોર્ટમ માટે કેપિટલ હૉસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે.

કારના માલિકની ધરપકડ કરવામાં આવી છે અને તપાસ શરૂ થઈ છે. વિસ્તારના સીસીટીવી ફુટેજનો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. મૃતકો શહેરની જીજીપી કોલોનીમાં રહેતા હતા. બીજા અકસ્માતમાં એક એસયુવીએ મયુરભંજ જિલ્લાના બરિપડા સદર પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં ઓટોને ટક્કર મારતાં ઓટોમાં બેસેલા બે જણ મરણ પામ્યા હતા. (એજન્સી)

## પર્યટકો હવે ચીનની સરહદને અડીને આવેલી ગલવાન વેલીમાં ફરવા જઈ શકશે

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુઃ પર્યટકો હવે ચીનની સરહદે લાઈન ઑફ એક્ચ્યૂઅલ કંટ્રોલ (એલએસી)ને અડીને આવેલી ગલવાન વેલીમાં ફરવા જઈ શકશે. લદાખસ્થિત ગલવાન વેલીના ગરમ ઝરણાં ૧૫મી જૂનથી પર્યટકોનું સ્વાગત કરશે.

લદાખ ભારતના સૌથી માનીતા પર્યટન સ્થળોમાંનું એક છે અને વર્તમાનમાં ત્યાંની પેગાંગ નદી પર્યટકોના આકર્ષણનું કેન્દ્ર છે.

વર્ષ ૨૦૨૦માં ગલવાન વેલીમાં જ ભારત અને ચીનના સૈનિકો આમનેસામને આવી ગયા હતા અને બંને પક્ષે અનેક સૈનિક શહીદ થયા હતા. હવે એ જ સ્થળની મુલાકાત દરમિયાન પર્યટકો સુરક્ષિતતા અનુભવે તેની ખાતરી કરવા ભારતીય સેના અને સંરક્ષણ ખાતું પાયાના માળખામાં સુધારો કરવા અને સુરક્ષા પ્રોટોકોલ પર કામ કરી રહ્યા છે. યુદ્ધના આ મેદાનને પર્યટન સ્થળ સ્વરૂપે ગલવાન વેલીનો આરંભ આ ક્ષેત્રનું મહત્ત્વ અને આકર્ષણ વધારશે જે ઈતિહાસ પ્રતિ ઉત્સાહી અને રોમાંચ અનુભવનારાંઓને સમાનરૂપે આકર્ષિત કરશે. આ ક્ષેત્રના પાયાની માળખાકીય સુવિધાઓમાં પણ વધારો કરવામાં આવશે. જોકે વર્તમાનમાં ગલવાન વેલીમાં જવા સ્થાનિક લોકો પર પણ પ્રતિબંધ છે. પર્યટકોને સારો અનુભવ થાય તે માટે લદાખ પ્રશાસન ભારતીય સેના સાથે મળીને સઘન સુરક્ષાવ્યવસ્થા ઊભી કરવાની સાથેસાથે આવશ્યક સુવિધાઓ પણ ઊભી કરી રહ્યું છે. આ નિર્ણયને કારણે ગ્રામીણ પર્યટનને પ્રોત્સાહન મળશે અને તેને કારણે સ્થાનિક લોકો માટે રોજગારનું નિર્માણ થશે.

વર્ષ ૨૦૨૦ના યુદ્ધના સ્મારક તરીકે ગલવાનમાં એક સમર્પિત સંગ્રહાલય તૈયાર કરવામાં આવી રહ્યું છે જેને કારણ પર્યટકોને આ સ્થળના ઐતિહાસિક મહત્ત્વની જાણકારી મળશે.

## કટરાથી કાશ્મીરની ટ્રેન ૧૭ ફેબ્રુઆરીથી શરૂ થશે

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલ લિન્ક (યુએસબીઆરએલ) પરિયોજના પૂરા થવામાં એક વધુ માઈલસ્ટોન સર થવાનો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૧૭ ફેબ્રુઆરીએ કાશ્મીર જતી ટ્રેનનું ઉદ્‌ઘાટન કરશે. એક અધિકારીએ માહિતી આપી હતી કે વડા પ્રધાન જમ્મુમાં ખાસ ડિઝાઈન તૈયાર કરીને બનાવવામાં આવેલી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી દેખાડશે.

રેલવે અધિકારીએ કહ્યું હતું કે વર્ષોના સમર્પણ, એન્જિનિયરિંગની ઉત્કૃષ્ટતા અને અથાગ પ્રયાસો બાદ વંદે ભારત એક્સપ્રેસ રેલ કનેક્ટિવિટીના લાંબા સમયના સ્વપ્નને સાકાર કરશે અને ટૂંક સમયમાં આ ઐતિહાસિક રૂટ પર ચાલશે. અહીં એ સુવિદિત છે કે આ પ્રકલ્પના ભાગરૂપે ભારતીય રેલવેની ટ્રેને દેશના પ્રતિષ્ઠિત પુલોથી પસાર થવાના અનેક સફળ અખતરા કર્યા હતા.આમાં અંજી ખડ્ડુ પુલનો સમાવેશ થાય છે જે ૩૩૧ મીટર ઊંચા સ્તંભને લીધે એન્જિનિયરિંગની મોટી ઉપલબ્ધી છે. આની સાથે ૩૫૯ મીટર ઊંચો ચિનાબ પુલ પણ છે જેને દુનિયાના સૌથી ઊંચા પુલનું ગૌરવ મળ્યું છે અને આ પુલ એફિલ ટાવરથી પણ ઊંચો છે. આ પુલ ક્ષેત્રીય સંપર્ક વધારે છે એટલું જ નહીં, પરંતુ ટેક્નિક અને ડિઝાઈનની ક્ષમતા સિદ્ધ કરે છે. રેલવે અધિકારીના જણાવ્યા અનુસાર આ ટ્રેનને ખાસ કરીને કટરા-શ્રીનગર રેલ રૂટ પર કાશ્મીરની કઠોર ઠંડીની પરિસ્થિતિનો સામનો કરી શકે એવી રીતે બનાવવામાં આવી છે. આમાં ઉન્નત જલવાયુ પ્રતિરોધક ટેક્નિકનો સમાવેશ થાય છે. આમાં એવી હીટિંગ સિસ્ટમનો સમાવેશ થાય છે જે પાણી અને બાયો-ટોયલેટ ટેન્કમાં જમાવટ થવાનું રોકે છે. તદુપરાંત એર-બ્રેક સિસ્ટમને શૂન્ય કે નેગેટિવ ઉષ્ણતામાનમાં ચલાવી શકાય એવી બનાવાઈ છે. રેલવે અધિકારીએ કહ્યું હતું કે વંદે ભારત એક્સપ્રેસમાં વિન્ડશિલ્ડમાં એમ્બેડેડ હીટિંગ તત્ત્વ પણ સામેલ છે જે ડ્રાઈવરની સામેના લુકઆઉટ ગ્લાસને સ્વચાલિત રૂપે ડીફ્રોસ્ટ કરે છે. આથી કાતીલ ઠંડીમાં પણ દૃષ્ટિગોચરતા રહે. આ અનુકૂલન ઉપરાંત વંદે ભારત ટ્રેનની બધી સુવિધા જેવી કે એરકન્ડિશન્ડ કોચ. ઓટોમેટિક પ્લગ દરવાજા, મોબાઈલ ચાર્જિંગ સોકેટ વગેરે આમાં પ્રદાન કરવામાં આવ્યા છે

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# રણવીર આણિ મંડળીને પાઠ ભણાવવો જરૂરી

ભારતમાં યુટ્યૂબ સહિતનાં સોશિયલ મીડિયા પર લોકપ્રિયતા મેળવનારા પોતાને બધાથી ઉપર માને છે. એ લોકો એમ જ માને છે કે, પોતાને આ પ્લેટફોર્મ મળ્યું છે એટલે પોતાને મનફાવે એવા લવારા કરવાનો ને જીભે ચડે એ ભસી નાખવાનો અધિકાર મળી ગયો છે. આ ભ્રમમાં ને ભ્રમમાં એ લોકો એવી વાતો કરે છે કે જે સાંભળીને તેમની બુદ્ધિ વિશે તો શંકા જાગે જ પણ તેમને પસંદ કરનારાં લોકોની બુદ્ધિ અને ટેસ્ટ વિશે પણ શંકા જાગે. આવી શંકા પેદા કરનારો તાજો દાખલો જાણીતા યુટ્યૂબર રણવીર અલ્લાહબાદિયાનો છે.

યુ ટ્યુબ પર કોમેડિયન તરીકે જાણીત થયેલા સમય રૈના ને તેના જેવા લખોટાઓ સોશિયલ મીડિયા પર ‘ઇન્ડિયાઝ ગોટ લેટેન્ટ’ નામનો શો ચલાવે છે. આ શો ખૂબ જ પ્રસિદ્ધિ મેળવી રહ્યો છે કેમ કે ભારતમાં નવરાઓની કમી નથી. ખેર, આ દેશનું બંધારણ તેમને ગમે એ બકવાસ જોવાની છૂટ આપે છે તેથી તેની સામે વાંધો ના લઈ શકાય પણ આ શોના જજ એવા રણવીર અલાહાબાદિયાએ એક સ્પર્ધકને કરેલો સવાલ ચોક્કસ વાંધો લેવા જેવો છે. અલાહાબાદિયાએ સવાલ કરેલો કે, તમે તમારા માતાપિતાને આખી જિંદગી સેક્સ કરતાં જોવાનું પસંદ કરશો કે તેને રોકવા માટે એકવાર તેમાં સામેલ થશો?

આ શો કોમેડીનો છે ને આ સવાલ સાથે કોમેડીને શું લેવાદેવા છે એ ખબર નથી પણ પોતાને સોશિયલ મીડિયાના ખાંસાહેબો માનતા લોકોની આ માનસિકતા છે. એ લોકોને એવું લાગે જ છે કે, પોતાને ગમે તે બોલવાનો અધિકાર છે એટલે આ સવાલ પૂછી લીધો. આ સવાલ સામે ભારે હોહા થઈ અને પોલીસ ફરિયાદ થઈ પછી અલાહાબાદિયાની ફાટી ગઈ. અલાહાબાદિયાએ આ નિવેદન બદલ માફી માગી છે.

અલાહાબાદિયાનો દાવો છે કે, કોમેડી પોતાનું જોનર નથી એટલે પોતાને શું કહેવું એ ખબર નહોતી. લખોટા, કોમેડી તારું જોનર નથી તેથી તને કોમેડી કરતાં ના આવડે એ સમજી શકાય પણ શું બોલવું તેનું તો ભાન હોય કે નહીં?

વાસ્તવમાં સોશિયલ મીડિયાના કહેવાતા સ્ટારની આ સમસ્યા છે. તેમને પોતાનું જોનર હોય કે ના હોય, શું બોલવું તેનું ભાન જ નથી. તેના કારણે ભારતમાં સોશિયલ મીડિયા ગંદકી અને જૂઠાણાંનો અડ્ડો બની ગયું છે. કોમેડી કરનારાંને મનમાં ઓવું છે કે, ગંદી વાતો કરો, અશ્લીલતા ફેલાવો તો લોકપ્રિય થવાય છે એટલે કોમેડીના શોમાં તો નરી અશ્લીલતા જ પિરસાય છે. રાજકારણ કે કરંટ અફેર્સને લગતા શોમાં બેફામ જૂઠાણાં ફેલાવાય છે. આ તો બે જોનરની વાત કરી પણ તમામ જોનરમાં આ જ સ્થિતિ છે.

ગયા વર્ષે દિલ્હીના ભારત મંડપમ ખાતે આયોજિત નેશનલ ક્રિએટર ઍવૉર્ડમાં નરેન્દ્ર મોદીએ રણવીર અલાહાબાદિયાને ઍવૉર્ડ આપ્યો હતો એ વાતને યાદ કરીને ઘણાં લોકો મોદીની પણ ટીકા કરી રહ્યા છે. આ ટીકા વાહિયાત છે. રણવીર અલાહાબાદિયાને મોદીએ ગયા વર્ષે ઍવૉર્ડ આપેલો ને હવે અલાહાબાદિયા ગંદી કોમેન્ટ કરે તો તેમાં મોદી શું કરે?

અલાહાબાદિયાએ પહેલાં ખરાબ કોમેન્ટ કરી હોય કે ગંદકી ફેલાવી હોય ને છતાં મોદીએ તેને ઍવૉર્ડ આપીને સન્માન કર્યું હોય તો તેની ટીકા કરી શકાય પણ અત્યારે ફેલાવેલી ગંદકી માટે મોદીની ટીકા કઈ રીતે કરી શકાય? મોદીએ તેના યોગદાન માટે ઍવૉર્ડ આપેલો. હવે રણવીરને સફળતા ન પચી અને ગમે તેવો બકવાસ કરવા માંડ્યો તેની સાથે મોદીને કંઈ લેવાદેવા નથી.

જે લોકો ટીકા કરે છે તેમણે એક વાત યાદ રાખવા જેવી છે કે, રણવીર સામે એફઆઈઆર પણ ભાજપ શાસિત આસામમાં જ નોંધાઈ છે અને ભાજપ શાસિત મહારાષ્ટ્રે જ તેની સામે પગલાં લેવાનું એલાન કર્યું છે. ભારતમાં દરેક વાતને રાજકીય રંગ આપવાની ફેશન ચાલી રહી છે તેનું આ પરિણામ છે પણ આ મુદ્દો રાજકારણથી પર છે. આ મુદ્દો અશ્લીલતાને લગતો છે ને તેને એ રીતે જોવો જોઈએ, કોઈને વણજોઈતા આ વિવાદમાં ઢસડ્યા વિના જેમણે માનસિક વિકૃત્તિ રજૂ કરી છે તેમની ટીકા કરવી જોઈએ, બીજા કોઈની નહીં.

ભાજપ બે કામ કરી શકે છે. પહેલું કામ રણવીર અલાહાબાદિયા અને તેના જેવા હલકાઓની આખી ટોળીને આકરામાં આકરી સજા થાય ને એક દાખલો બેસે એ જોવું જોઈએ. અલાહાબાદિયાની જેમ બીજા કોઈને પોતાના અંદરની ગંદકીની ઊલટી બહાર કરવાની ઈચ્છા ના થાય એવો ફફડાટ પેદા થાય એવી સજા આ ટોળકીને કરવી જોઈએ. ભારતમાં ડંડો ના ચલાવો ત્યાં સુધી કોઈની અક્કલ ઠેકાણે આવતી જ નથી તેથી ધાક બેસાડવી જરૂરી છે.

સમય રૈનાની એક બીજી પણ ઓડિયો ક્લીપ વાયરલ થઈ છે કે જેમાં એ કહે છે કે, કોઈ વ્યક્તિ પોર્ન શૂટ કરવા માંગતો હોય તો તેને પણ અમારા શોમાં મોકલો, બહુ મજા આવશે, પૂરા ઈન્ટરનેટ ફટ જાયેગા. રૈના તો એવું પણ કહે છે કે, કોમેડી કરનારની કોઈ જવાબદારી નથી કેમ કે કોમેડી કરનાર કંઈ નૈતિકતાના પાઠ ભણાવાવ માટે નથી આવતો. રૈના જેવા લોકોનો આ ભ્રમ દૂર કરવો જરૂરી છે. બે-ચાર વર્ષ જેલની હવા ખાશે એટલે કોમેડી કરનારની શું જવાબદારી છે તેનું તરત ભાન થઈ જશે.

ભાજપે એ પણ કરવું જોઈએ એ કે, સોશિયલ મીડિયાને નિયંત્રિત કરવા કાયદો બનાવવો જોઈએ. સોશિયલ મીડિયા પર કેવો એંઠવાડ અને ગંદકી પિરસાય છે તેની વાત પહેલાં કરી જ દીધી છે પણ તેને રોકી નથી શકાતી કેમ કે આપણે ત્યાં એ અંગેના આકરા કાયદા નથી. ભાજપે એ કાયદા પણ બનાવવા જોઈએ કે જેથી આ એંઠવાડની ગંધથી તો બચી શકાય.

આપણે ત્યાં અભિવ્યક્તિ સ્વાતંત્ર્યને નામે જે ધૂપ્પલો ચાલે છે તેમાં સોશિયલ મીડિયા અને યુટ્યૂબરોનું છે. કોઈ આ પ્લેટફોર્મ્સનો ઉપયોગ કરીને પોતાની ક્રિયેટિવિટી દુનિયા સામે રજૂ કરે તેની સામે કોઈને વાંધો નથી ને વાંધો હોવો પણ ના જોઈએ પણ ક્રિયેટિવિટીના નામે ગંદકી ફેલાવાય એ પણ ના ચાલે.

સોશિયલ મીડિયાનો વ્યાપ અને પ્રભાવ બહુ વધારે છે એ જોતાં તેને નિયંત્રણમાં ના રખાય તો તેનાં ખરાબ પરિમામો સમાજ અને રાષ્ટ્ર બંનેએ ભોગવવાં પડે. આ સ્થિતિ પેદા થાય એ પહેલાં જાગવું જરૂરી છે, કાયદા બનાવવા જરૂરી છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર શિશિર ઋતુ,
બુધવાર, તા. ૧૨–૨–૨૦૨૫, માઘી પૂર્ણિમા, માઘસ્નાન સમાપ્તિ

- ભારતીય દિનાંક ૨૩, માહે માઘ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માઘ સુદ– ૧૫
- જૈન વીર સંવત ૨૫૫૧,માહે માઘ, તિથિ સુદ–૧૫
- પારસી શહેનશાહી રોજ ૨જો બેહમન,માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨જો બેહમન,માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૯મો મારેસ્પંદ,માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૩મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૪મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- નક્ષત્ર આશ્લેષા રાત્રે ક. ૧૯–૩૪ સુધી, પછી મઘા.
- ચંદ્ર કર્કમાં રાત્રે ક. ૧૯–૩૪ સુધી પછી સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ), સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૦, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૫, અમદાવાદ ક. ૧ ૮ મિ. ૩૨, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ
- ભરતીઃ બપોરે ક. ૧૨–૦૦, મધ્ય રાત્રે ક. ૦૦–૩૯
- ઓટઃ સાંજે ક. ૧૮–૦૯, મધ્યરાત્રિ પછી ક. ૦૬–૫૮ (તા. ૧૩)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ‘ક્રોધી’ નામ સંવત્સર, માઘ શુક્લ – પૂર્ણિમા. માઘી પૂર્ણિમા, માઘસ્નાન સમાપ્તિ, અન્વાધાન, કુલધર્મ, ગુરુ રવિદાસ જયંતી, સૂર્ય કુંભમાં રાત્રે ક. ૨૧–૫૪, મું. ૩૦. સામ્યાર્ઘ, સંક્રાંતિ પુણ્યકાળ મધ્યાહનથી સૂર્યાસ્ત.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ખાત મુહૂર્ત, આશ્લેષા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, બુધ ગ્રહદેવતાનું પૂજન, સર્પપૂજા, શ્રી ગણેશ વિષ્ણુ–લક્ષ્મી પૂજાનો મહિમા, ઔષધ ઉપચાર, માલ લેવો, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, પ્રાણી પાળવા, ઘર–ખેતર જમીન, મકાન લેવડદેવડ, સંક્રાંતિ પુણ્યકાળમાં તીર્થસ્નાન, પ્રયાગરાજ મહાકુંભ સ્નાનનો મહિમા. પુણ્યકાળમાં સ્નાન જપ, તર્પણ, દાન, શિવપૂજા, શ્રી સત્યનારાયણદેવતાના પૂજનનો મહિમા, શ્રીસુક્તના અનુષ્ઠાન, ખેતીવાડીના કામકાજ.

આચમનઃ ચંદ્ર–સૂર્ય પ્રતિયુતિ આંખોની સંભાળ લેવી, ચંદ્ર–હર્ષલ ચતુષ્કોણ જ્ઞાનતંતુ પર બોજો આવે. ચંદ્ર–બુધ પ્રતિયુતિ ઉગ્ર પ્રકૃતિના.

- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–સૂર્ય પ્રતિયુતિ (માઘી પૂર્ણિમા યોગ) , ચંદ્ર–હર્ષલ ચતુષ્કોણ, ચંદ્ર–બુધ પ્રતિયુતિ (તા. ૧૩)
- ગ્રહગોચરઃ સૂર્ય–મકર/ધનુ, વક્રી મંગળ–મિથુન, બુધ–કુંભ, માર્ગી ગુરુ–વૃષભ, શુક્ર–મીન, શનિ–કુંભ, રાહુ–મીન, કેતુ–કન્યા, માર્ગી હર્ષલ–મેષ. માર્ગી નેપ્ચ્યુન–મીન, માર્ગી પ્લુટો–મકર.

## પ્રજામત

### રેવડી કલ્ચરની બોલબાલામાં વૃદ્ધિ

તાજેતરમાં કેટલાંક રાજ્યોમાં યોજાયેલ વિધાનસભાની ચૂંટણીઓમાં રેવડી કલ્ચરની બોલબાલા વધી છે. હરિયાણામાં બધા પક્ષોએ વિવિધ જાહેરાતો કરી અને એમાંથી ખેડૂતો, યુવાનો, મહિલાલક્ષી જાહેરાતો કરનારા ભાજપને સત્તા મળી એટલે હરિયાણામાં સરકારી તિજોરી પર બોજ વધશે. મહારાષ્ટ્ર અને ઝારખંડની ચૂંટણીઓમાં પણ નિઃશુલ્ક યોજનાઓથી મતદારો આકર્ષાયા. લાડલી બહેન યોજના હેઠળ મહારાષ્ટ્ર સરકાર મહિલાઓને વધારે રકમ આપશે.

અર્થશાસ્ત્રીઓ ચેતવણી આપી રહ્યા છે કે ચૂંટણી જીતવા માટે જે રીતે નિઃશુલ્ક યોજનાઓ લાગુ પાડવામાં આવે છે. તેનાથી રાજ્યના અને સરવાળે દેશના અર્થતંત્રને ફટકો પહોંચી શકે છે.

રાજકીય પક્ષોને સત્તા હાંસલ કરવાની હુંસાતુંસી (હરીફાઈ)માં અર્થશાસ્ત્રીઓની ચેતવણીની કે દેશના અને રાજ્યના અર્થતંત્રને નુકસાન (હાનિ) પહોંચવાની ગંભીર બાબતની જરા પણ પડી નથી!! તેનાથી મોટી વિડંબના દેશને માટે બીજી કંઈ હોઈ શકે??

**- મહેશ વી. વ્યાસ**
૮૪, દેવર્ષિ બંગ્લોઝ, આકેસણ ફાટકની પાસે,
મું.પો.પાલનપુર-૩૮૫૦૦૧.

### જાગૃત દક્ષિણ કોરિયા

દેશ અને દેશની પ્રજા કેવી જાગૃત, સચેત અને લોકશાહીપ્રેમી હોવી જોઈએ તેનું ઉમદા અને અનુકરણીય ઉદાહરણ તાજેતરમાં દક્ષિણ કોરિયાએ વિશ્વને આપેલ છે, જેના માટે દ. કોરિયાના જાગૃત નાગરિકો અને વિપક્ષો માત્ર અભિનંદનને પાત્ર જ નથી પણ નમનને પાત્ર ગણી શકાય.

દક્ષિણ કોરિયાના પ્રમુખ શ્રી યુન સુક એમોલે દેશમાં માર્શલ લો (લશ્કરી કાયદો) જાહેર કર્યા પછી માત્ર ૬ કલાકમાં જ પાછો ખેંચી લેવો પડ્યો. દક્ષિણ કોરિયાના પ્રમુખે દેશના વિપક્ષો પર ઉત્તર કોરિયાના ઈશારે નાચી રહ્યા છે તેથી દેશમાં માર્શલ લો લાગુ કરવો પડે તેમ છે. આની સામે સંસદમાં ત્વરિત ઉગ્ર વિરોધ થતા અને પ્રમુખ જો માર્શલ લો પાછો ન ખેંચે તો તેઓની ઉપર મહાભિયોગ લાવવા ૩૦૦ સભ્યોની સંસદમાં ૧૯૦ સાંસદોએ તેની તરફેણમાં ત્વરિત મતદાન કર્યું હતું અને ૧૧૦ સંસદોએ વિરુદ્ધમાં મતદાન કર્યું હતું. જેના પરિણામે દેશમાંથી માર્શલ લો ત્વરિત હટાવી લેવામાં આવેલ હતો જેના માટે દેશની પ્રજાની તેમ જ વિપક્ષોની જાગૃતિ અને સંગઠિતતા કારણભૂત બનેલ છે.

**- પ્રવીણ રાઠોડ-**
૧૯/૨૧૭, આકાશગંગા એપાર્ટમેન્ટ સોબા હાઉસિંગ,

પત્ર મિત્રોને ખાસ સૂચના પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઈ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ–મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો.
E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ–મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. – તંત્રી

# પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માને ‘આપ’માં મતભેદ હોવાનું નકાર્યું

નવી દિલ્હીઃ પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માને ‘આપ’માં મતભેદ હોવાનું મંગળવારે નકાર્યું હતું. પક્ષપલટો એ કૉંગ્રેસની સંસ્કૃતિ છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે ‘આપ’ના નેતાઓ પક્ષને સમર્પિત રહે છે.

પક્ષપલટો કૉંગ્રેસની સંસ્કૃતિ છે. એ લોકો બીજાની વાતો કરે છે, પરંતુ પોતે શું કરી રહ્યા છે તેની ચિંતા નથી કરતા એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે હું પ્રતાપસિંહ બાજવાને સવાલ કરવા માગું છું કે દિલ્હીમાં તેમના કેટલા વિધાનસભ્ય છે?

‘આપ’ના ૩૦ કરતાં પણ વધુ વિધાનસભ્ય અમારા સંપર્કમાં છે એ પ્રકારના પંજાબ કૉંગ્રેસના નેતા બાજવાએ કરેલા દાવા બાદ ભગવંત માને ઉપરોક્ત નિવેદન કર્યું હતું. બાજવાએ અમારા વિધાનસભ્ય ગણવાને બદલે દિલ્હીમાં કૉંગ્રેસના કેટલા વિધાનસભ્ય છે તેનાં તરફ ધ્યાન આપવું જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

‘આપ’ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે પંજાબના પ્રધાનો અને વિધાનસભ્યો સાથે દિલ્હીસ્થિત કપૂરથલા હાઉસ ખાતે બેઠક યોજ્યા બાદ ભગવંત માન પત્રકારો સાથે વાતચીત કરી રહ્યા હતા.

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ‘આપ’ને મળેલા પરાજયને પગલે પંજાબ એકમમાં અસ્થિરતા સર્જાઈ હોવાની વહેતી થયેલી અટકળોને પગલે આ બેઠક યોજવામાં આવી હતી.

‘આપ’ના પંજાબ એકમમાં એકતા હોવાનું ભારપૂર્વક જણાવતાં ભગવંત માને કહ્યું હતું કે બાજવા અગાઉ પણ દાવો કરતા હતા કે ‘આપ’ના ૨૦થી ૪૦ વિધાનસભ્યો અમારા સંપર્કમાં છે. તેમને એમ કહેવા દો. અમે મહેનત કરીને લોહી અને પરસેવો વહાવીને આ પાર્ટી ઊભી કરી છે. અમે રાજ્યનાં શહેર, નગર, ગામડાંઓમાં લોકોની વચ્ચે રહીને કામ કરી રહ્યા છીએ, એમ તેમણે કહ્યું હતું.

અમારા કામને લીધે જ દિલ્હીના લોકો હજુ પણ અમને પ્રેમ કરી રહ્યા છે અને ભવિષ્યમાં પણ અમે દિલ્હીવાસીઓનાં હિતોનું રક્ષણ કરવા કામ કરતા રહીશું, એમ તેમણે કહ્યું હતું.

પંજાબમાં કાયદા અને વ્યવસ્થાની સ્થિતિ અન્ય રાજ્યોની સરખામણીએ વધુ સારી હોવાનું તેમણે કહ્યું હતું.

દરમિયાન, ભાજપે ‘આપ’ પર એમ કહીને પ્રહાર કર્યો હતો કે કેજરીવાલ સત્તા વિના રહી શકે એમ ન હોવાને કારણે હવે તેઓ પંજાબના મુખ્ય પ્રધાન બનવા માગે છે અને એટલા માટે જ તેમણે પંજાબના પ્રધાનો અને વિધાનસભ્યોની આ બેઠક બોલાવી હતી. (એજન્સી)

# ઓપનએઆઇ ખરીદવાની ઇલોન મસ્કના ગ્રૂપની ઑફર ઠુકરાવાઇ

લોસ એન્જેલસઃ ઇલોન મસ્કના નેતૃત્વ હેઠળના રોકાણકારોના એક ગ્રૂપે ઓપનએઆઇ ૯૭.૪ અબજ ડૉલરમાં ખરીદવા કરેલી ઑફરને નકારવામાં આવી હતી. ઇલોન મસ્કે કૃત્રિમ બુદ્ધિમત્તા (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) ક્ષેત્રે કામ કરતી આ કંપનીને ઊભી કરવામાં (સ્થાપવામાં) સહાય કરી હતી, પણ હવે તેની સામે કાનૂની લડાઇ શરૂ થવાની શક્યતા છે.

ઇલોન મસ્કના એટર્ની માર્ક ટોબેરોફે જણાવ્યું હતું કે ઇલોન મસ્ક અને તેમની માલિકીની એઆઇ સ્ટાર્ટઅપ, એક્સએઆઇ તેમ જ રોકાણકારોની કંપનીઓનું એક ગ્રૂપ ચેટજીપીટી તૈયાર કરનારી કંપની ઓપનએઆઇ પર પોતાનું નિયંત્રણ ઇચ્છે છે અને તેને નફો નહિ કરતી (નોનપ્રોફિટ) રિસર્ચ લેબ તરીકેના મૂળ ધર્માદા અભિયાનનો એક ભાગ બનાવવા માગે છે. દરમિયાન, ઓપનએઆઇના સીઇઓ સેમ એલ્ટમેને ઇલોન મસ્કના સોશિયલ પ્લેટફોર્મ ‘એક્સ’ પર આ સંભવિત સોદાને નકારતા લખ્યું હતું કે અમારે અમારી કંપની નથી વેચવી. તમારી ઑફર બદલ આભાર, પણ જો તમે ટ્વિટર વેચવા માગતા હો તો તે અમે ૯.૭૪ અબજ ડૉલરમાં ખરીદવા તૈયાર છીએ. (એજન્સી)

# ઓસ્ટ્રેલિયાને રાહત આપી શકે છે ડોનલ્ડ ટ્રમ્પઃ સ્ટીલ અને એલ્યુમિનિયમ ટેરિફમાં છૂટ પર કરશે વિચાર

મેલબોર્નઃ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે તે મંગળવારે ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાન સાથે ટેલિફોન પર વાતચીત કર્યા બાદ ઓસ્ટ્રેલિયાના સ્ટીલ અને એલ્યુમિનિયમની આયાત પર ટેરિફ છૂટ આપવા પર વિચાર કરવા સંમત થયા છે. સ્ટીલ અને એલ્યુમિનિયમની આયાત પર ટેરિફની જાહેરાત કરતા પહેલા ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાન એન્થોની અલ્બેનીઝે સોમવારે ટ્રમ્પ સાથે ફોન પર વાત કરી હતી અને છૂટની માગ કરી હતી.

ટ્રમ્પે કહ્યું કે ઓસ્ટ્રેલિયા સાથે અમેરિકાનો વેપાર સરપ્લસ એક કારણોમાંનો એક છે જેના કારણે તેઓ ટેરિફ છૂટ પર વિચાર કરી રહ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપતિએ ઓસ્ટ્રેલિયા સાથે વ્યાપાર અંગે ઓવલ ઓફિસમાં પત્રકારોને કહ્યું હતું કે તે (ઓસ્ટ્રેલિયા) એવા થોડા દેશોમાંના એક છે જેમની સાથે આપણો બિઝનેસ સરપ્લસ છે. મે અલ્બેનીઝને કહ્યું હતું કે આ એક એવી બાબત છે જેના પર આપણે ગંભીરતાથી વિચાર કરીશું.

ટ્રમ્પે સ્ટીલ પર ૨૦૧૮ના ટેરિફમાંથી અપવાદો અને છૂટ દૂર કર્યા પછી આ ટિપ્પણી કરી હતી, જેનો અર્થ એ થયો કે તમામ સ્ટીલ આયાત પર ઓછામાં ઓછા પચીસ ટકા કર લાદવામાં આવશે. ૨૦૧૮ના ૧૦ ટકા એલ્યુમિનિયમ ડ્યુટી પણ વધારીને ૨૫ ટકા કરવામાં આવી છે.

અગાઉ, અલ્બેનીઝે કેનબેરામાં પત્રકારોને જણાવ્યું હતું કે તેમણે છૂટ માટે ઓસ્ટ્રેલિયા તરફથી પક્ષ રાખ્યો હતો અને બંને નેતાઓ જાહેરમાં નિર્ણય જાહેર કરવા સંમત થયા છે, જેનો અર્થ એ છે કે અમેરિકાના રાષ્ટ્રપતિ એ વાત પર સહમત થયા હતા કે આપણા બંન્ને દેશોના હિતમાં છૂટ પર વિચાર કરવામાં આવી રહ્યો છે. ટ્રમ્પના પહેલા કાર્યકાળ દરમિયાન ઓસ્ટ્રેલિયાને પણ આવી છૂટ મળી હતી.

અલ્બેનીઝે મંગળવારે પૂર્વ રાષ્ટ્રપતિ બાઇડન સરકાર સાથે અમેરિકા અને બ્રિટન સાથે થયેલા ‘ઓકસ’ કરાર વિશે પણ વાત કરી, જે હેઠળ ઓસ્ટ્રેલિયા અમેરિકન પરમાણુ ટેકનોલોજીથી ચાલતી સબમરીનનો કાફલો હસ્તગત કરશે. ‘‘અમારા સ્ટીલ અને એલ્યુમિનિયમ બંને યુએસ–ઓસ્ટ્રેલિયા સંરક્ષણ ઉદ્યોગો માટે મહત્ત્વપૂર્ણ કાચો માલ છે,’’ ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાને કહ્યું. ‘ઓકસ’... ઓસ્ટ્રેલિયા, બ્રિટન અને અમેરિકા વચ્ચેનો ત્રિપક્ષીય સુરક્ષા કરાર છે.

# મણિપુરમાં સુરક્ષાદળોને મળી મોટી સફળતા, નવ ઉગ્રવાદીઓની ધરપકડઃ અનેક હથિયારો જપ્ત

ઇમ્ફાલઃ સુરક્ષા દળોએ મણિપુરના ઇમ્ફાલ પશ્ચિમ અને તેંગનૌપાલ જિલ્લામાંથી નવ ઉગ્રવાદીઓની ધરપકડ કરી હતી. પોલીસે મંગળવારે આ માહિતી આપી હતી. પોલીસે જણાવ્યું હતું કે સોમવારે ઇમ્ફાલ પશ્ચિમ જિલ્લાના રૂપમહાલ ટેન્ક વિસ્તારમાંથી પ્રતિબંધિત સંગઠન કાંગલીપાક કમ્યુનિસ્ટ પાર્ટીના બે ઉગ્રવાદીઓની ધરપકડ કરવામાં આવી હતી. તેઓ રૂપમહલ ટેન્ક વિસ્તારમાં ખંડણી ઉઘરાવવાના ગુનામાં સામેલ હતા.

અન્ય એક કાર્યવાહીમાં સુરક્ષા દળોએ પ્રતિબંધિત સંગઠન યુનાઇટેડ નેશનલ લિબરેશન ફ્રન્ટ (કોઇરેંગ) અને પીઆરઇપીએકેના બે ઉગ્રવાદીઓની રવિવારે તેંગનૌપાલ જિલ્લામાંથી ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે મંગળવારે જણાવ્યું હતું કે સુરક્ષા દળોએ તેંગનૌપાલ જિલ્લાના એલ મિનૌ રિઝલાઇનથી પ્રતિબંધિત જૂથ કેસીપી (તાઇબંગાંબા)ના પાંચ સભ્યોની પણ ધરપકડ કરાઇ હતી.

સુરક્ષા દળોએ રવિવારે જે પાંચ ઉગ્રવાદીઓની ધરપકડ કરી હતી તેમની પાસેથી એક એમએલજી, એક એસએલઆર, બે આઇએનએસએએસ રાઇફલ અને એક એકે-૪૭ રાઇફલ સાથે ૧૪ મેગઝિન, દારૂગોળો અને અન્ય વસ્તુઓ જપ્ત કરી હતી. રવિવારે પોલીસે ચુરાચાંદપુર જિલ્લાના કાંવપુઈ વિસ્તારમાંથી હથિયારોની દાણચોરીના આરોપમાં એક વ્યક્તિની ધરપકડ કરી હતી.

પહેલા પાનાનું ચાલુ

### સેન્સેક્સમાં

૧૦૧૮.૨૦ પોઇન્ટના કડાકા સાથે ૭૬,૨૯૩.૬૦ પોઇન્ટની સપાટીએ, જ્યારે એનએસઇનો નિફ્ટી ૩૦૯.૮૦ પોઇન્ટના કડાકા સાથે ૨૩,૦૭૧.૮૦ની સપાટીએ સ્થિર થયો હતો.

અમેરિકાએ શરૂ કરેલી ટેરિફ વોરમાં યુરોપિયન સંઘે ઝંપલાવ્યું હોવાથી વૈશ્વિક ઇક્વિટી બજારમાં મંદીનો માહોલ જામ્યો છે. સત્ર દરમિયાન ખાસ કરીને બેંકિંગ, ઓટો, મેટલ અને આઇટી શેરોમાં વેચવાલીનું જબરું દબાણ હતું. નબળી કોર્પોરેટ કમાણી અને અમેરિકાની વેપાર નીતિ અંગેની ચિંતાઓને કારણે રોકાણકારોના સેન્ટિમેન્ટમાં ખાંચરો પડ્યો છે.

બજારને નીચી સપાટીએ ધકેલનારાં મુખ્ય પરિબળોમાં યુએસ ટ્રેડ પોલિસી, કોર્પોરેટ સેકટરનાં નબળાં પરિણામ અને વિદેશી રોકાણકારોની એકધારી વેચવાલીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત યુએસ પ્રેસિડેન્ટ ટ્રમ્પ દ્વારા સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ટેરિફમાં પચીસ ટકાનો વધારો, ફેડરલ ચેરમેન પોવેલની ટેસ્ટીમની પહેલાંનો ઉચાટ અને યુએસ બોન્ડ યીલ્ડનો વધારો બજારને નીચે ધકેલવામાં મદદ કરે છે.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સ્ટીલ અને એલ્યુમિનિયમની આયાત પર ટેરિફ લાગુ કરવા સાથે દરેક દેશ સામે રેસિપ્રોકલ ટેરિફ લાદવાની જાહેરાત કરી છે ત્યારથી ટેરિફ વોરનો ગભરાટ પેઠો છે અને હવે તો યુરોપિયન સંઘે પણ વળતાં પગલાં લેવાની ચીમકી ઉચ્ચારી હોવાથી ટેરિફ વોર વધુ વકરવાની સંભાવના છે.

યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા તમામ દેશો પર પારસ્પારિક ટેરિફ લાદવાની જાહેરાતને પગલે ગ્લોબલ ઇક્વિટી માર્કેટના સેન્ટિમેન્ટને ફટકો લાગ્યો છે. નિષ્ણાતો અનુસાર વ્યાપક બજારમાં વેલ્યૂએશન્સ હજુ ઊંચા છે.

બજારને જીડીપીની વૃદ્ધિ અને અર્નિંગ રિબાઉન્ડના સંકેતો જેવા મૂળભૂત ટ્રિગર્સની જરૂર છે. રોકાણકારોની નજર આ સપ્તાહે વૈશ્વિક બજારના વલણો અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ટ્રેડિંગ પ્રવૃત્તિ ઉપરાંત ઇન્ફ્લેશન ડેટા સહિતના મેક્રો ઇકોનોમિક ડેટા પર રહેશે. ચાલુ ત્રિમાસિક કમાણીની જાહેરાતો અને ફોરેક્સ ટ્રેન્ડ પણ બજારને પ્રભાવિત કરશે.

### ૨૦૨૩–૨૪માં

કે ૫.૫૭ કરોડ લોકોનાં રિટર્નમાં દર્શાવેલ આવકની કરપાત્રતા શૂન્ય છે. રાજ્યમાં ૨૦૧૯-૨૦માં રિટર્ન ફાઇલ કરનાર ૬૪.૭૩ લાખ હતા, ૨૦૨૪-૨૫માં તેમાં ૧૬ ટકા વધારો થયો છે. દેશના મોટાં રાજ્યોમાં ગુજરાતમાં સૌથી વધુ ૭૬.૯૩ ટકા રિટર્નમાં ટેક્સપાત્ર આવક શૂન્ય છે.

ઉત્તર-પૂર્વનાં રાજ્યોને બાદ કરતાં પંજાબમાં ૭૭.૦૭ ટકા રિટર્નમાં ટેક્સ શૂન્ય છે. સૌથી વધુ મહારાષ્ટ્રમાં ૭૯ લાખ રિટર્નમાં ટેક્સ શૂન્ય છે. દેશમાં લક્ષદ્વીપ સિવાય એક પણ રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશ એવો નથી કે જ્યાં ૫૦ ટકાથી ઓછાં ઇન્કમટેક્સ રિટર્નમાં ટેક્સ શૂન્ય હોય.

લોકસભામાં કેન્દ્ર સરકારે અન્ય જવાબમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં ૨૦૨૩-૨૪માં ઇન્કમટેક્સ રિટર્ન ફાઇલ કરનારમાં ૨૨.૫૦ લાખ મહિલાઓ હતી. ૨૦૧૯માં રાજ્યમાં રિટર્ન ફાઇલ કરનાર મહિલા ૧૮.૦૮ લાખ હતી, જેમાં ૨૪ ટકાનો વધારો થયો છે. રાજ્યમાં વ્યક્તિગત આવકવેરો ભરનારમાંથી ૧૪ ટકા મહિલાઓ હતી. દેશમાં ૨૦૨૩-૨૪માં ૨.૨૯ કરોડ મહિલાઓએ ઇન્કમટેક્સ રિટર્ન ફાઇલ કર્યું હતું.

### બસ ખીણમાં

ઊંડી ખીણમાં ખાબકી હતી. આ ઘટનામાં અન્ય લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. બસ પ્રોગ્રેસો તરફથી આવી રહી હતી. એક અધિકારીએ જણાવ્યું કે પીડિતોમાં બાળકો પણ સામેલ છે. રાષ્ટ્રપતિ બર્નાર્ડો એરેવાલોએ આ ઘટના પર શોક વ્યક્ત કર્યો હતો અને એક દિવસના રાષ્ટ્રીય શોકની જાહેરાત કરી હતી.

## રાજકોટ મનપાનું ₹ ૩૧૧૮ કરોડનું બજેટ સ્ટે. કમિટીમાં મંજૂરઃ કમિશનરનું ફાયર ટેક્સનું સૂચન ફગાવાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ મહાનગરપાલિકાનું વર્ષ ૨૦૨૫-૨૬નું રૂ. ૩૧૧૮.૨૮ કરોડનું બજેટ સ્ટેન્ડિંગ કમિટીએ મંજૂર કર્યું હતું. કમિશનર તરફથી ડ્રાફ્ટ બજેટમાં કરદરમાં સૂચવાયેલો રૂ. ૧૫૦ કરોડનો વધારો કમિટીએ ફગાવી દીધો હતો અને બજેટમાં ૬ કરોડનો વધારો કરી કુલ નવી ૨૦ યોજનાઓ ઉમેરવામાં પણ આવી હતી. ગુજરાતમાં સૌ પ્રથમ રાજકોટ મનપામાં કમિશનરે ફાયર ટેક્સનું સૂચન કર્યું હતું. પરંતુ, તે પણ સ્ટેન્ડિંગ કમિટીએ ફગાવી દીધો હતો

રાજકોટ મનપા કમિશનર દ્વારા રજૂ કરાયેલા ડ્રાફ્ટ બજેટમાં આ વખતે જંગી વધારો ઝીકવામાં આવ્યો હતો. મકાનવેરામાં રહેણાક મિલકતોમાં પ્રતિ ચોરસ મીટરમાં ૪ રૂપિયાનો વધારો કરી ૧૧ ના બદલે ૧૫ રૂપિયા કરવા સૂચન કરાયું હતું. જ્યારે બિન રહેણાક મિલકતોમાં પ્રતિ ચોરસ મીટરમાં ૫ રૂપિયાનો વધારો કરી ૨૫ના બદલે ૩૦ રૂપિયા કરવા સૂચન કરાયું હતું. જે વધારો સ્ટેન્ડિંગ કમિટીએ રદ કરી જૂનો દર યથાવત્ રાખ્યો હતો.

રાજકોટમાં ફાયર ટેક્સ વસુલવાની શરૂઆત કરવા સૂચન કરાયું હતું. જેમાં રહેણાંક મિલ્કતો માટે પ્રતિ ચોરસ મીટર ૧૫ રૂપયા તથા બિન રહેણાંક માટે પ્રતિ ચોરસ મીટર ૨૫ રૂપિયા વસૂલવા સૂચન કરાયું હતું. જે પણ સ્ટેન્ડિંગ કમિટી દ્વારા ફગાવી દેવામાં આવ્યો હતું.

રાજય સરકારના સહયોગથી રૂ.૧૬૭.૨૫ કરોડના ખર્ચે કાલાવડ રોડ, કટારિયા ચોકડી પર રાજકોટના પ્રથમ આધુનિક બ્રિજની કામગીરી હાથ ધરવામાં આવી છે. વર્ષ ૨૦૨૫ - ૨૬માં વોર્ડ નં.૧ માં રૈયા રોડ પર સ્માર્ટ સિટીને જોડતા રસ્તા પર રૂ. ૧૫.૧૯ કરોડનાં ખર્ચે ફોર લેન બ્રિજની કામગીરી ટૂંક સમયમાં હાથ ધરવામાં આવનાર છે.

વર્ષ ૨૦૨૫-૨૬માં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના સર્વાંગી વિકાસ માટે રસ્તાના મૂળભૂત માળખાકીય કામો માટે સેન્ટ્રલ ઝોન, વેસ્ટ ઝોન તથા ઇસ્ટ ઝોનના જુદા-જુદા વિસ્તારોમાં મેટલિંગ રસ્તા, કાર્પેટ, રીકાર્પેટ, ડિઝાઈન રસ્તા, સિમેન્ટ કોંક્રિટ રસ્તા, માટે સ્વર્ણિમ જયંતી મુખ્યપ્રધાન શહેરી વિકાસ યોજનામાંથી બજેટ જોગવાઈ રાખવામાં આવી હતી.

## ગુજરાત ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર પૉલિસી લોન્ચઃ ૧૦ હજાર કરોડનું રોકાણ અને ૫૦,૦૦૦ નવી નોકરીનું સર્જન થશે

અમદાવાદઃ ગુજરાત ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર પૉલિસી (૨૦૨૫-૩૦)નું ગાંધીનગરના ગિફ્ટ સિટી ખાતેથી મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે લોન્ચિંગ કર્યું હતું. ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી દ્વારા આ જીસીસી પૉલિસી રાજ્યમાં હાઈ વેલ્યુ જોબ અને સ્કિલ ડેવલપમેન્ટ તેમ જ ઈનોવેશન અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશનને પ્રોત્સાહન આપવા સાથે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસેલિટીઝ અને કનેક્ટિવિટીમાં વધારો કરીને તેમ જ આર્થિક વૃદ્ધિ અને વૈશ્વિક સ્પર્ધાત્મક્તા જાળવી રાખીને ગુજરાતને પસંદગીનું જીસીસી હબ તરીકે સ્થાપિત કરવા તૈયાર કરવામાં આવ્યું છે.

મુખ્ય પ્રધાને ૨૦૨૫થી ૩૦ના પાંચ વર્ષ માટે નવી ગુજરાત ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર પૉલિસીની જાહેરાત કરી હતી. આ પૉલિસીમાં નવા કેપેબિલિટી સેન્ટર્સ માટે રોજગાર સહાય, વ્યાજ સહાય, ઇલેક્ટ્રીસિટી રીએમ્બર્સમેન્ટ સહિત વિવિધ પ્રોત્સાહનો પણ આપવામાં આવ્યા છે. આ પૉલિસીને પરિણામે રાજ્યમાં હવે ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ શરૂ કરવા માટેનો માર્ગ મોકળો થયો છે.

ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, ઇનોવેશન અને બિઝનેસ રિઝિલીઅન્સને મજબૂત બનાવવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવે છે તેનો ઉલ્લેખ કરતાં મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે, શરૂઆતમાં કોસ્ટ સેવિંગ યુનિટ તરીકે બનાવવામાં આવેલા જીસીસી હવે સ્ટ્રેટેજીક ઇનોવેશન હબ બની ગયા છે અને ટેકનોલોજી, ફાઇનાન્સ, એનાલિટિક્સ એન્જીનિયરિંગ અને આર એન્ડ ડી જેવા વિવિધ ક્ષેત્રોમાં સેવાઓ પૂરી પાડે છે. આ ગુજરાત ગ્લોબલ કેપેબિલિટી સેંટર પૉલિસીનું વિઝન ઇનોવેશનને પ્રોત્સાહન આપવા સાથે વિશ્વસ્તરીય પરિસ્થિતિનું નિર્માણ કરીને ગુજરાતને જીસીસી માટેનું અગ્રણી સ્થાન બનાવવાનું છે

### ગુજરાત ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર પૉલિસીની મુખ્ય વિશેષતાઓ નીચે પ્રમાણે છે

* પૉલિસી અંતર્ગત ગુજરાતમાં ઓછામાં ઓછા ૨૫૦ નવા જીસીસી યુનિટ્સ સ્થાપવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આનાથી રાજ્યમાં ૫૦,૦૦૦થી વધુ નવી નોકરીઓ ઊભી થશે.
* જીસીસી પૉલિસીને પરિણામે રાજ્યમાં રૂ. ૧૦,૦૦૦ કરોડથી વધુનું રોકાણ પણ થશે.
* પૉલિસી રૂ.૨૫૦ કરોડથી ઓછા જીએફસીઆઈ ધરાવતા એકમો માટે રૂ.૫૦ કરોડ સુધીની અને રૂ.૨૫૦ કરોડથી વધુ જીએફસીઆઈ ધરાવતા એકમો માટે રૂ.૨૦૦ કરોડ સુધીની કેપેક્સ સહાય પૂરી પાડશે.
* પૉલિસી રૂ.૨૫૦ કરોડથી ઓછા જીએફસીઆઈ ધરાવતા એકમો માટે રૂ.૨૦ કરોડ સુધીની અને રૂ.૨૫૦ કરોડથી વધુ જીએફસીઆઈ ધરાવતા એકમો માટે રૂ.૪૦ કરોડ સુધીની ઓપેક્સ સહાય પૂરી પાડશે.
* જીસીસી પૉલિસી અંતર્ગત રોજગાર સર્જન માટે વિશેષ પ્રોત્સાહનો પણ આપવામાં આવશે, જેમાં નવા સ્થાનિક કર્મચારીઓને ભરતી કરીને તેમને ઓછામાં ઓછા એક વર્ષ સુધી જાળવી રાખવા માટે એક વખતની સહાય આપવામાં આવશે, તે એક મહિનાના સીટીસીના ૫૦ ટકા જેટલી હશે. તેમાં પુરુષ કર્મચારીઓ માટે રૂ. ૫૦,૦૦૦ અને મહિલા કર્મચારીઓ માટે રૂ. ૬૦,૦૦૦ સુધીની સહાયનો સમાવેશ કરવામાં આવ્યો છે.
* સ્પેશિયલ ઇન્સેટિવ પોલિસી હેઠળ, ટર્મ લોન પર ૭ ટકા વ્યાજ સબસિડીરૂપે સહાય આપવામાં આવશે જે મહત્તમ રૂ. ૧ કરોડની મર્યાદામાં રહેશે.
* આત્મનિર્ભર ગુજરાત રોજગાર સહાય યોજના,કર્મચારીના પ્રોવિડન્ટ ફંડ હેઠળ એમ્પ્લોયરના કાયદાકીય યોગદાન અંગે વળતર આપશે,જેમાં મહિલા કર્મચારીઓ માટે ૧૦૦ ટકા અને પુરુષ કર્મચારીઓ માટે ૭૫ ટકા સુધીની સહાયનો સમાવેશ કરવામાં આવ્યો છે.
* ગુજરાત સરકારને ચૂકવવામાં આવેલ ઈલેક્ટ્રીસિટી ડ્યૂટીની સંપૂર્ણ રકમ પણ પરત કરવામાં આવશે.
* જીસીસી પૉલિસી સ્થાનિક પ્રતિભા અને વર્કિંગ પ્રોફેશનલ્સના કૌશલ્ય વધારવાનો પણ હેતુ ધરાવે છે જેમાં વર્કિંગ પ્રોફેશનલ્સ માટે અભ્યાસક્રમ ફીના ૫૦ ટકા સુધી અને અંડરગ્રેજ્યુએટ/ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ માટે અભ્યાસક્રમ ફીના ૭૫ ટકા સુધીના પૉલિસી ઈન્સેન્ટીવ્સનો સમાવેશ થાય છે.
* એલિજિબલ યુનિટ્સને ક્વોલિટી સર્ટિફિકેશન માટે સહાય મળશે, જેમાં રૂ.૧૦ લાખની મર્યાદામાં ક્વોલિટી સર્ટિફિકેશન ફીના ૮૦ ટકા સુધીનો ખર્ચ આવરી લેવામાં આવ્યો છે.

## મહાકુંભ પ્રયાગરાજ માટે ૧૫ થી ૨૮ ફેબ્રુઆરી વચ્ચે વધુ ત્રણ ફ્લાઈટ ઉડાન ભરશે

અમદાવાદઃ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં જવા માટે શ્રદ્ધાળુઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે, જેના પગલે બસો અને ટ્રેનોમાં ભારે ભીડ જોવા મળી રહી છે. આ દરમિયાન અમદાવાદથી મહાકુંભ પ્રયાગરાજ જવા ઇચ્છુક યાત્રીઓ માટે ૧૫ થી ૨૮ ફેબ્રુઆરી વચ્ચે એડિશનલ ત્રણ ફ્લાઈટ ઓપરેટ કરવામાં આવશે. મહાકુંભ યાત્રા માટે શ્રદ્ધાળુઓની સગવડને ધ્યાનમાં રાખીને, ઇન્ડિગોએ અમદાવાદથી પ્રયાગરાજ માટે ૧૫ થી ૨૮ ફેબ્રુઆરી વચ્ચે એડિશનલ ત્રણ ફ્લાઈટ ઓપરેટ કરવાનો નિર્ણય કર્યો હતો. પ્રયાગરાજનું રિટર્ન ભાડું ૬૦ હજાર સુધી પહોંચ્યું છે, પરંતુ આ નવી ફ્લાઈટ્સના કારણે ભાડામાં ઘટાડો થઈ શકે છે, જેથી શ્રદ્ધાળુઓને ફાયદો મળશે.એક ફ્લાઈટ ૧૬ થી ૨૮ ફેબ્રુઆરી વચ્ચે ૮.૫૦ વાગ્યે ઉપડશે અને ૯.૫૦ વાગ્યે પહોંચશે. બીજી ફ્લાઈટ ૨૪, ૨૫, ૨૭ અને ૨૮ ફેબ્રુઆરી વચ્ચે ૧૧.૨૦ વાગ્યે ઉપડશે અને ૧૩.૧૦ વાગ્યે પહોંચશે.

## આજે ભારત-ઇંગ્લેન્ડ વચ્ચે વન-ડે મેચઃ અમદાવાદમાં રાત્રે ૧૨ વાગ્યા સુધી મેટ્રો રેલ સેવા ચાલુ રહેશે

અમદાવાદઃ શહેરમાં આવેલા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે વન-ડે ક્રિકેટ મેચ યોજાવાની છે. આગામી એક દિવસીય ક્રિકેટ મેચને ધ્યાનમાં રાખીને જીએમઆરસીએ મેચના દિવસે અમદાવાદમાં મેટ્રો ટ્રેન સેવાઓને મધ્યરાત્રિના ૧૨ વાગ્યા સુધી લંબાવવાનો નિર્ણય કર્યો હતો. તા. ૧૨ ફેબ્રુઆરીના રોજ, અમદાવાદમાં (મોટેરાથી એપીએમસી અને થલતેજ ગામથી વસ્ત્રાલ ગામ સુધી) મેટ્રો ટ્રેન દર ૮ મિનિટે ઉપલબ્ધ રહેશે. રાત્રિના ૧૦ વાગ્યાથી મધ્યરાત્રિના ૧૨ વાગ્યા સુધીના લંબાયેલ સમય દરમ્યાન માત્ર મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશન પરથી મેટ્રોમાં બેસી શકાશે અને ત્યાંથી અમદાવાદના કોઈ પણ મેટ્રો સ્ટેશન પર જઈ શકાશે. મોટેરા સ્ટેશનથી છેલ્લી ટ્રેનનો ઉપડવાનો સમય મધ્યરાત્રિના ૧૨ વાગ્યાનો રહેશે. રાત્રિના ૧૦ વાગ્યા પછી મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશનમાં પ્રવેશ કરવા માટે માત્ર પેપર ટિકિટ લેવાની રહેશે કે જે આખા દિવસ દરમ્યાન નિરાંત ક્રોસ રોડ, એપેરલ પાર્ક, કાલુપુર, ઓલ્ડ હાઇ કોર્ટ, થલતેજ, મોટેરા, સાબરમતી, રાણીપ, વાડજ અને જીવરાજ મેટ્રો સ્ટેશનો પરથી તે દિવસે અગાઉથી ખરીદી શકાશે, જેથી પરત ફરતી વખતે મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન ખાતે ટિકિટ માટે લાઇનમાં ઊભા રહેવાનું ટાળી શકાય.

## કુટિર અને ગ્રામોદ્યોગ માટે લોનની રકમ આઠ લાખથી વધારીને ૨૫ લાખ થઈઃ સબસિડી ૧.૨૫ લાખથી વધીને ૩.૭૫ લાખ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે વાજપાઇ બેંકેબલ યોજના અંતર્ગત છેલ્લાં ત્રણ વર્ષમાં લગભગ ૭૪ હજાર કરતાં વધુ કુટિર, ગ્રામોદ્યોગ, હાથવણાટ અને હસ્તકળા ક્ષેત્ર સાથે સંકળાયેલા કારીગરોને લોન આપી છે, જેમાં કારીગરોને રૂ. ૬૩૪ કરોડની માતબર રકમની સબસિડી સહાયરૂપે આપવામાં આવી હતી.

રાજ્ય સરકાર દ્વારા અમલી આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩માં ૨૩,૬૫૯ લાભાર્થીઓને ૧૯૭.૫૩ કરોડ, વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૮,૦૪૯ લાભાર્થીઓને ૨૩૨.૭૪ કરોડ તેમજ વર્ષ ૨૦૨૪-૨૫માં જાન્યુઆરી માસ સુધીમાં ૨૩,૦૭૭ લાભાર્થીઓને ૨૦૪.૪૦ કરોડની એમ કુલ ૭૪ હજાર કરતાં વધુ લાભાર્થીઓને ૬૩૪ કરોડથી વધુ સબસીડી સહાયનો લાભ આપવામાં આવ્યો હતો. કુટિર અને ગ્રામોદ્યોગ નીતિ ૨૦૨૪ અંતર્ગત આગામી વર્ષ ૨૦૨૫-૨૬ માટે લોન રકમની મર્યાદા રૂ. ૮ લાખથી વધારીને રૂ.૨૫ લાખની કરવામાં આવી છે. જ્યારે મહત્તમ સબસીડીની મર્યાદા રૂ. ૧.૨૫ લાખથી વધારીને રૂ. ૩.૭૫ લાખ કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રી વાજપાઈ બેંકેબલ યોજના હેઠળ ગુજરાતના શહેરી અને ગ્રામીણ વિસ્તારોના બેરોજગાર યુવાન-યુવતીઓને સ્વરોજગારી પૂરી પાડવાના ઉમદા આશય સાથે રાજ્ય સરકાર દ્વારા કુટિર ઉદ્યોગના કારીગરોને રાષ્ટ્રીયકૃત, સહકારી, પબ્લિક સેક્ટર તેમજ ખાનગી બેંકો મારફતે નાણાકીય લોન-સહાય આપવામાં આવે છે.

વધુમાં ખોડખાંપણ ધરાવતા દિવ્યાંગ, પ્રજ્ઞાચક્ષુ યુવાન-યુવતીઓ પણ આ યોજનાનો લાભ લઈ શકે છે. રાજ્ય સરકાર દ્વારા કારીગરોને ઉદ્યોગ, સેવા તેમ જ વેપાર ક્ષેત્ર માટે હાલ મહત્તમ ૮ લાખ સુધીની લોન, જેમાં ૧.૨૫ લાખ જેટલી મહત્તમ સબસિડી પણ આપવામાં આવે છે.

## સુરતમાંથી બોગસ તબીબ ઝડપાયોઃ ૧૨ ધોરણ પાસ છેલ્લાં ચાર વર્ષથી પ્રેક્ટિસ કરતો હતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાંથી વધુ એક વખત બોગસ ડૉક્ટર ઝડપાયો હતો. સુરતમાં ઝોન-૧ એલસીબી શાખા દ્વારા લસકાણા ડાયમંડ નગર ઇન્ડસ્ટ્રીઝ પાસે દરોડો પાડવામાં આવ્યો હતો. જ્યાં કોઈપણ જાતની ડિગ્રી વગર ક્લિનિક ચલાવતા બોગસ ડોક્ટરને ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે દવાખાનામાંથી મેડિકલ સામાન તથા દવાનો જથ્થો મળી કુલ ૩૯ હજાર રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ, સુરત શહેરમાં ઝોન- ૧ એલસીબી શાખા દ્વારા લસકાણા વિસ્તારમાં ડાયમંડ નગર ઇન્ડસ્ટ્રીઝ વિભાગ એક પાસે શિવમ ક્લિનિકમાં દરોડો પાડયો હતો. ત્યાંથી પોલીસે કોઈપણ જાતની ડિગ્રી ધરાવતા ન હોય તેમ છતાં મેડિકલ પ્રેક્ટિસ કરતા બોગસ તબીબ કમલેશભાઈ રામદેવ રાય (ઉં.૪૦) ને ઝડપી પાડ્યો હતો. તે મૂળ બિહારનો વતની છે. પોલીસે દવાખાનામાંથી મેડિકલ સામાન તથા દવાનો જથ્થો મળી કુલ ૩૯,૦૭૬ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બનાવ અંગે ડીસીપી આલોક કુમારે જણાવ્યું હતું કે ઝોન- ૧ એલસીબી શાખા દ્વારા ડુપ્લિકેટ ડૉક્ટરનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો.

## આરોપીઓના વરઘોડા સામે ગુજરાત માનવ અધિકાર આયોગની લાલઆંખઃ સુરત સીપીને ૩૦ દિવસમાં રજૂ કરવા આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત પોલીસ દ્વારા આરોપીઓ રિકન્સ્ટ્રકશનના નામે જે વરઘોડો કાઢવામાં આવી રહ્યા છે, જો કે પોલીસની આ કાર્યવાહીની ગુજરાત માનવ અધિકાર આયોગે નોંધ લીધી છે. સુરતના એડવોકેટ આર.બી.મેંદપરા દ્વારા ગુજરાત માનવ અધિકાર આયોગમાં ફરિયાદ કરવામાં આવી હતી. જેના પગલે સુરત પોલીસ કમિશ્નરને ૩૦ દિવસમાં તપાસ અહેવાલ રજૂ કરવા આદેશ કરવામાં આવ્યો હતો.

એડવોકેટ આર. બી. મેંદપરાએ જણાવ્યું હતું કે હાલમાં પોલીસ અધિકારી દ્વારા કોઈ પણ વ્યક્તિ સામે એફઆરઆઈ દાખલ કરવામાં આવે એટલે તેનો જાહેરમાં વરઘોડો કાઢવાનો એક ક્રેઝ ચાલી રહ્યો છે, જેમાં કાયદામાં ક્યાંય વરઘોડો કાઢવાની જોગવાઈ નથી. કાયદાની કોઈ કલમમાં પણ ક્યાંય જણાવ્યું હતું નથી કે, પોલીસે વરઘોડો કાઢવો.

પોલીસ અધિકારી દ્વારા સત્તાનો જે પ્રકારે દુરુપયોગ થઈ રહ્યો છે, તેથી મેં ગુજરાત માનવ અધિકાર આયોગ સમક્ષ એક લેખિત ફરિયાદ ૧ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ કરી હતી, જે ફરિયાદના અનુસંધાને ગુજરાત માનવ અધિકાર દ્વારા ગંભીર નોંધ લેવાઈ છે અને આ ગંભીર મુદ્દા બાબતે યોગ્ય તપાસ કરી સુરત પોલીસ કમિશ્નરને ૩૦ દિવસમાં તપાસ અહેવાલ રજૂ કરવા હુકમ કરવામાં આવ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે રિકન્ટ્રકશન એ એક તપાસનો ભાગ છે એના માટે ન્યૂઝ મીડિયાવાળાની જરૂર રહેતી નથી, કે કાયદામાં પણ એવી કોઈ જોગવાઈ નથી કે ન્યૂઝ મીડિયા વાળા સાથે રિકન્ટ્રકશન કરવું, એટલે કે આરોપી સ્થળ પર જઈને રીકન્ટ્રકશન પંચનામું કરવામાં આવે છે એટલે એમાં રિકન્ટ્રકશન પંચનામું છે તેમાં પોલીસને અધિકાર છે કે તપાસ કરી શકે પણ ન્યૂઝ મીડિયાને લાવીને પબ્લિશ કરીને કરવાની કોઈ જોગવાઈ નથી. વરઘોડાનો શબ્દ કાયદામાં ક્યાંય છે જ નહી, અગાઉ પણ રિકન્ટ્રકશન થયા છે. ભૂતકાળમાં પણ ઘણા ગુના દાખલ થયા છે. ભૂતકાળમાં પણ ક્યાય વરઘોડા કાઢવાની સીસ્ટમ હતી જ ન હતી અને કાયદામાં પણ નથી.

વરઘોડા અંગે ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ બે મહિના પહેલાં ગાંધીનગરમાં પોલીસના યોજાયેલા એક કાર્યક્રમમાં કહ્યું હતું કે, ગુજરાતના ઘણા લોકોને વરઘોડાથી બહુ વાંધો છે. હમણાં ગુજરાત પોલીસે નક્કી કર્યું છે. રાજ્યના સામાન્ય નાગરિકોને જો ટપોરી દ્વારા કોઈ પ્રકારે હેરાન-પરેશાન કરાશે તો તેનો વરઘોડા તો જરૂરથી નીકળશે. આમતેમ દોડવાની ઘણી આદતો હોય, પરંતુ પોલીસ જોડે પાલો પડે તો ચાલવાની તો તકલીફ પડવી જ જોઈએ.

## ગુજરાતની તમામ આરોગ્ય સંસ્થાઓએ ૧૨ માર્ચ સુધી રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત, ૧૬,૬૯૮ સંસ્થાએ નોંધણી કરાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતની તમામ હૉસ્પિટલ સહિતની આરોગ્ય સેવાઓ આપતી સંસ્થાઓ અને ડાયગ્નોસ્ટિક લેબ માટે ધ ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ એક્ટ-૨૦૨૪ અંતર્ગત રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. જેના ભાગરૂપે જ રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ૧૨ માર્ચ ૨૦૨૫ સુધીમાં રાજ્યની તમામ હૉસ્પિટલોએ આ અધિનિયમ હેઠળ ફરજિયાત રજિસ્ટ્રેશન કરાવવાનું છે. રાજ્યમાં અત્યારસુધીમાં એટલે કે તા. ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૫ની સ્થિતિએ રાજ્યભરની ૧૬,૬૯૮ આરોગ્ય સંસ્થાઓએ કાયમી અથવા કામચલાઉ નોંધણી થઈ છે.

જે પૈકી ૧૪,૬૪૭ આરોગ્ય સંસ્થાઓએ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યું છે, જેમાં ૧,૮૮૨ સરકારી, ૫,૨૬૮ ખાનગી આરોગ્ય સંસ્થાઓનો સમાવેશ થાય છે. જેમાં ૧૨,૦૨૮ એલોપેથી, ૧,૬૨૨ આયુર્વેદિક તેમ જ ત્રણ હજારથી વધુ હોમિયોપેથી હોસ્પિટલ અને ક્લિનિકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ૫૬૬ ક્લિનિકલ લેબ, ૨૮૬ ઇમેર્જિંગ સેન્ટર, ૪૦ બ્લડ બેંક અને ૩૯ જેટલી યૂનાની સંસ્થાઓએ આ એક્ટ હેઠળ રજિસ્ટ્રેશન કરાવ્યું છે.ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ (રજિસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ તારીખ ૨૨-૫-૨૦૨૧ના રોજ ગેઝેટમાં પ્રકાશિત થયો હતો અને આ કાયદો તારીખ ૧૩-૯-૨૦૨૨ના રોજ સમગ્ર રાજ્યમાં અમલમાં આવેલ છે. ગુજરાત ક્લિનીકલ એસ્ટાબ્લિશમેન્ટ (રજિસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ, ૨૦૨૧ અંતર્ગત નિયમો અને નિયમન તારીખ ૧૩/૦૩/૨૦૨૪ ના રોજ ગેઝેટમાં પ્રસિદ્ધ થઇ અમલમાં આવ્યો હતો. આરોગ્ય ક્ષેત્રે સેવાઓ આપતી સંસ્થાઓએ કામચલાઉ/કાયમી ઓનલાઇન રજિસ્ટ્રેશન માટે જરૂરી પ્રમાણપત્રો લેવા ફરજિયાત છે.

## દેવ ગ્રૂપ પર આઈટીનો સપાટોઃ ૧૫૦ કરોડની બિનહિસાબી આવક, ત્રણ કિલો સોનું અને ૫૦ લાખના દાગીના મળ્યા, ૧૬ લોકર સીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આવકવેરા ખાતાના અધિકારીઓએ દેવ ગ્રૂપના અમદાવાદ, જામનગર, માળિયા અને મિયાણામાં આવેલા સ્થાનો પર દરોડા પાડ્યા હતા. ગત શુક્રવારથી જામનગરના દેવ ગ્રૂપના ૧૫ સ્થળ પર પાડેલા દરોડાના અંતિમ ચરણમાં દેવ ગ્રુપે ૧૫૦ કરોડના બિનહિસાબી વહેવારો કર્યા હોવાનું કબૂલ્યું હતું. આ દરોડામાં અત્યારસુધીમાં ૩.૫ કરોડની રોકડ મળી આવી છે. તેમજ ૨.૪૫ કરોડના મૂલ્યનું ૩ કિલો સોનું પણ પકડાયું છે. ૫૦ લાખ રોકડા અને ૫૦ લાખના દાગીના મળીને એક કરોડની મત્તા થોડા કલાકોમાં જ મળી આવી હતી. આવકવેરા અધિકારીઓ તેમના અંદાજે ૧૬ લોકર સીલ કર્યા છે. કંપનીએ કરેલા ૧૫૦ કરોડ સુધીના રોકાણની વિગતો પણ બહાર આવી છે.

દેવ ગ્રૂપની કંપની દેવ સોલ્ટ પ્રાઈવેટ લિમિટેડ, મૈત્રેયી ડેવલપર્સ, ડી.કે. એન્ટરપ્રાઈસ, અરિહંત અર્થમુવર્સ એન્ડ કોન્ટ્રાક્ટર્સ, વિમલ કીર્તિ કામદાર, વિવેક સોમાણી, રૂપલ કિરણ વ્યાસના ઘર અને ઑફિસને આવરી લેવામાં આવ્યા હતા. આ લખાય છે ત્યારે દરોડાની કાર્યવાહી ચાલુ જ છે. કેટલાક સ્થળોએ દરોડાની કાર્યવાહી સમેટી લેવામાં આવી છે. કંપનીએ તેના હિસાબોમાં અંદાજે ૨૫થી ૩૦ કરોડના ખોટા ખર્ચાઓ બતાવીને પણ આવકવેરાની ચોરી કરી હોવાના દસ્તાવેજો પુરાવાઓ દરોડા પાડનારા અધિકારીઓએ શોધી કાઢ્યા હતા.

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ટાણે પક્ષવિરોધી પ્રવૃત્તિ કરતા ૬૫ હોદ્દેદારોને ભાજપે સસ્પેન્ડ કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં આગામી ૧૬ તારીખે ૬૬ નગરપાલિકા, જૂનાગઢ મહાનગરપાલિકા અને ત્રણ તાલુકા પંચાયતની ચૂંટણી યોજાવાની છે. હવે ગુજરાતમાં ચૂંટણીને થોડા જ દિવસો બાકી રહ્યા હોવાથી પાલિકા-પંચાયતની ચૂંટણીમાં પ્રચાર ચાલી રહ્યો છે. જોકે કેટલાક કાર્યકરો ભાજપના મેન્ડેટ પરથી ચૂંટણી લડવાની માટે તૈયારી દર્શાવી છે. જો કે ઘણા કાર્યકરોને ટિકિટ ન મળતાં કેટલીય પાલિકા-પંચાયતમાં ભાજપના બળવાખોરોએ અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. તેમજ કૉંગ્રેસ અને આપનો સાથ કરી ચૂંટણીમાં ઝુકાવ્યું છે. આ જોતાં પરિસ્થિતિને પાલિકા-પંચાયતમાં ભાજપના ઉમેદવારોની સામે ભાજપના અસંતુષ્ટો ચૂંટણી મેદાને છે. કેટલાક કાર્યકરો જૂથબળના કારણે અન્ય જૂથોના સમર્થનમાં ચૂંટણી પ્રચાર કરતા હોવાથી આવા કાર્યકરો સામે ભાજપે લાલ આંખ કરી છે, ભાજપે કાર્યકરોને સસ્પેન્ડ કરવાની આકરી કાર્યવાહી હાથ ધરી છે. આ અંતર્ગત ભાજપે રાજ્યના વિવિધ જિલ્લામાં ભાજપે અંદાજે ૬૫ જેટલા કાર્યકરો સામે પગલાં લીધા અને કાર્યકરોને છ વર્ષ માટે પક્ષમાંથી સસ્પેન્ડ કર્યા હતા.

દાહોદમાં ભાજપના ૧૮ હોદ્દેદારોને છ વર્ષ માટે સસ્પેન્ડ કર્યા હતા. એ મુજબ ખેડા જિલ્લામાં ૩૪ નેતાઓને પક્ષમાંથી જાકારો આપીને ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. જૂનાગઢ પણ ભાજપના ૧૦ હોદ્દેદારોને પક્ષ વિરોધી પ્રવૃત્તિ બદલ ભાજપે જિલ્લા પ્રમુખે સસ્પેન્ડ કર્યા હતા. આણંદ જિલ્લામાંથી પણ ચાર કાર્યકરોને પક્ષમાંથી કાઢી મૂકવા આવ્યા હતા.

## રાજકોટમાં મોડી રાત્રે બેવડી હત્યા, છેડતીની આશંકાએ બે સગાભાઈઓને છરીના ઘા ઝીંકી દીધા

અમદાવાદઃ રાજકોટમાં સોમવારે મોડી રાત્રે બનેલી બેવડી હત્યાની ઘટનાએ ચકચાર મચી ગઈ હતી. શહેરના આર્યનગરમાં, એક જ ઘરમાં છેડતીની શંકામાં બે પરપ્રાંતીયોએ મૃતક પર આડેધડ છરીનો ઘા કર્યો હતો. નાના ભાઈનું ઈજાને કારણે ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે તેના મોટા ભાઈને ગંભીર હાલતમાં સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. જોકે, ટૂંકી સારવાર બાદ તેનું પણ મોત નીપજ્યું હતું, જેના કારણે આ ઘટના ડબલ હત્યામાં ફેરવાઈ ગઈ હતી. મૃતક યુવકની પત્નીની ફરિયાદના આધારે પોલીસે તપાસ શરૂ કરી છે અને હત્યા કરનાર અને ઘટનાસ્થળેથી ભાગી ગયેલા બે શખ્સોને પકડવા માટે શોધખોળ શરૂ કરી છે. શહેરના સંત કબીર રોડ નજીક આર્યનગર ૬માં સોમવારે રાત્રે ભાડાના મકાનમાં રહેતા બે પરિવારો વચ્ચે ઝઘડો થયો હતો. છોટુ શંકર ગુપ્તા અને વિજય ગુપ્તા નામની વ્યક્તિએ અમિત રાજુભાઈ જૈન (ઉંમર ૨૯ વર્ષ) અને તેના નાના ભાઈ વિક્કી રાજુભાઈ જૈન (ઉંમર ૨૫ વર્ષ)ને આડેધડ છરી મારી હતી. છરીના ઘા વાગતા બંને ભાઈઓ લોહીલુહાણ હાલતમાં તેમના ઘર નજીક રસ્તા પર ઢળી પડ્યા હતા. ઘટનાને પગલે વિસ્તારના લોકો એકઠા થઈ ગયા હતા.

## રાજ્યની તમામ સરકારી કચેરીઓમાં હેલ્મેટ ડ્રાઈવ, અનેક કર્મચારીઓ દંડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સરકારી કચેરીઓમાં દ્વિચક્રી વાહનોચાલકો માટે હેલ્મેટ ફરજિયાત બનાવ્યું છે. છતાં આ કાયદાનો અમલ ન કરનારા સરકારી કર્મચારીઓ સામે આકરી કાર્યવાહીનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ગુજરાત ડીજીપીએ તમામ સરકારી કચેરીમાં કર્મચારીઓને હેલ્મેટ પહેરી આવવાનું સૂચન કર્યું હતું. ગુજરાતના ડીજીપી વિકાસ સહાયે આ અંગે આદેશ આપ્યો હતો, અને એક પરિપત્ર પણ જાહેર કરવામાં આવ્યો હેતો. તેમાં જણાવવામાં આવ્યું હતું કે, ગુજરાત રાજ્યમાં હેલ્મેટ નિયમનું અમલીકરણ કરવું ખૂબ જરૂરી છે. જેથી રોડ અકસ્માતના કારણે થતા મૃત્યુ અને ગંભીર ઇજાઓ ઉપર અંકુશ લાવી શકાય. ગુજરાત રાજયમાં હેલ્મેટના નિયમોનો અમલ રાજ્યના તમામ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ કરે તે માટે ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ થી ગુજરાત રાજયના તમામ સરકારી કચેરીના પ્રવેશદ્વાર પાસે ટ્રાફિક પોલીસનું ડિપ્લોયમેન્ટ કરી અસરકારક કાર્યવાહી કરવા સૂચના છે.

ડીજીપીના આદેશના પગલે રાજ્યના તમામ શહેરોમાં ટ્રાફિક પોલીસ દ્વારા સરકારી કચેરીની બહાર ચેકિંગ કરવામાં આવતા અનેક સરકારી કર્મચારીઓ દંડાયા હતા. જે કર્મચારીઓ હેલ્મેટ પહેર્યા વગર આવ્યા હતા તેમને મેમો આપવાની કામગીરી પોલીસ દ્વારા કરવામાં આવી હતી. વડોદરામાં પણ સરકારી કચેરીઓ બહાર ટ્રાફિક પોલીસે કાર્યવાહી શરૂ કરી છે. લગભગ ૩૦થી વધુ કર્મચારીઓને દંડ ફટકારવામાં આવ્યો હતો.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# આખરે તમામ ગણેશમૂર્તિના વિસર્જન કૃત્રિમ તળાવમાં શાંતિપૂર્વક પાર પડ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: માઘી ગણેશજયંતી નિમિત્તે સ્થાપવામાં આવેલી ગણપતિબાપ્પાની મૂર્તિઓનું આખરે મંગળવારે અગિયારમાં દિવસે કૃત્રિમ તળાવમાં શાંતિપૂર્વક વિસર્જન કરવામાં આવ્યું હતું. માઘી ગણેશોત્સવની ઊજવણી દરમ્યાન પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિના વિસર્જનને પાલિકાએ ઊભા કરેલા કૃત્રિમ તળાવમાં વિસર્જન કરવાને લઈને ગયા અઠવાડિયાથી વિવાદ ચાલી રહ્યો હતો. ઉપનગરના અનેક ગણેશમંડળોએ તેમના સાત દિવસના ગણપતિમૂર્તિના વિસર્જન કૃત્રિમ તળાવમાં કર્યા નહોતા. આખો મુદ્દો રાજ્ય સરકાર સુધી પહોંચી ગયો હતો. સરકારની સૂચનાને પગલે મંગળવારે સાત દિવસ સહિતના અગિયાર દિવસના ગણપતિબાપ્પાનું મુંબઈના જુદા જુદા સ્થળે ઊભા કરવામાં આવેલા કૃત્રિમ તળાવોમાં વિસર્જન કરવામાં આવ્યા હતા, જેમાં કાંદિવલીના ચારકોપના સાતમા દિવસે માર્વેમાં વિસર્જન માટે અટકાવવામાં આવેલા મંડળની મૂર્તિનો પણ સમાવેશ થાય છે.

### ભૂતપૂર્વ પ્રધાન તાનાજી સાવંત આટલા પાવરફુલ કઈ રીતે?

# બૅંગકોક જઈ રહેલા દીકરાના વિમાનને એટીસીને કહીને પુણે પાછું બોલાવ્યું

## પુત્રવધૂને વાંધો હતો એટલે તાનાજી સાવંતે પુત્ર સાથે ગેમ કરી નાખી: ૬૮ લાખ આપીને ચાર્ટર્ડ ફ્લાઈટ બુક કરવાનું ભારે પડ્યું: ફડણવીસ અને મોહોળે સાથ આપ્યો સાવંતને?

મુંબઈ: રાજ્યના ભૂતપૂર્વ પ્રધાન તાનાજી સાવંતના પુત્ર રિશીરાજ સાવંતના અપહરણના નાટકે પોલીસ અને ઉડ્ડયન યંત્રણાને કામે તો લગાડી, પણ આ આખા પ્રકરણમાં તાનાજી સાવંતની રાજકીય તાકાતનો પણ પરચો થઈ ગયો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. પુત્રવધૂના વિરોધ છતાં પરિવારની જાણબહાર ૬૮ લાખ રૂપિયાના ખર્ચે ચાર્ટર્ડ પ્લેનમાં બૅંગકોક જવા નીકળેલા પુત્ર રિશીરાજને રોકવા સાવંતે પોતાના રાજકીય પાવરનો કથિત રીતે દુરુપયોગ કર્યો અને બંગાળના ઉપસાગર સુધી પહોંચેલા વિમાનને પુણે પાછું વાળવાની ફરજ પાડી હતી. મહત્ત્વની વાત એટલે બૅંગકોકમાં મહાલવાનાં સપનાં જોતા રિશીરાજને પિતાએ કરેલી ગેમનો અણસાર સુધ્ધાં આવ્યો નહોતો.

શિવસેનાના શિંદે જૂથના નેતા તાનાજી સાવંતના પુત્રનું પુણેના ઍરપોર્ટ બહારથી અપહરણ કરવામાં આવ્યાની માહિતીએ સોમવારે ખાસ્સો હોબાળો મચાવ્યો હતો. જોકે બાદમાં ખુદ સાવંતે તેમનો પુત્ર મિત્રો સાથે ફરવા ગયાનો ખુલાસો કરી આ અહેવાલ પર ઠંડું પાણી રેડ્યું હતું, પરંતુ આ આખા નાટ્યાત્મક ઘટનાક્રમ પાછળની હકીકત ધીરે ધીરે સામે આવી રહી છે.

મળતી માહિતી અનુસાર મિત્રો સાથે બૅંગકોક જવા માટે રિશીરાજે નવમી જાન્યુઆરીએ ખાનગી કંપનીનું વિમાન બુક કરાવ્યું હતું. આ માટે તેણે ૬૮ લાખ રૂપિયા ચૂકવ્યા હોવાનું કહેવાય છે. જોકે રિશીરાજના બૅંગકોક જવા સામે તેની પત્નીનો વિરોધ હતો. પરિણામે પરિવારના એકેય સભ્યને જાણ કર્યા વિના તેણે બે મિત્ર સંદીપ વસેકર અને પ્રવીણ ઉપાધ્યે સાથે બૅંગકોક જવાનું નક્કી કર્યું હતું.

સોમવારે રિશીરાજ તેની કાર છોડીને બીજા વાહનમાં ઍરપોર્ટ પહોંચ્યો, પણ આ વાતની જાણ તાનાજી સાવંતને થઈ ગઈ. પુત્રની જીદ સામે જાણે સાવંત પણ જીદે ચઢ્યા. પુત્રને રોકવા પોતાની સંપૂર્ણ તાકાત કામે લગાડવાનું તેમણે નક્કી કર્યું.

રિશીરાજના વિમાને પુણે ઍરપોર્ટથી ૪.૩૦ વાગ્યે ટેકઑફ કર્યું. ૧૮ લોકોની બેસવાની ક્ષમતાવાળા આ વિમાનમાં રિશીરાજ માત્ર બે મિત્ર સાથે પ્રવાસ કરતો હતો. બીજી બાજુ, તાનાજી સાવંતે રાજકીય જોર લગાવવાની શરૂઆત કરી. કહેવાય છે કે સૌપ્રથમ સાવંતે તેમના પક્ષના પ્રમુખ અને રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ યોગ્ય પ્રતિસાદના અભાવે તેમણે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસનો સંપર્ક સાધવા માંડ્યો. ફડણવીસનો પણ તાત્કાલિક પ્રતિસાદ ન મળતાં આખરે સાવંતે તેમના સગા અને ચિંચવડના ભાજપના વિધાનસભ્ય શંકર જગતાપ પાસે મદદ માગી. જગતાપ મારફત મુખ્ય પ્રધાન સાથે સંપર્ક થતાં જ પવનવેગે ચક્રો ગતિમાન થયાં.

મુખ્ય પ્રધાન ઑફિસથી રાજ્ય કક્ષાના કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન પ્રધાન મુરલીધર મોહોળને સંદેશો આપવામાં આવ્યો અને બીજી બાજુ પુણે પોલીસને સૂચના આપવામાં આવી. ઉડ્ડયન કરી બૅંગકોક તરફ જઈ રહેલા વિમાનને રોકી પાછું બોલાવવા માટે નક્કર કારણની જરૂર હોવાથી રિશીરાજના અપહરણની ફરિયાદ પુણેન સિંહગડ પોલીસ સ્ટેશનમાં કરાઈ. સાવંતના કાર્યકર રાહુલ કરળેની ફરિયાદને આધારે એફઆઈઆર પણ નોંધવામાં આવ્યો હતો.

હવે મોહોળની ઑફિસમાંથી ડિરેક્ટર જનરલ ઑફ સિવિલ એવિયેશન ઑફિસને સૂચના આપવામાં આવી. ત્યાંથી ઍર ટ્રાફિક કન્ટ્રોલ (એટીસી)ને આદેશ ગયો અને પછી વિમાનના પાઈલટનો સંપર્ક સાધવામાં આવ્યો.

પાઈલટને વિમાન પાછું વાળવાનો આદેશ અપાયો, પણ આ બાબતની જાણ વિમાનમાં પ્રવાસ કરનારા રિશીરાજને કરાઈ નહોતી.

આખરે ૪.૩૦ વાગ્યે ઊડેલું વિમાન રાતે ૮.૪૫ વાગ્યે પાછું પુણે ઍરપોર્ટ પહોંચ્યું. પુણે પહોંચ્યા પછી રિશીરાજને પિતાના પાવરનો પરચો મળ્યો હતો. લગભગ સવાચાર કલાકના પ્રવાસ પછી તે પાછો પુણે પહોંચ્યો હતો.

### મુંબઈના રસ્તાઓના કૉંક્રીટીકરણની ડેડલાઈન ૩૧ મે

# ચોમાસા પહેલા કૉંક્રીટીકરણના કામ પૂરા કરવાનો બીએમસી કમિશનરનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના તમામ રસ્તાઓને સિમેન્ટ-કૉંક્રીટના બનાવવામાં આવી રહ્યો છે ત્યારે શહેરના રસ્તાઓનાં કામ ચોમાસા પહેલા એટલે કે ૩૧ મે, ૨૦૨૫ પહેલા પૂરા કરવાનો નિર્દેશ સુધરાઈ કમિશનર ભૂષણ ગગરાણીએ આપ્યો છે. ડેડલાઈનને પહોંચી વળવામાં જોકે રસ્તાની ગુણવત્તા સાથે કોઈ પણ પ્રકારની બાંધછોડને ચલાવી લેવામાં આવશે નહીં એવી ચોખ્ખા શબ્દોમાં તેમણે પાલિકા અધિકારી સહિત કૉન્ટ્રેક્ટરોને ચેતવણી પણ આપી છે.

મુંબઈમાં હાલ જુદા જુદા વિસ્તારોમાં રસ્તાઓના કૉંક્રીટીકરણના કામ ચાલી રહ્યા છે. લગભગ ૧,૩૩૩ કિલોમીટર રસ્તાના કૉંક્રીટીકરણના કામ પૂરાં થયાં છે. બાકીનાં રસ્તાનાં કૉંક્રીટીકરણના કામ બે તબક્કામાં ચાલી રહ્યા છે, જે ચોમાસા પહેલા એટલે કે ૩૧ મે, ૨૦૨૫ સુધી પૂરા કરવાના રહેશે એવી સૂચના કમિશનરે આપી છે.

મંગળવારે કમિશનરે પાલિકા અધિકારીઓ સાથે રસ્તાના કૉંક્રીટીકરણને મુદ્દે એક બેઠક યોજી હતી, જેમાં તેમણે કહ્યું હતું કે કૉંક્રીટીકરણના કામ હાથમાં લેવા પહેલા રસ્તાના વિકાસના પ્રાધાન્ય નક્કી કરવાનું રહેશે. તેમ જ યુટિલિટિઝ સર્વિસ ઉપલબ્ધ કરાવનારી કંપની સાથે પણ સમન્વય રાખવાનો રહેશે. કૉંક્રીટીકરણનાં કામ ઝડપથી પૂરા કરવાના રહેશે પણ તેમાં ગુણવત્તામાં કોઈ બાંધછોડ ચલાવી લેવામાં આવશે નહીં. મુંબઈમાં તમામ રસ્તાઓ સિમેન્ટ-કૉંક્રીટના બનાવવામાં આવી રહ્યા છે, જેમાં પહેલા તબક્કામાં કુલ ૩૨૪ કિલોમીટર (૬૯૮) રસ્તા તો બીજા તબક્કામાં ૩૭૭ કિલોમીટર (૧,૪૨૦ રસ્તા) એમ કુલ મળીને ૭૦૧ કિલોમીટર રસ્તાના કૉંક્રીટીકરણ કરવા માટે વર્કઓર્ડર બહાર પાડવામાં આવ્યા છે, જેમાં શહેર, પશ્ચિમ ઉપનગર અને પૂર્વ ઉપનગરના રસ્તાઓનો સમાવેશ થાય છે. પહેલા તબક્કામાં ૭૫ ટકા કામ અને બીજા તબક્કામાં ૫૦૧ ટકા કામ ૩૧ મે, ૨૦૨૫ પહેલા પૂરા કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. નવા કામ હાથમાં લેવા પહેલા જૂના કૉંક્રીટીકરણના કામ પૂરા કરવાનું ફરજિયાત રહેશે એવી સ્પષ્ટ સૂચના પણ કમિશનરે આપી હતી.

### વૉર્ડ સ્તરે રોજ ઈન્સ્પેક્શન કરવાનું રહેશે

મુંબઈમાં રસ્તાઓના કામ મોટા પાયા પર ચાલી રહ્યા છે ત્યારે પાલિકા કમિશનરે રોડ ડિપાર્ટમેન્ટના એન્જિનિયરોને દરરોજ ફિલ્ડ પર જઈને રસ્તાના કામ પર નજર રાખવાનો આદેશ કમિશનરે આપ્યો છે. નાગરિકોને રસ્તાના કામને કારણે અડચણ થાય નહીં તેના પર પણ સુધરાઈ અધિકારીઓએ તકેદારી રાખવાની સૂચના તેમણે આપી હતી.

### ગુણવત્તા જાળવવી પડશે

પાલિકાના એડિશનલ કમિશનર (પ્રોજેક્ટ) અભિજિત બાંગરે જણાવ્યું હતું કે સિમેન્ટ કૉંક્રીટના રસ્તા બનાવવા માટે રસ્તો ખોદવાથી લઈને કામ પૂરો કરીને તેને ખુલ્લો મૂકવા માટેનો સમયગાળો લગભગ ૩૦થી ૪૫ દિવસનો હોય છે, પરંતુ મોટાભાગે કામ ૭૫ દિવસ સુધી ચાલે છે. કૉંક્રીટીકરણના કામની ગુણવત્તા જણાવાઈ રહેલ અને તે માટે ક્વોલિટી મેનેજમેન્ટ ઓથોરિટીની સાથે જ એન્જિનિયરે ધ્યાન આપવાનું રહેશે. કૉંક્રીટીકરણના કામમાં પાલિકાની ‘ઝિરો ટોલરન્સ’ની પોલિસી છે.

# મેહુલ ચોકસી બેલ્જિયમમાં કેન્સરની સારવાર કરાવી રહ્યો છે: કોર્ટને કહેવાયું

મુંબઈ: પંજાબ નેશનલ બેન્ક (પીએનબી) લોન કૌભાંડ કેસના મુખ્ય આરોપી ભાગેડુ હીરા વેપારી મેહુલ ચોક્સી હાલ કેન્સરની તબીબી સારવાર માટે બેલ્જિયમમાં હોવાનું મુંબઈની એક વિશેષ અદાલતે મંગળવારે જણાવ્યું હતું. ચોક્સી વતી હાજર થયેલા વકીલ વિજય અગ્રવાલે અદાલતને જણાવ્યું હતું કે હાલમાં તબીબી સારવાર માટે બેલ્જિયમ આવેલા ચોક્સીના કેટલાક સ્વાસ્થ્ય મુદ્દાઓને રેકોર્ડ પર લાવવા માટે પોતે અરજી દાખલ કરવા માગે છે. અગ્રવાલે અદાલતને માહિતી આપી હતી કે ચોક્સીને કેન્સર હોવાની શંકા છે.

ચોક્સીને ભાગેડુ આર્થિક ગુનેગાર (એફઇઓ) જાહેર કરવાની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની અરજી પર મુંબઇની વિશેષ પીએમએલએ અદાલત સુનાવણી કરી રહી છે. એફઇઓ ઘોષણા સરકારને ગુનેગારની સંપત્તિ જપ્ત કરવા માટે કાર્યવાહી શરૂ કરવાની મંજૂરી આપે છે. (પીટીઆઈ)

# બસ, છ મહિનામાં જ જોગેશ્વરીનું નવું રેલવે ટર્મિનસ કાર્યરત થઈ જશે

મુંબઈ: મુંબઈગરાઓ માટે એક સારા સમાચાર છે. જોગેશ્વરી ખાતે પૂર્વ બાજુએ રામ મંદિર અને જોગેશ્વરી સ્ટેશનો વચ્ચે બની રહેલું રેલ ટર્મિનસ આગામી છ મહિનામાં કાર્યરત થવાની અપેક્ષા છે. અગાઉ રેલવેના સિમેન્ટ ગોડાઉનોની જમીન પર બનેલા આ ટર્મિનસ ને કારણે દાદર, બાંદ્રા અને મુંબઈ સેન્ટ્રલના હાલના ટર્મિનસ પર ભીડ ઓછી કરવાનો અંદાજ છે.

પશ્ચિમ રેલવેના અધિકારીઓએ પુષ્ટિ કરી કે લગભગ બે વર્ષથી રૂ.૬૯ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણાધિન આ ટર્મિનસનું કામ તેજ ગતિથી આગળ વધી રહ્યું છે અને માર્ચના અંત સુધીમાં ૭૦-૭૫ ટકા કામ પૂર્ણ કરવાનો કોન્ટ્રાક્ટરોને નિર્દેશ આપવામાં આવ્યો છે.

પાંચમા પાનાનું ચાલુ

### કેબિનેટની બેઠકમાંથી

અનુસાર વરિષ્ઠ નેત્ર ચિકિત્સક ડો ટી. પી. લહાણેની દેખરેખ હેઠળ પ્રધાનની બંને આંખોની સર્જરી કરવામાં આવી હતી. સર્જરી છ દિવસ પહેલા થઈ હતી અને મુંડે તબીબી સલાહને અનુસરી રહ્યા છે. મુંડે પ્રધાન મંડળની બેઠકમાં હાજર નહીં રહી શકે એની જાણ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારને કરવામાં આવી હતી એ વાતને અધિકારીઓએ પુષ્ટિ આપી હતી. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, બેઠકમાં તેમની ગેરહાજરી પાછળ બીજું કોઈ કારણ નથી.' (પીટીઆઈ)

### પ્રધાનોના પીએ

રાહ જોઈ રહ્યા છે. આમાંના કેટલાક અધિકારીઓ ૨૦૧૪ થી વિવિધ વિભાગોમાં કાર્યરત છે, પરંતુ તેમની નિમણૂકો સીએમઓ દ્વારા મુલતવી રાખવામાં આવી છે. આના પગલે શિંદે-સેના વીફરી છે અને એકનાથ શિંદે અને દેવેન્દ્ર ફડણવીસ વચ્ચેની કડવાશ પણ વધી છે. વિલંબ માટે સીએમઓ દ્વારા અમલમાં મુકવામાં આવેલી નવી નિમણૂક પ્રક્રિયા જવાબદાર છે, જેમાં પ્રધાનોને જવાબદારી સોંપતા પહેલા અધિકારીઓની સંપૂર્ણ પૃષ્ઠભૂમિ તપાસનો સમાવેશ થાય છે.

### એકનાથ શિંદેને

આ સમિતિના અધ્યક્ષ હોય છે. તે મુજબ, આ સમિતિનું અધ્યક્ષપદ હવે દેવેન્દ્ર ફડણવીસે સંભાળી લીધું છે. નવી સમિતિમાં નાણાપ્રધાન અજિત પવાર સહિત મહેસૂલ, મદદ અને પુનર્વસન, આપત્તિ વ્યવસ્થાપન અને આરોગ્ય સમિતિઓના પ્રધાનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પરંતુ એકનાથ શિંદેને આ સમિતિમાં સ્થાન મળ્યું ન હતું. આનાથી રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા હતી કે આનાથી ગઠબંધનમાં મતભેદ થઈ શકે છે. તેથી, હવે નિયમોમાં ફેરફાર કરીને એકનાથ શિંદેને આ સમિતિમાં સામેલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

છેલ્લા કેટલાક સમયથી રાજકીય વર્તુળોમાં એકનાથ શિંદે અને દેવેન્દ્ર ફડણવીસ વચ્ચેના મતભેદો અંગે ચર્ચા ચાલી રહી છે. તાજેતરમાં, શિવસેના અને ભાજપ વચ્ચે પાલક પ્રધાન પદની વહેંચણીને લઈને ઘર્ષણ થયું હતું. તે સમયે, એકનાથ શિંદે ગુસ્સે થઇ તેમને વતન જતા રહ્યા હતા. અંતે, આ પદ માટેની નિમણૂક મુલતવી રાખવામાં આવી હતી.

### શિંદે-સેના

(એમએસઆરટીસી) બસનાં ભાડાંમાં કોઈ વધારા અંગે તેમને જાણ નથી. તે જ સમયે, શિવસેનાને વધુ એક ઝટકો ત્યારે લાગ્યો જ્યારે વરિષ્ઠ આઈએએસ સંજય સેઠીને એમએસઆરટીસીના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. સામાન્ય રીતે આ પદ શાસક પક્ષની રાજકીય વ્યક્તિને આપવામાં આવે છે.

ભાજપ અને શિવસેના વચ્ચેની ખેંચતાણનો અંદાજ એ વાત પરથી પણ લગાવી શકાય છે કે તાજેતરમાં મહારાષ્ટ્રના સીએમ દેવેન્દ્ર ફડણવીસ દ્વારા આયોજિત એક મહત્ત્વપૂર્ણ બેઠકમાં શિવસેનાના નેતા એકનાથ શિંદે હાજર નહોતા. તેમણે સોમવારે મંત્રાલયમાં નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર દ્વારા મુંબઇ શહેર જિલ્લા માટે વાર્ષિક વિકાસ યોજના અંગે ચર્ચા કરવા માટે યોજાયેલી બેઠક મુલતવી રાખવાની માંગણી પણ કરી હતી. એકનાથ શિંદેની ગેરહાજરી અને બેઠકો મુલતવી રાખવાની વિનંતીએ મહાયુતિ સરકારમાં અણબનાવની અફવાઓને વધુ વેગ આપ્યો છે.

### પાલઘર માટે

(એમએમઆરડીએ) તરફથી નાણાકીય ટેકો આપવામાં આવ્યો છે.

આ પ્રોજેક્ટને અમલમાં મૂકવા માટે એમએમઆરડીએ અને કોંકણ સિંચાઇ વિકાસ નિગમ વચ્ચે ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૨ના દિવસે કરાર કરવામાં આવ્યો હતો. ૯૫.૬૦ મિલ્યન ક્યુબિક મીટરની ક્ષમતા ધરાવતો દેહરજી બંધની રચના વસઈ-વિરાર મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં પીવાના હેતુ માટે ૬૯.૪૨ મિલ્યન ક્યુબિક મીટર પાણી ફાળવવા માટે કરવામાં આવી છે. આ ઉપરાંત આ પ્રોજેક્ટ એમએમઆરડીએ હેઠળ અન્ય વિસ્તારોને પણ સેવા પૂરી પાડશે, જેનાથી આશરે ૪૦ લાખ રહેવાસીઓને લાભ થશે.

આ પ્રોજેક્ટ માટે ૨૦૧૯માં ₹૧,૪૪૩.૭૨ કરોડ મંજૂર કરવામાં આવ્યા હતા. જોકે, વધેલા ખર્ચ અને માળખાગત જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, કેબિનેટે હવે બીજા વહીવટી સુધારાને મંજૂરી આપી છે અને બજેટને વધારીને ૨,૫૯૯.૧૫ કરોડ રૂપિયા કરવામાં આવ્યું છે. આગામી ત્રણ વર્ષમાં વધારાના ભંડોળ અને પ્રોજેક્ટને પૂર્ણ કરવાની જવાબદારી એમએમઆરડીએની રહેશે.

### ઈન્ડિયા’ઝ ગૉટ લેટન્ટ

આવી હતી. જોકે પોલીસ ગુનો નોંધતાં પહેલાં આખા મામલાની પ્રાથમિક તપાસ કરી રહી હતી ત્યારે સાયબર પોલીસ ઍક્શન મોડમાં આવી ગઈ હતી. મંગળવારે સાયબર વિભાગે આઈટી ઍક્ટની સુસંગત કલમો હેઠળ ગુનો નોંધી આ શોના તમામ ૧૮ એપિસોડ ડિલીટ કરવાનું કહ્યું હતું.

આ શોમાં અશ્લીલ અને વાંધાજનક ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું જણાયું હતું. પરિણામે સાયબર પોલીસ શોના જજીસ, શોમાં ભાગ લેનારા અમુક લોકો અને ગેસ્ટ્સની યાદી બનાવી રહી છે. શોમાં ભાગ લેનારા લોકોને પૂછપરછ માટે બોલાવવામાં આવશે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)

### ઓશિવરાની ફર્નિચર

પ્રમાણમાં લાકડાનો સામાન હોવાથી આગ ઝડપભેર ફેલાઈ ગઈ હતી અને તેની ચપેટમાં આજુબાજુ અન્ય દુકાનો પણ આવી હતી. ફર્નિચરની દુકાનની સાથે જ લગભગ ૧૦થી વધુ દુકાનોને આગને કારણે નુકસાન થયું હતું.

આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું.

મુંબઈમાં ઓશિવરામાં મોટા પ્રમાણમાં ફર્નિચરની દુકાનો આવેલી છે, જેમાંની મોટાભાગની દુકાનો સેકેન્ડહેન્ડ ફર્નિચરને વેચવાનું કામ કરે છે. અમુક સ્થાનિકોના કહેવા મુજબ આ દુકાનોમાંથી મોટાભાગની દુકાનોએ ગેરકાયદે જગ્યા પચાવી પાડી છે અને ત્યાં મોટા પ્રમાણમાં બાંધકામ કરીને ફર્નિચર રાખતા હોય છે.

### તુર્ભેમાં ડમ્પિંગ ગ્રાઉન્ડમાં ભીષણ આગ

નવી મુંબઈના તુર્ભે ડમ્પિંગ ગ્રાઉન્ડમાં મંગળવારે ભીષણ આગ ફાટી નીકળી હતી, જેના કાળા ધુમાડા દૂર સુધી નજરે પડી રહ્યા હતા. આગની જાણ થતા જ સ્થાનિક ફાયરબ્રિગેડ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. આગની દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું.

નવી મુંબઈનો તુર્ભેનો ડમ્પિંગ ગ્રાઉન્ડ સૌથી મોટો છે જ્યાં મોટા પ્રમાણમાં કચરો ઠાલવવામાં આવે છે. અહીં પ્લાસ્ટિક, કેમિકલ સહિતનો ભંગાર સામાન હોવાથી આગ ઝડપભેર ફેલાઈ ગઈ હતી. ફાયરબ્રિગેડની છ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. પરંતુ મોડે સુધી આગ નિયંત્રણમાં આવી શકી નહોતી.

ડમ્પિંગ ગ્રાઉન્ડની નજીક જ મોટા પ્રમાણમાં ઈન્ડસ્ટ્રિયલ અને રેસિડેન્શિયલ વિસ્તાર આવેલો હોવાથી આગને કારણે નીકળતા ધુમાડાને કારણે લોકોના ભારે હેરાનગતિનો સામનો કરવો પડયો હતો. સદ્નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું. તેમ જ આગ લાગવાનું ચોક્કસ કારણ પણ જાણી શકાયું નહોતું.

## જૈન મરણ

**સુરત વિશા ઓસવાલ શ્વેતામ્બર મૂર્તિપૂજક જ્ઞાતિ જૈન**

પુંડરિક પાનાચંદ જવેરી (ઉં. વ. ૮૭) તે સ્વ. પાનાચંદ ડાહ્યાભાઈ જવેરીના સુપુત્ર. સ્વ. ચંદ્રાબેનના પતિ. હેમાંગ અને મોનાના પિતા. કલ્પનાબેન અને જીગ્નેશભાઈના સસરાજી. ક્ષિતિજ, ધ્રુવી અને સિધ્ધયશ વિજયજી મહારાજ સાહેબ (પ્રથમ)ના દાદા. તા. ૧૦-૨-૨૫ સોમવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જીરા (સાવરકુંડલા) નિવાસી હાલ કાંદિવલી સ્વ. વૃજલાલ પિતામ્બરદાસ તુરખિયાના ધર્મપત્ની લીલાવતીબેન (ઉં. વ. ૮૯) વસંત, જ્યોતી, કોકિલાના માતુશ્રી. ઈલા, પ્રવીણકુમાર બોટાદરા, અજયકુમાર ગાંધીના સાસુ. દિપાલી, પિંકેશકુમાર ગાંધી, પૂજા વિશાલકુમાર પારેખ, સોનાલી પ્રિયાંક તુરખિયાના દાદી. પિયરપક્ષે મનસુખલાલ મગનલાલ દોશીના બેન તા. ૧૧-૨-૨૫ને મંગળવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૩-૨-૨૫ ને ગુરુવારના ૧૦ થી ૧૨. પાવનધામ, એ.સી.એ. કલબની સામે, મહાવીરનગર, કાંદિવલી (વેસ્ટ). (લૌકિક વ્યવહાર બંધ છે)

**વિશા ઓસવાળ જૈન**

વેરાવળ નિવાસી હાલ કાંદિવલી સ્વ. શાંતાબેન નાથાલાલ શાહના પુત્ર શશીકાંત (ઉં. વ. ૮૪) ૧૦/૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે શૈલાબેનના પતિ. હેમા, હિતેષના પિતા. ઇન્દ્રવદન તથા પ્રિતીના સસરા. સ્વ.રજનીભાઇ, સ્વ.જયશ્રીબેન, સ્વ.હરીશભાઈ, ચંદ્રિકાબેનના ભાઈ. સ્વ.ફૂલવંતી ચીમનલાલ શાહના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિજાપુર સત્યાવીસ વિશા શ્રીમાળી જૈન**

પુંધરા નિવાસી હાલ કાંદિવલી તારાબેન કેશવલાલ મગનલાલના સુપુત્ર જીતેન્દ્ર શાહ (ઉં. વ. ૭૬) તા.૧૦-૦૨-૨૦૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રતિમાબેનના પતિ. સુનીલ, તેજલ, પ્રેમલના પિતા. જેસલ, આશિષકુમાર, નિલેશકુમારના સસરા. હંસાબેન, અનિલભાઇના ભાઈ. પ્રાર્થનાસભા તા.૧૨/૦૨/૨૦૨૫ના ૭ થી ૮.૩૦. શ્રી હાલાઈ લોહાણા બાલાશ્રમ બેંકએટ હોલ, અતુલ ટાવરની બાજુમાં, મથુરદાસ રોડ કાંદિવલી વેસ્ટ.

**સોરઠ વિશાશ્રીમાળી જૈન**

કોલકી નિવાસી હાલ બેંગલુરુ સ્વ.માતુશ્રી સાંકળીબેન પોપટલાલ કાળીદાસ મહેતાની સુપુત્રી. ગં.સ્વ. સરોજબેન રમણીકલાલ બખાઈ (ઉં. વ. ૮૬) તા.૧૦/૨/૨૫ સોમવારના અરિહંત શરણ પામેલ છે. તે સ્વ.નગીનભાઈ, સ્વ.હર્ષદ ભાઈ, સ્વ.નરેન્દ્રભાઈ, સ્વ.કંચનબેન મણિલાલ મહેતા, સ્વ. લાભુબેન અમૃતલાલ મહેતા, સ્વ.સરલાબેન કનૈયાલાલ કોરડિયાના બેન. સ્વ.ભાનુબેન નગીનદાસ મહેતા, ભારતીબેન હર્ષદભાઈ મહેતા, અને કવિતાબેન નરેન્દ્રભાઇ મહેતાના નણંદ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

ભાવનગરવાળા સ્વ.અનોપચંદ વ્રજલાલ ઠારના સુપુત્ર સ્વ.બિપીનચંદ્રના ધર્મપત્ની મીનાબેન (ઉં. વ. ૭૪) તા.૧૦/૦૨/૨૫ના દિવસે અવસાન પામેલ છે. તે હાર્દિક અને નમ્રતાના માતુશ્રી. રચના અને વિરલ પંકજભાઈ શેઠના સાસુ. વિનમ્ર, પાર્શ્વના નાની. પાલીતાણા વાળા જમનાદાસ ગુલાબચંદ મહેતાની દિકરી. નીલાબેન શરદકુમાર શાહ, જ્યોતિબેન ચંદ્રકાંતભાઈ શાહ, રમેશભાઈના ભાભી. લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ખાલપર નિવાસી હાલ અમદાવાદ સ્વ.ગીરધરલાલ પાનાચંદ મહેતાના સુપુત્ર ગંભીરભાઈ (ઉં. વ. ૬૮) ૩૧/૧/ ૨૫ને શુક્રવારના અરિહંત શરણ થયેલ છે. તે રેખાબેનના પતિ. હાર્દિક, કૌશલ, નિધિના પિતાશ્રી. હિરલ, નિયતિ, વિવેકકુમારના સસરા. સ્વ.ચુનીભાઈ, સ્વ. મનસુખભાઇ, સ્વ.ચંપકભાઈ, સ્વ.રમણીકભાઇ, સ્વ.બકુલભાઈ, ગુણવંતભાઈના નાના ભાઈ. મહુવા નિવાસી તલકચંદભાઈ નરશિદાસ મહેતાના જમાઈ. તેમના આત્મ શ્રેયાર્થે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન તા.૧૬.૦૨.૨૦૨૫ને રવિવારે, ૯ કલાકે અમદાવાદ, મુકામે રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ મહાજન જૈન**

દેવપુરના નવીન સાવલા (ઉં. વ. ૬૪) તા. ૧૦-૨-૨૦૨૫ના અવસાન પામેલ છે. કંકુબાઈ હસંરાજના સુપુત્ર. સરલાના પતિ. સ્નેહા, કૃપાલીના પિતા. સ્વ. મુલચંદ, કસ્તુર, કમળાના ભાઇ. નવસારીના મધુબેન શંકર પટેલના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. સરલા સાવલા, આર૫/એ, છઠ્ઠે માળે, રૂમ નં. ૬૪, સાંઇ સિધ્ધી કોમ્પલેક્ષ, જોગેશ્વરી (ઈ). મું. ૬૩.

વાંકીના કસ્તુરબેન શીવજી છેડા (ઉં. વ. ૬૫) તા. ૧૦-૦૨-૨૫ના અવસાન પામેલ છે. મોંઘી મા કારૂ જેવતના પૌત્રી. રતનબેન શીવજી છેડાના પુત્રી. સાડાઉના લક્ષ્મીબેન શામજીના દોહીત્રી. મીતા, કિશોર, પ્રીતી, સંગીતાના મોટા બેન. પ્રાર્થના રાખેલ નથી. ઍડ્રેસ : કિશોર શીવજી છેડા, એ-૮, રૂષભ સોસાયટી, આદર્શ હોટલની પાછળ, ઓલ્ડ પનવેલ-૪૧૦૨૦૬.

કપાયાના ભાણબાઈ (ભાનુબેન) શીવજી મામણીયા (ઉં. વ. ૯૫) તા.૯-૨-૨૫ના અવસાન પામેલ છે. પાનબાઈ ખીમજી ચાંપશીના પુત્રવધૂ. શીવજીના પત્ની. કાંતિલાલ, વસંત, જીતેન્દ્ર, દીના, ઈંદિરા, હીનાના માતા. કપાયા વેલબાઈ જેઠાબાઈ નપુના પુત્રી. મુલચંદ, રૂક્ષ્મણીબેન, મંજુલાબેન, દિવ્યાબેન (ચંચળબેન)ના બેન. પ્રા.યોગી સભાગૃહ, દાદર. ટા. ૪ થી ૫.૩૦.

કોડાયના પ્રમોદ પોપટલાલ શાહ (ગડા) (ઉં. વ. ૭૨) (તા.૯-૨)ના દેહ પરિવર્તન કરેલ છે. માતુશ્રી સંતોકબેન પોપટલાલ પ્રેમજીના પુત્ર. જ્યોતિના પતિ. ચિંતન, શ્વેતાના પિતા. પ્રદિપ, સુનીલ, નંદાના ભાઈ. ગોધરા નવલબેન કલ્યાણજી દેવજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. પ્રમોદ પી. શાહ, ૩૦૬, મહારાજા એપાર્ટમેન્ટ, એસ. વી. રોડ, મલાડ (વે.), મું. ૬૪.

બિદડા (ઓતરો ફરીયો) ના પદમિનિ હસમુખ ફુરીયા (ઉં. વ. ૭૫) તા. ૭-૨-૨૫ના બિદડા મધે અવસાન પામેલ છે. ભાણબાઈ પાસુભાઈ ખીંયશીના પુત્રવધૂ. હસમુખના પત્ની. વિશાલ, વિલાસના માતા. મોટી રાયણ પ્રભાબેન કાનજી છેડાના સુપુત્રી. ધીરજ, રમેશ, વેણીક, મોહન, અમૃત, પુષ્પા કલ્યાણજી, બિદડા હેમા હરખચંદ મામણીયા, કુંદરોડી દીના મણીલાલના બેન. પ્રા.શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં. કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટા. ૪ થી ૫.૩૦.

## પારસી મરણ

ગુલચેર અદી ખાન (ઉં. વ. ૯૦) તા. ૧૦-૨-૨૦૨૫એ ગુજરી ગયા છે. તે મરહૂમ અદી ફરામજી ખાનના વાઈફ, શાહરુખ, કેતાયુનના મધર. ફિરોઝા, નેવિલના સાસુ. ખુશરુ, પર્સી, યઝદ, ફરઝીન, હાનોશના ગ્રેન્ડ મધર. મરહુમ સોલી, મરહૂમ ડોલી, પરવેઝ, વિલુ, હોમાઈ, ઝરીનના બહેન. ઉઠમણું ૧૨-૨-૨૦૨૫મીએ.

સરોશ કેકી પતેલ તે ઝરીનના ધની. તે મરહુમો આલુ કેકી પતેલના દીકરા. તે વીસપી ને દીલશાદના પપા. તે તનાઝ ને જીમીના સસરા. તે ખુરશીદ ને મેહરુના ભાઈ. તે વરઝાન ને જેહાનના બપાવા. (ઉં. વ. ૮૨) રે. ઠે. આર-૩૦, ગોદરેજ બાગ, નેપીયન્સી રોડ, મુંબઈ-૪૦૦૦૨૬. ઉઠમણાંની ક્રિયા: તા. ૧૨-૨-૨૫ને દીને બપોરે ૩.૪૫ વાગે જોખીની અગિયારીમાં છે જી.

## હિન્દુ મરણ

**કપોળ**

સિહોરવાળા (હાલ બોરીવલી) સ્વ. વલ્લભદાસ નપુભાઈ મુનીનાં પૌત્ર તથા તે ગં. સ્વ. ઈન્દુમતી ગમનલાલ મુનીનાં પુત્ર કપિલ મુની (ઉં. વ. ૫૪) રવિવાર, તા. ૯-૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે રક્ષાના પતિ. તે ખુશબુ અને અદીતીનાં પિતાશ્રી. તે દિપ્તી ગાંધી અને હિતેશના ભાઈ. તે ભાવનગરવાળા રસિકલાલ ભગવાનદાસ વોરાના જમાઈની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૩-૨-૨૫નાં ૪ થી ૬. પ્રાર્થનાસ્થળ: પાવન ધામ, ગ્રાઉન્ડ ફ્લોર, મહાવીરનગર, કાંદીવલી (વેસ્ટ). (લૌકિક પ્રથા બંધ રાખેલ છે.)

**કંઠી ભાટિયા**

હાલે ઘાટકોપર નિવાસી ગો.વા. હરીશભાઈ ગોંડલીયા તથા ગો.વા. હંસાબેન ગોંડલીયાના સુપુત્ર ચી. ગો.વા. કુનાલ હરીશભાઈ ગોંડલીયા તે ચિ. વીરેશ તથા ગો.વા. હેતલબેનના ભાઈ. અ.સૌ. પ્રિયાના દિયર તથા ચી. વિધાનના કાકા. મોસાળ પક્ષે જૂનાગઢવાળા સ્વ. લીલાબહેન મોહનલાલ આશર. (ઉં. વ. ૪૨)નું ૮-૨-૨૫ને શનિવારના ઘાટકોપર મુકામે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ચક્ષુદાન તથા ત્વચાદાન કરેલ છે.

**કપડવંજ દશાશ્રીમાળી વણિક**

કપડવંજ નિવાસી હાલ મુંબઈ અ.સૌ. પ્રતીભાબેન (ઉં. વ. ૮૭) તે રજનીકાન્ત શાહના ધર્મપત્ની. ચિરાગ, ઓજસના માતુશ્રી. અ.સૌ. વિભા, ભાવનાના સાસુ. દેવાંશી, પ્રણાલી, ઝાકળના દાદી તા. ૭-૨-૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૩-૨-૨૫ના ૫ થી ૬.૩૦. ઠે. ૬૧૨બી, સાઈઅમૃત, જયવંત સાવંત રોડ, દહીંસર વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વડનગરા નગર**

મુંબઈ નિવાસી હાલ બોરીવલી સ્વ. ઉર્મિલાબેન માંકડ (ઉં. વ. ૧૦૨) તે સ્વ.બાલકૃષ્ણ શાંતિલાલ માંકડના ધર્મપત્ની. સ્વ હરિપ્રસાદ બુચના દીકરી. અનિરુદ્ધ, રસેન્દુ, જયેશ, મીનાક્ષી, કૌમુદી, નિરૂપા, ભાવનાના માતુશ્રી. ગ્રીષ્મા, પ્રાપ્તિ, સ્વ.પ્રદ્યુમ્નકુમાર, સ્વ.નીતીનકુમાર, શૈલેષકુમારના સાસુ ૧૦/૨/૨૫ના અવસાન પામેલ છે. પ્રાર્થનાસભા ૧૩/૨/૨૫ના ૫ થી ૬.૩૦. ઓમ શિવમ બિલ્ડીંગ, પોડીયમ પાર્કિંગ, બેંક ઓફ બરોડાની સામે, શીમ્પોલી રોડ, બોરીવલી વેસ્ટ.

**દશા સોરઠીયા વણિક**

બગસરા નિવાસી હાલ કાંદિવલી પ્રભુદાસ વીરજીભાઈ ઘોડકિયા (ઉં. વ. ૧૦૦) તે ૧૦/૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ.નર્મદાબેન તથા સ્વ. પુષ્પાબેનના પતિ. જયસુખ-જયશ્રી, રેખા જગદીશભાઈ વખારિયા, હસુ-મમતા, જયેશ-કામિનીના પિતા. સ્વ.તુલસીદાસ, જમનભાઈ, પોપટભાઈ, મશુરભાઈ, મનસુખભાઇ, સ્વ.રંભાબેન મૂળચંદ શેઠ, સ્વ.શાંતાબેન તલકચંદ ગાદોયા, સ્વ.સમજૂબેનના ભાઈ. સ્વ.છગનલાલ વેકરીયા, સ્વ.ગોકળદાસ ભુપતાણીના જમાઈ. કુણાલ, અંકિત, અક્ષય, ચિંતન, અભી, ભાવના, હેતલ, પ્રિયા, ઉર્વશી, સ્વ.અમિતના દાદા. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**રાજગોર બ્રાહ્મણ**

હાલ કાંદિવલી (મૂળ દેલવાડા) નિવાસી સ્વ.ભાનુશંકર કાલાભાઈ મહેતાના ધર્મપત્ની કમલાબેન મહેતા (ઉં. વ. ૮૪) જે ગીરીશભાઈ, સ્વ.કૌશિકભાઈ, મનીષકુમાર અલ્પાબેન (જૂનાગઢ)ના માતૃશ્રી. હિરેનભાઈ, જીગરભાઈ, જયભાઈના દાદી. હેતલ હિરેનના દાદીજી, ૯ ફેબ્રુઆરીના સ્વર્ગવાસી થયા છે. પ્રાર્થનાસભા તા.૧૩/૦૨/૨૦૨૫નાં ૫.૦૦ થી ૭.૦૦. લોહાણા મહાજવાડી શંકર ભગવાન મંદિર પાસેએસ વી રોડ કાંદીવલી વેસ્ટ.

**કપોળ**

ભેરાઈવાળા હાલ કાંદિવલી આદિત્ય ગોરડિયા (ઉં. વ. ૨૯) તા.૧૦.૨.૨૫ના શ્રીજીચરણ પામેલ છે, તે ચૌલા ઉદય ગોરડિયાના સુપુત્ર. દમયંતીબેન જયંત ગોરડિયાના પ્રપૌત્ર. અન્વી અમન ગુમાના ભાઈ. નિષ્ઠા, સાર્થના મામા, હિમા મનીષ દાણી, કવિતા યોગેશ ગાંધી, તોરલ પરેશ ગોરડિયાના ભત્રીજા. સ્વ.દમયંતીબેન ધીરજલાલ દોશી, વર્ષા રાજેશ પરીખ, પારૂલ વિપુલ દોશીના ભાણેજ. લૌકિક પ્રથા બંધ છે. પ્રાર્થનાસભા આંગન કલાસિક હોલ કેન્ટ ટાવર, ટી પી એસ રોડ બોરીવલી વેસ્ટ. તા.૧૬/૨/૨૫ રવિવાર, ૫ થી ૭.

**મરણ ખબર માટેની સૂચના** — મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે

(૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

LIKE & FOLLOW: /Mumbaisamachar4u



કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

# પોલાદી ફટકો

## ટ્રમ્પની સૂચિત સ્ટીલ ટેરિફથી ભારતીય ઉદ્યોગને ફટકો પડશે અને નિકાસનું ગણિત બગડશે



અમેરિકાએ ટેરિફ વોરનું એલાન કરી દીધું છે ત્યારથી વિશ્વભરના અર્થતંત્રો ચિંતામાં મૂકાઇ ગયા છે અને વૈશ્વિક વેપારનું ગણીત ખોરવાઇ જવાની ભીતિ ઊભી થઇ છે. એ જ સાથે ખાસ કરીને પહેલેથી મુસીબતમાં સપડાયેલા ભારતના સ્ટીલ ઉદ્યોગની પણ ઊંઘ પણ હરામ થઇ છે.

અમેરિકાના પ્રેસિડેન્ટ ડોનલ્ડ ટ્રમ્પે અન્ય અનેક બાબતો સાથે સ્ટીલની આયાત પર ટેરિફ લાદવાની ઘોષણા કરી છે. ટ્રમ્પની આ સૂચિત સ્ટીલ ટેરિફથી એક તરફ ભારતીય નિકાસ પર તો અસર પડશે જ, પરંતુ બીજી તરફ સ્થાનિક સ્પર્ધા વધુ તીવ્ર બનશે!

ભારતીય ઉદ્યોગ પહેલેથી જ સસ્તાં સ્ટીલની આયાતથી પરેશાન છે અને ખાસ કરીને ચાઇનીઝ સ્ટીલની આયાત વિક્રમી સ્તરે વધી રહી છે. અમેરિકાએ ચીન પર લાદેલી ટેરિફને કારણે ચીનાઓ અન્ય દેશોમાં, ખાસ કરીને ભારતમાં દે ધના ધન નિકાસ કરી રહ્યાં છે. ભારતીય પોલાદ ઉદ્યોગ માટે આ મોટી સમસ્યા ઓછી હોય તેમ અમેરિકાના નવા ટેરિફ મિસાઇલને કારણે દશા વધુ કથળવાની ભીતિ ઉદ્યોગના નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યાં છે.

અમેરિકન રાષ્ટ્રપતિ ટ્રમ્પ સ્થાનિક ઉદ્યોગોને સુરક્ષિત રાખવા માટે સ્ટીલ અને એલ્યુમિનિયમ આયાત પર પચ્ચીસ ટકાના દરે નવી ટેરિફ લાદવાની યોજના બનાવી રહ્યા છે. ઉદ્યોગના સાધનો અનુસાર અમેરિકાના આ પગલાથી ભારતીય સ્ટીલ ઉત્પાદકો માટે સ્પર્ધા વધુ તીવ્ર બનવાની અપેક્ષા છે, જેઓ પહેલેથી જ ઊંચી આયાત અને નબળી વિદેશી માગને કારણે પડકારોનો સામનો કરી રહ્યા છે.

યુએસ ચીફ ડોનલ્ડ ટ્રમ્પનો સ્ટીલ અને એલ્યુમિનિયમ આયાત પર નવી ટેરિફ લાદવાનો નિર્ણય ભારતીય સ્ટીલ ઉત્પાદકો માટે પડકારો ઉભા કરવા સાથે આંતરરાષ્ટ્રીય બજારમાં સ્પર્ધા વધારશે અને સ્થાનિક ભાવ પર દબાણ ઉમેરશે.

ટ્રમ્પે પાછલા રવિવારે કહ્યું હતું કે તેઓ અમેરિકામાં આયાત થનારા તમામ સ્ટીલ અને એલ્યુમિનિયમ આયાત પર ૨૫ ટકાના દર સાથે નવી ટેરિફ લાદશે, વર્તમાન જકાતદરમાં વધારો કરશે અને તેમની વેપાર નીતિઓને વધુ મજબૂત બનાવશે.

પત્રકારો એર ફોર્સ વન પર સાથે વાત કરતા તેમણે કહ્યું કે સોમવારે જાહેર થનારા ટેરિફ 'યુનાઇટેડ સ્ટેટ્સમાં આવતા કોઈપણ સ્ટીલ' પર લાગુ થશે અને તેમાં એલ્યુમિનિયમને પણ આવરી લેવામાં આવશે. બીજા શબ્દોમાં આમાં ભારત પણ આવી ગયું. નોંધવું રહ્યું કે ટ્રમ્પે સત્તાના સૂત્રો હાથમાં લીધા બાદ ટેરિફ અંગેની જે ચીમકી આપી હતી, તેમાં સાર્ક દેશો સાથે ભારતનો પણ નામોલ્લેખ કર્યો હતો.

એ બાબત પણ નોંધવી રહી કે આ કોઇ નવી વાત નથી. આ અગાઉ વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૧ સુધીના તેમના અગાઉના કાર્યકાળ દરમિયાન, ટ્રમ્પે સમાન ટેરિફ રજૂ કર્યા હતા. એ સમયે પણ એવી દલીલ કરી હતી કે અમેરિકન ઉદ્યોગોને એશિયન અને યુરોપિયન દેશો તરફથી અન્યાયી સ્પર્ધાનો સામનો કરવો પડી રહ્યો હોવાથી આ આવશ્યક છે!

ટ્રમ્પે કહ્યું હતું કે આ ટેરિફ 'યુનાઇટેડ સ્ટેટ્સમાં આવતા કોઈપણ સ્ટીલ' પર લાગુ થશે, જેનાથી સ્થાનિક માગ અને વેચાણના ભાવમાં વધારો કરીને યુએસ સ્ટીલ ઉત્પાદકોને પ્રોત્સાહન મળવાની અપેક્ષા છે. જોકે, મૂડીઝના એક અધિકારીના જણાવ્યા અનુસાર, અમેરિકામાં નિકાસ ઓછી થવાને કારણે ભારત સહિત અન્ય સ્ટીલ ઉત્પાદક દેશોમાં પણ સ્પર્ધા વધુ તીવ્ર બનશે.

### યુરોપ વળતો હુમલો કરશે, ઑસ્ટ્રેલિયા અપીલ કરશે

ટ્રમ્પની ટેરિફ સામે ૨૭ દેશના સંગઠન યુરોપિયન સંઘે આકરા પ્રત્યાઘાત આપ્યા છે, જે ટેપિ વોરને વકરાવશે. યુરોપિયન સંઘના ચીફ ઉર્સુલા વોન ડે લેયેને ચીમકી ઉચ્ચારી છે કે અમેરિકાની સ્ટીલ અને એલ્યુમિનિયન પરની ટેરિફનો સંઘ જડબાતોડ જવાબ આપશે. યુરોપ પણ પોતાના અર્થતંત્રની સલામતી માટે સુરક્ષાના પગલાં લેશે. ઇયુના સૌથી મોટા અર્થતંત્ર જર્મનીના ચ્ન્સેલર ઓલાફ સ્કોલ્ઝે કહ્યું છે કે જો અમેરિકા બીજો કોઇ વિકલ્પ બાકી નહીં રાખે તો યુરોપ સંઘ સંગઠીત થઇને પ્રત્યાઘાત આપશે. ટ્રેડ વોર અંતે તો બંને પક્ષની સમૃદ્ધીને નુકસાન પહોંચાડે છે.

ઑસ્ટ્રેલિયન સરકાર સ્ટીલ અને એલ્યુમિનિયમ આયાત પર સૂચિત કરાયેલી નવી ૨૫ ટકા યુએસ ટેરિફમાંથી ઑસ્ટ્રેલિયને મુક્તિ આપવા માટે દબાણ કરવાની તૈયારી કરી રહી છે. ઑસ્ટ્રેલિયાન વડા પ્રધાન એન્થોની અલ્બેનીઝે રાષ્ટ્રપતિ ટ્રમ્પના વહીવટીતંત્ર સાથે વાતચીત કરી છે, જેમાં અમેરિકન નોકરીઓ અને સહિયારા સંરક્ષણ હિતોને ટેકો આપવામાં ઓસ્ટ્રેલિયન નિકાસની મહત્ત્વપૂર્ણ ભૂમિકાનો ઉલ્લેખ કર્યો છે.

ઓસ્ટ્રેલિયાના વાણિજ્ય પ્રધાન ડોન ફેરેલે જણાવ્યું હતું કે દેશની યુએસમાં સ્ટીલ અને એલ્યુમિનિયમ નિકાસથી અમેરિકન નાગરિકોને ઊંચા પગારની નોકરીઓ મેળવવામાં મદદ મળે છે અને સહિયારા સંરક્ષણ હિતોમાં ઑસ્ટ્રેલિયા મુખ્ય ભૂમિકા ભજવે છે.

તેમણે કહ્યું કે ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં ઑસ્ટ્રેલિયન યુએસના મુખ્ય સિક્યોરિટી પાર્ટનર છે. ટ્રમ્પ વહીવટીતંત્ર સાથેની વાતચીતમાં વોશિંગ્ટન પર મુક્તિ માટે દબાણ કરી રહ્યું છે અને ઓસ્ટ્રેલિયન સ્ટીલ અને એલ્યુમિનિયમના અમેરિકાની બજારમાં પ્રવેશ સહિત મુક્ત અને વાજબી વેપાર નિયમો માટે મુદ્દા તૈયાર કરી રહ્યું છે.

મૂડીઝ રેટિંગ્સના પ્રવકતા અનુસાર ભારતીય સ્ટીલ ઉત્પાદકોને તેમના ઉત્પાદનોની નિકાસ કરવામાં વધુ પડકારોનો સામનો કરવો પડશે. પાછલા ૧૨ મહિનામાં, ભારતમાં સ્ટીલની ઊંચી આયાતને કારણે ભારતમાં સ્ટીલ ઉત્પાદકોના ભાવ અને કમાણીમાં ઘટાડો થયો છે. અમેરિકાની ટેરિફ અમલી બન્યા પછી આ પરિસ્થિતિ વધુ વણસવાની સંભાવના છે.

ભારત કાચા સ્ટીલના ઉત્પાદનમાં વિશ્વનો સૌથી મોટો ઉત્પાદક હોવા છતાં સ્ટીલની આયાતમાં સતત એકધારો વધારો થઇ રહ્યો છે. રોઇટર્સ દ્વારા સરકાર દ્વારા જાહેર કરાયેલી કાચી આંકડાકીય માહિતીની સમીક્ષા અનુસાર, એપ્રિલ ૨૦૨૪થી શરૂ થતા નાણાકીય વર્ષના પ્રથમ નવ મહિનામાં, ફિનિશ્ડ સ્ટીલની આયાત છ વર્ષની ટોચે પહોંચી ગઈ છે.

દેશ પહેલાથી જ પાછલા નાણાકીય વર્ષમાં ફિનિશ્ડ સ્ટીલનો ચોખ્ખો આયાતકાર બની ગયો હતો, જેમાં એપ્રિલ અને નવેમ્બર ૨૦૨૪ વચ્ચે ચીનમાંથી શિપમેન્ટ રેકોર્ડ સ્તરે પહોંચ્યું હતું. આ સંદર્ભે ઉદ્યોગે સરકાર સમક્ષ વાંરવાર રજૂઆત પણ કરી છે અને સરકારે પણ ભારતીય ઉદ્યોગ માટે જકાત વધારવા સહિતના કેટલાક રક્ષણાત્મક પગલાં લીધા છે.

અલબત્ત ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ઓટોમોટિવ ક્ષેત્રો દ્વારા સંચાલિત સ્ટીલની સ્થાનિક માગ મજબૂત રહી છે, પરંતુ વિદેશી માગ નબળી પડી છે. એપ્રિલ ૨૦૨૪થી ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન ભારતમાં ફિનિશ્ડ સ્ટીલનો વપરાશ વાર્ષિક ધોરણે ૧૧.૨૦ ટકા વધીને ૧૧૧.૨૫ મિલિયન ટન થયો, જે ઓછામાં ઓછા છ વર્ષમાં સૌથી વધુ છે.

આમ જોવા જઇએ તો અમેરિકા તેના સ્ટીલ પુરવઠાના લગભગ એક તૃતિયાંશ જેટલી આયાત, મુખ્યત્વે પડોશી દેશ મેક્સિકો અને કેનેડા, તેમ જ ભૌગોલિક દૃષ્ટિએ નજીકના સાથી દેશ, જાપાન, દક્ષિણ કોરિયા અને જર્મની સહિત એશિયા અને યુરોપ પાસેથી કરે છે. પરંતુ આપણને મુખ્ય ડર ચાઇનાનો છે.

ચીન વિશ્વનો સૌથી મોટો સ્ટીલ ઉત્પાદક અને નિકાસકાર હોવા છતાં, ૨૦૧૮માં અમેરિકાએ ૨૫ ટકાના દરે લાદવામાં આવેલી ટેરિફને કારણે અમેરિકન બજારમાંથી ચીની સ્ટીલ મોટાભાગે અવરોધાયું હતું. હાલ અમેરિકામાં ચાઇનીઝ સ્ટીલની આયાત નહીંવત છે, પરંતુ તે ભારતમાં ઝડપી ગતિએ વધી રહી છે અને ઉપરોક્ત સૂચિત ટેરિફ પછી તે ઓર વધવાની દહેશત છે. ■

પ્રાસંગિક__
અમૂલ દવે
feedback@bombaysamachar.com

# જમાઈને ગાઝા ગિફ્ટમાં આપવાના ટ્રમ્પના પ્લાનનું સુરસુરિયું...!




આવો, આપણે એક યોજના પર વિચાર કરીએ. આ યોજનામાં ધારો કે તમારા ઘરનો કોઈ આપદામાં નાશ થાય તો તમને નવેસરથી ઘર બાંધવાને બદલે કહેવામાં આવે કે તમે આવા ક્ષતિગ્રસ્ત ઘરને બદલે બીજે હિજરત કરી જાઓ, જેથી અમે તમારી જમીનને હસ્તગત કરીને ત્યાં સુંદર ઘર બાંધીને બીજાને વસાવીએ. અમે તમારી જગ્યાને સ્વર્ગ બનાવી દઈશું... અમે અહીં નવા ઘરો બાંધીને રોજગાર ઊભા કરીશું... !

તમે કહેશો કે આવી ગાંડી યોજનાનો કોણ સ્વીકાર કરે? આ તો એક છેતરપિંડી જ છે. તમે ચોંકી ન ઉઠતા. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે આવી ગાંડી ઘેલી યોજના ગાઝા પટ્ટીમાં કાયમની શાંતિ સ્થાપવા બનાવી છે...!

ટ્રમ્પ ઈચ્છે કે પેલેસ્ટાઈનવાસીઓ એમની ભૂમિ છોડીને જોર્ડન કે ઈજિપ્તમાં જતા રહે અને આ જગ્યા અમેરિકા હસ્તગત કરે. ટ્રમ્પ કહે છે કે જમીન પર સુંદર ઘર બાંધીશું અને નવા રોજગાર ઊભા કરીશું... આ યોજના એક તઘલખી વિચાર છે અને એ કદી અમલમાં મુકાશેનહીં. અમેરિકાના મિત્રો ગણાતા સઉદી અરેબિયા, જોર્ડન, યુનાઈટેડ આરબ અમીરાત અને ઈજિપ્તે આનો વિરોધ કર્યો છે. 'નોર્થ એટલાન્ટિક ટ્રિટી ઓર્ગેનાઈઝેશન' (નાટો) એ તથા યુરોપના દેશોએ પણ આનો વિરોધ કર્યો છે. પોતાના પ્લાનની ટીકા જોઈને ટ્રમ્પે એમના વહીવટીતંત્રને લલચાવવાની ફરજ પડી છે. ટ્રમ્પને થુકેલુ ફરી ગળી જવું પડ્યું છે. ટ્રમ્પની યોજનાની જેમના પર સીધી અસર પડવાની છે એ પેલેસ્ટાઈનના લોકોએ તો આ યોજનાને ઠુકરાવી દીધી છે. એ બધા તો આને અમેરિકા અને ઈઝરાયલના વધુ એક નરસંહારની યોજના ગણાવે છે. જેના હુમલાથી હેરાન થઈને ઈઝરાયલને યુદ્ધવિરામ કરવો પડ્યો છે એ હમાસે તો આ યોજનાને સંપૂર્ણપણે નકારી કાઢી છે. સંયુક્ત રાષ્ટ્રસંઘે પણ આને આંતરરાષ્ટ્રીય નિયમોની વિરુદ્ધ ગણાવી છે. હમાસને મદદ કરતા ઈરાને તો ટ્રમ્પની વધુ પ્રતિબંધ લાદવાની ધમકીને ગણકાર્યા વિના અમેરિકાની યોજનાનો વિરોધ કર્યો છે.

હા, ફક્ત ગાઝા પટ્ટી પર જેનો ડોળો છે એ ઈઝરાયલે એને સહર્ષ સ્વીકૃતિ આપી છે....

ટ્રમ્પે હકીકતમાં તો ઈઝરાયલ પર હમાસ સાથેના યુદ્ધવિરામનો બીજો તબક્કો અમલમાં લાવવા માટે દબાણ લાવવું જોઈએ,પણ ટ્રમ્પ ઈતિહાસ નવી રીતે લખવા કે તેને બગાડવા ચાહે છે. આ યોજના દ્વારા ટ્રમ્પ પોતાના જમાઈ જેરેડકુશનરને ગાઝા ભેટ આપવા માગે છે. હકીકતમાં આ આખી યોજના ટ્રમ્પની નહીં, પરંતુ એમના રિયલ એસ્ટેટમાં હિત ધરાવતા જમાઈની છે, જે આ દ્વારા કરોડો ડૉલર કમાવાનો અવસર ઊભો કરવા માગે છે. વ્યાપક વિરોધ છતાં ટ્રમ્પે પોતાનો પ્લાન દોહરાવ્યો છે. ટ્રમ્પ કહે છે કે હું ગાઝાને ખરીદવા અને તેના પર માલિકી સ્થાપવા પ્રતિબદ્ધ છું.

તાજેતરમાં ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અમેરિકાના પ્રવાસે ગયા હતા. વોશિંગ્ટન પહોંચીને એમણે પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત કરી. ટ્રમ્પે સંયુક્ત પત્રકાર પરિષદમાં એમ કહીને બધાને ચોંકાવી દીધા કે અમેરિકા ગાઝા પર કબજો કરશે. અત્યાર સુધી ઈઝરાયલનો ગાઝા પટ્ટી પર ડોળો હતો, હવે ટ્રમ્પની મેલી નજર તેના પર લાગી છે. ટ્રમ્પે ગાઝાને લઈને અરાજકતા ફરી ફેલાય એવો ગાંડો રોડમેપ દીધો છે... ટ્રમ્પ કહે છે કે , અમે ગાઝા પટ્ટીને અમારા અધિકાર ક્ષેત્રમાં લઈશું.

ટ્રમ્પે ફરી એકવાર ગાઝા પટ્ટી ખાલી કરવાની વાત કરી છે. એ કહે છે કે, પેલેસ્ટિનિયનોએ ગાઝા પટ્ટી ખાલી કરવી પડશે. એમણે ઈજિપ્ત, જોર્ડન અને અન્ય દેશોમાં કાયમી સ્થાયી થઈ જવું જોઈએ. હવે નરક જેવું આ ગાઝા રહેવા યોગ્ય નથી રહ્યું.... ત્યાં માત્ર કાટમાળ છે. અમે ગાઝા પર નિયંત્રણ મેળવીને ત્યાંના બધા ખતરનાક, ન ફૂટેલા બોમ્બ અને અન્ય હથિયારોનો નાશ કરવાથી લઈને સ્થળને સમતળ કરવા અને નષ્ટ થયેલી ઇમારતોનો કાટમાળ હટાવવાની જવાબદારી લઈશું....ગાઝાને ખાલી કરાવ્યા બાદ અહીં પુનર્નિર્માણ કાર્ય જોરશોરથી હાથ ધરવામાં આવશે.. અમે ગાઝાને મિડલ ઇસ્ટનો 'રિવેરા' બનાવીશું...

'રિવેરા' ઈટાલિયન શબ્દ છે, જેનો અર્થ કોસ્ટલાઇન એટલે કે દરિયાકિનારો થાય છે. ફ્રેન્ચ રિવેરા અને ઇટાલિયન રિવેરા સમગ્ર વિશ્વમાં પોતાના પર્યટન માટે પ્રખ્યાત છે. એવી જ રીતે ટ્રમ્પ ગાઝાને પર્યટન હબ તરીકે વિકસાવવા માગે છે.

ખાટલે મોટી ખોડ એ છે કે આમાં જે સૌથી મોટો સ્ટેકહોલ્ડર છે એ પેલેસ્ટાઈનના લોકોની નામરજીને ધ્યાનમાં લેવામાં જ આવી નથી. હકીકત તો એ છે કે યહુદીઓએ ઘૂસણખોરી કરીને પેલેસ્ટાઈનની જમીન પર ઈઝરાયલ દેશ ઊભો કર્યો છે. હવે આ યહુદીઓ અમેરિકાની મદદથી પેલેસ્ટાઈનવાસીઓને એમની ભૂમિમાંથી બળજબરીથી હાંકી કાઢીને પોતાનો કબજો જમાવવા માગે છે .

બીજી તરફ, ઈઝરાયલે જાહેર કર્યુ છે કે જે લોકો ગાઝા પટ્ટી સ્વેચ્છાએ છોડવા માગે છે એને માટે ઈઝરાયલ બધી સગવડ કરી આપવા તૈયાર છે. ટ્રમ્પે સમજવું જોઈએ કે ગ્રીનલેન્ડની જેમ ગાઝા પણ સેલ (વેચાણ) માટે નથી. ટ્રમ્પે પહેલી વાર જાહેરાત કરી ત્યાર બાદ વાઈટ હાઉસે એવો ખુલાસો કર્યો હતો કે અમેરિકા ગાઝાપટ્ટીમાં એનું લશ્કર નહીં મોકલે. તે આ માટે જોર્ડન અને ઈજિપ્ત જેવા દેશોનો સહકાર લેશે.

ટ્રમ્પની અવિચારી યોજનાને લીધે ઈજિપ્તની હાલત કાપો તો લોહી ન નીકળે એવી થઈ છે. છેલ્લાં ૧૫ મહિનાથી એના ઇન્ટેલિજન્સ ઓફિસર કતાર, ઈઝરાયલ અને અમેરિકા સાથે કામ કરીને યુદ્ધવિરામ કરાવવા મહેનત કરી રહ્યા હતા. વિસ્થાપિત પેલેસ્ટાઈનના લોકોને પોતાના દેશમાં સમાવવા પડશે એ વિચાર માત્રથી આ દેશના શાસક હચમચી ગયા છે. આને લીધે મિડલઈસ્ટના સૌથી મોટા દેશની રાજકીય સ્થિરતા જોખમમાં મુકાઈ શકે એવી કટોકટી ઊભી થઈ રહી છે.

પેલેસ્ટાઈનવાસીઓએ ઇજિપ્ત અને જોર્ડનમાં આશરો લીધો છે. જોર્ડને તો ધમકી જ આપી છે કે જો અમારા પર આ યોજના સ્વીકારવાની ફરજ પાડવામાં આવશે તો અમે ઈઝરાયલ સાથે યુદ્ધમાં ઉતરીશું. આ દેશે ૧૯૪૮ના નકુબા અને૧૯૬૭ના યુદ્ધને લીધે મોટા ભાગના પેલેસ્ટાઈન નિરાશ્રિતોને આશરો આપ્યો છે જે તેની વસતીના ૫૦ ટકા જેટલા છે. રાજા અબ્દુલ્લા-બીજા વાઈટ હાઉસમાં ટ્રમ્પને મળવાના છે અને ત્યારે તેઓ ચોક્કસ પોતાની નારાજગી વ્યક્ત કરશે. ટ્રમ્પ વસાહતીઓને હાંકી કાઢે છે અને તે ઇજિપ્ત અને જોર્ડન પાસે એવી અપેક્ષા રાખે છે કે આ દેશો ગાઝા પટ્ટીમાં રહેતા પેલેસ્ટાઈનવાસીને સ્વીકારે. સઉદી અરેબીયાને પણ આ આઈડિયા ગમ્યો નથી. તેના ક્રાઉન પ્રિન્સે જાહેર કર્યું છે કે જ્યાં સુધી પેલેસ્ટાઈનને દેશ તરીકે સ્થાપવામાં નહીં આવે ત્યાં સુધી અમે ઈઝરાયલ સાથે સંબંધો નહીં સ્થાપીએ. ઈરાક, લિબિયા, તુર્કી અને સંયુક્ત આરબ અમીરાતે આનો વિરોધ કર્યો છે. પાંચ આરબ દેશોની પરિષદમાં ટ્રમ્પની દરખાસ્તનો જોરદાર વિરોધ થયો છે. યુએન પણ કહે છે કે ટ્રમ્પનો પ્લાન આંતરરાષ્ટ્રીય નિયમોની વિરુદ્ધ છે. ટ્રમ્પના પ્લાને તેના મિડલ ઈસ્ટના સાથીદારોને ફસાવી દીધા છે. ઈજિપ્તે તો ૨૭ ફેબ્રુઆરીએ આરબ દેશોની બેઠક બોલાવી છે. અમેરિકાની આ યોજનાને લીધે મિડલ ઈસ્ટમાં ચીન અને રશિયાનું પ્રભુત્વ વધશે. ચીનનું પહેલથી સઉદી અરેબિયા અને ઈરાન વચ્ચે સમાધાન થયું છે. ઈઝરાયલે તો સઉદીને નારાજ કરી નાખ્યું છે. ઈઝરાયલ કહે છે કે સઉદી પાસે પુષ્કળ જમીન છે અને એ પેલેસ્ટાઈનને આસનીથી આશરો આપી શકે એમ છે. આનાથી સઉદી એટલુ ગુસ્સે ભરાયું છે કે તેણે અમેરિકા અને ઈઝરાયલને ચેતવણી આપી છે કે જો આ યોજના અમલમાં મુકાશે તો જોવા જેવી થશે. જમર્નીએ તો આ યોજનાને મોટું કૌભાંડ ગણાવ્યું છે.

હકીકત તો એ છે કે ટ્રમ્પના રિપબ્લિકન પાર્ટી કે તેના વિરોધ પક્ષ ડેમોક્રેટિક પાર્ટીના સંસદસભ્યોને આ યોજના ગળે ઉતરી નથી. અમેરિકાના લોકો પણ માનવા લાગ્યા છે કે આ યોજના એ ટ્રમ્પની અક્કલનું પ્રદર્શન છે. જો ટ્રમ્પ આવા આડેધડ, અવિચારી અને અવ્યવહારું નિર્ણય લેશે તો તેમની લોકપ્રિયતાનો ગ્રાફ ઝડપથી નીચે ઉતરશે. ટ્રમ્પની યોજનાથી પશ્ચિમ એશિયામાં તંગદિલી અને તણાવ વધશે. આને લીધે માંડ માંડ પાર પાડવામાં આવેલા યુદ્ધવિરામ પર ખતરો ઊભો થશે. ટ્રમ્પ જેવા સત્તાધીશ અને શાસક હોય તો અમેરિકાને દુશ્મનની શી જરૂર છે. ■

### ઈરાન પણ ટ્રમ્પના હિટ લિસ્ટમાં !

અમેરિકન પ્રમુખે ગાઝા અંગેની ૫-પોઇન્ટ બ્લુપ્રિન્ટમાં ઈરાન પણ સામેલ છે. ટ્રમ્પે ચેતવણી આપી કે, જો ઈરાન મને મારવાનો પ્રયાસ કરશે તો એનાં પરિણામ ભોગવવા પડશે. ટ્રમ્પે કહ્યું કે મેં મારા સલાહકારોને નિર્દેશ આપ્યો છે કે જો ઈરાન હુમલો કરે તો તેને તબાહ કરી દેવું. ટ્રમ્પે ઈરાનની કમર તોડવા માટે એક એક્ઝિક્યુટિવ ઑર્ડર પર પણ હસ્તાક્ષર કર્યા છે જેમાં અમેરિકન સરકારને ઈરાન પર મહત્તમ દબાણ લાવવાનું કહેવામાં આવ્યું છે.

અમેરિકન પ્રમુખ ટ્રમ્પ સાથે મુલાકાત બાદ ઈઝરાયલી પીએમ નેતન્યાહૂએ કહ્યું કે, ઇઝરાયલ પહેલાં ક્યારેય આટલું શક્તિશાળી નહોતું જ્યારે ઈરાન ક્યારેય આટલું નબળું નહોતું. મેં પ્રમુખ ટ્રમ્પ સાથે આપણા પ્રદેશમાં શાંતિ લાવવા અને આપણા ભવિષ્યને બચાવવા અંગે ચર્ચા કરી છે. ગાઝામાં ઇઝરાયલના ત્રણ ઉદ્દેશ્ય છે:

પહેલું, હમાસનો સંપૂર્ણ ખાતમો. બીજું, આપણે આપણા તમામ બંધકોને મુક્ત કરાવવાની ખાતરી કરાવી પડશે અને ત્રીજું, ગાઝા ફરી ઈઝરાયલને આપવા માગુ છું....!

જાણીતા પત્રકાર
પ્રફુલ શાહની
અવનવા વિષયની
એક આગવી કોલમ...
ટૂંક સમયમાં!

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# તેરે વાસ્તે ફલક સે મેં ચાંદ લાઉંગા, સોલહ સત્રહ સિતારે સંગ બાંધ લાઉંગા



**પ્રેમમાં** પડવા માટે માણસ વસંતઋતુ અથવા વેલેન્ટાઇનની રાહ જોતો નથી. પ્રેમમાં પડે છે ત્યારે એના મનમાં વસંતઋતુ ચાલતી હોય છે. એક અભ્યાસ એવું જણાવે છે કે માણસ પ્રેમમાં પડે છે ત્યારે નશામાં હોય એવો અનુભવ કરતો હોય છે, જેને ટકાઉ પ્રેમ અંગે થોડો ડર લાગતો હોય અથવા ચિંતા રહેતી હોય તો ચોકલેટ ખાવી અને હાથ પકડીને જિંદગીની યાત્રા કરતાં રહેવાથી મન આપોઆપ શાંતિ અનુભવે છે.

જો કે આજકાલ ઓનલાઇન ડેટિંગ ઍપની સગવડ પછી પ્રેમની અનુભૂતિઓ બદલાવા લાગી છે. આ ઍપ પર રોજ ત્રીસ લાખ લોકો પ્રેમને શોધવા નીકળે છે. આશ્ચર્ય તો એ છે કે ડેટ ઍપ પર આવનારી મહિલાને પતિ કરતાં વધુ તો સારા મિત્રની જરૂર હોય છે, જે એને સમય આપી શકે. ભવિષ્યમાં AIની હરીફાઈના યુગમાં પ્રેમની કલ્પના-વ્યાખ્યા પણ બદલાવા લાગશે.

એક અભ્યાસ મુજબ પ્રેમના સફળ ખેલાડીઓને હૃદય સંબંધિત તકલીફો અન્ય કરતાં ઓછી હોય છે. સ્વાભાવિક છે કે તણાવના સ્થાને આનંદ તત્ત્વ માણસને ઘણી બધી સમસ્યાઓથી મુક્ત રાખતો હોય છે. પ્રેમમાં સફળ વ્યક્તિને દર્દ ભોગવવામાં એટલી તકલીફ નહિં લાગતી હોય.

તાજેતરમાં પ્રેમમાં લાંબું બેટિંગ કરી રહેલા દંપતીઓ પર એક અભ્યાસ કરવામાં આવ્યો. આ દંપતી જયારે એકસરખું વિચારે છે ત્યારે એ સુખની અનુભૂતિ કરે છે અને ખુશ લાગે છે. હવે ખબર પડી હશે કે જયારે મતભેદ થાય તે સમય પૂરતાં દંપતીઓના મોં ચઢેલા જોવા મળે છે. સરવાળે પ્રેમને બહુ સમજવા કરતાં માણી લેવામાં વધારે મજા છે. નવા સંશોધન મુજબ એકસરખા વિચારો ધરાવનાર પ્રેમીઓ વચ્ચે જાત જાતના વિવાદો થતાં હોય છે. પ્રેમની કથાઓમાં એક જ બોધપાઠ છે કે, બધું બિનશરતી હોવું જરૂરી છે.

પ્રેમની વાતો અંગે મનોવિજ્ઞાનીઓને પૂછીએ કે માણસના મનમાં પ્રેમની ઋતુ કેવી રીતે ઉદ્ભવે છે એટલે એમની પાસે તારણો તૈયાર જ હોય છે. માણસને પ્રેમની અનુભૂતિ માટે મગજમાં ‘નોરએડ્રેનાલાઇન’ નામનું કેમિકલ વહેવા લાગે છે. આ નામે અને કર્મે અઘરું લાગતું કેમિકલ એડ્રેનાલાઇનના વધારાને પ્રોત્સાહન આપે છે, જે દિલની ધડકનો વધારે છે. માણસના મનમાં જગતમાં બધા લોકો સારા જ છે અને જગત પ્રેમ કરવા લાયક છે જેવા ભાવ ઉત્પન્ન કરાવવા ડોપામાઈન તૈયારી કરીને બેઠું હોય છે. ‘ફેનિલએથિલેમાઇન’ નામનું કેમિકલ પ્રિયતમની નિકટ મોકલવા પોતાની શક્તિ વાપરે છે. સરવાળે આ બધા કેમિકલ તમને પ્રેમ કરવા માટે તૈયાર કરે છે, બાકી તમારો કોઈ વાંક નથી. હવે સમજાશે કે મગજમાં વહેતા પ્રેમના કેમિકલ ઝરણાં તમને રોમેન્ટિક કવિતા લખાવવા કે રોમેન્ટિક ગીતોને મમળાવવાની કેમ પ્રેરણા પૂરી પાડે છે.

એક માન્યતા છે કે પ્રેમમાં પડવા માટે દેખાવ સારો હોવો જોઈએ. અહીં રૂપની વાત આવતી નથી, પણ તમે પોતાની જાતને કેવી રીતે પ્રેઝન્ટ કરી શકો છો એ આકર્ષણ પેદા કરવાનું મહત્ત્વનું કારણ છે. મનોવિજ્ઞાનીઓ એટલે જ માને છે કે સ્ત્રીઓને સામસામે બેસીને પ્રેમની વાતો કરવામાં વધારે રોમેન્ટિક ફીલ આવે છે અને પુરુષોને બાજુમાં બેસીને જલસો કરવો હોય છે. ક્યાંય બેસો પણ માણસને પહેલી નજરે પ્રેમમાં પડવા માટે કેવળ ચાર મિનિટ જ જરૂરી છે. ચાર મિનિટમાં જે સારી અસર છોડી શકે એના માટે પ્રેમ આસાન થઇ જાય છે. એ આકર્ષણ થયા પછી સંબંધ ટકાવવાની કળા જરૂરી છે. પહેલી જ મુલાકાતમાં બિલ કોણ કાઢશે એ વાતે વિવાદ કરનારા અસંખ્ય નમૂના પડ્યા છે. પ્રેમ ટકાવવા માટે દિલથી નહિં, પણ દિમાગથી વિચારતાં રહેવું જોઈએ. જીવનમાં તકલીફ આવે તો કોણ કેટલી મદદ કરશે અને સાથ આપશે એ પ્રારંભના દિવસોમાં નક્કી થઇ જતું હોય છે. મેચ્યોર પ્રેમમાં એકબીજાનો યથાવત સ્વીકાર, શાંતિ, રિસ્પેક્ટ, કેર અને પાક્કા દોસ્ત બની રહેવાની ક્ષમતા પર પ્રેમસંબંધની લાઈફલાઈન ટકેલી હોય છે. આ પરિપક્વ પ્રેમના કારણે જ પ્રાણીઓમાં પણ ઘણી પ્રજાતિઓ જીવનભર એકબીજા સાથે જોડાયેલી રહે છે.

રોમિયો- જુલિયટ, શીરી-ફરહાદ કે લૈલા-મજનુની કથામાં પ્રેમ અને લડાઈ વચ્ચે પ્રેમની પવિત્રતા આજે પણ લોકહૃદયમાં જીવંત છે. રાણી ક્લિયોપેટ્રા અને યોદ્ધા એન્ટનીની પ્રેમકથા યુદ્ધ અને મોત સુધી પહોંચી ગઈ હતી. હેલન અને પેરિસની પ્રેમકથા ટ્રોયની લડાઈ સુધી પહોંચી હતી. ફિલોસોફર દાંતે ફ્લોરેન્સના રસ્તા પર બીટરાઇસને એકાદ બે વાર જોઈ શક્યા અને મરતાં સુધી ભૂલી શક્યા નહિં. કેટ વિલ્સન અને કેપ્રીઆતોની કલાસિક ફિલ્મ ‘ટાઇટેનિક’ની કથા અમર છે.

આ તરફ, આપણા ગુજરાતી સાહિત્યના શિરમોર એવા મુન્શીજીની ‘રાજાધિરાજ’ કથાના કાક અને મંજરીની પ્રેમકથાનો અંત યાદ રાખવા જેવો છે. ‘એક દુજે કે લિયે’થી માંડીને ‘રામલીલા’ વાયા ‘કયામત સે કયામત તક’ સુધીની રોમિઓ-જુલિયટ કથા આધારિત ફિલ્મોમાં પ્રેમનો દુઃખદ રંગ દર્શકો જોઈ ચૂક્યા છે.

આ બધા ઉદાહરણ એટલા માટે લખ્યા કે દરવખતે પ્રેમકથાઓમાં અંતમાં સરેરાશ હિન્દી ફિલ્મોની જેમ સુખદ હોતાં નથી. જે સ્ત્રીના સન્માન માટે રાવણ જેવા રાક્ષસ સાથે યુદ્ધ કરવું પડ્યું તેમ જ ભગવાનનું સ્વરૂપ હોવા છતાં સીતાજીથી ભગવાન રામે વિયોગ કરવો પડ્યો હતો. પ્રેમ એટલે ફક્ત સુખ ભોગવવું એવું લખેલું નથી, પણ સાથે રહીને જગતને જીતવાનો યજ્ઞ છે. આ બધી કથાના મૂળ જોશો તો સમજાશે કે પ્રેમના મૂળ તત્ત્વમાં સહાનુભૂતિ તથા સાહસ નામના કેમિકલ જરૂરી છે. આ કથાઓ પ્રેમમાં પડવાની વાત કરતી નથી, પણ પ્રેમનો અનુભવ કરાવતી કથાઓ છે.

સરવાળે પ્રેમની વ્યાખ્યા કરવી મુશ્કેલ છે. પ્રેમતત્ત્વ સમજવા સાહિત્ય, સંગીત, ગીતો, નૃત્યો, નાટકો, ફિલ્મો સહિત અનેક માધ્યમ મદદરૂપ થયા હોવા છતાં પ્રેમની અધૂરપ જિંદગીભર રહેતી હોય છે. ‘બીફોર સનરાઈઝ’ ફિલ્મમાં સેલિન નામનું પાત્ર સરસ વાત કરે છે કે આપણે જિંદગીમાં એકબીજા માટે જે કઈ કરીએ છીએ એ થોડો વધારે પ્રેમ મેળવવા માટેનો પ્રયાસ નથી હોતો? પ્રેમ એટલે શું તેનો જવાબ ૨૦૧૮માં આવેલી અનેક ઍવોર્ડ વિજેતા લેડી ગાગા-બ્રાડલી કોપરની ફિલ્મ ‘સ્ટાર ઇઝ બોર્ન’માં કહી છે એ એ છે કે ‘તમારે ફક્ત એક જ કામ કરવાનું છે, મારા પર ભરોસો મૂકવાનો છે!’ ■

**ધ એન્ડ**

*પ્રેમ એ કથા છે જેમાં બીજી વ્યક્તિનું ખુશ હોવું તમારા માટે જરૂરી છે. (રોબર્ટ હેનલેન)*

વ્યાંગ___ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# ...અંતે અમારા રાજુએ શેના કંકુના કર્યા!



‘મને કશું સમજાતું નથી. હું શું કરું?’ રાજુએ હોઠ ફફડાવી અસ્પષ્ટ સ્વરે કશુંક કહ્યું. રાજુ હેમલેટ નાટકના પાત્ર મેકબેથ( ક્યારેક લેખમાં વિલાયતી સાહિત્યકાર અને કૃતિનો ઉલ્લેખ કરવો જોઇએ. તેનાથી લેખનું વજન વધે છે લેખકે ફેસબુક કે પાસબુક સિવાય કોઇ રિયલ બુક વાંચી છે એવું વિવેચકને લાગે તે પણ જરૂરી છે.) જેવી ‘ટુ બી ઑર નોટ ટુ બી’ જેવી દ્વિધા અનુભવતો હતો.

‘રાજુ, શું વાત છે?’ મે રાજુને પૂછયું. કબજિયાત દૂર કરવા કોઇ ચૂર્ણ ફાંકે છતાં સુખદ પરિણામ ન મળતાં જે યંત્રણામાંથી પસાર થાય તેવી યંત્રણા રાજુના ચહેરા પર દેખાતી હતી.

‘ગિરધરલાલ, સમજાતું નથી કે હું શું કરું?’ રાજુએ ફરી એ વાતનું રટણ કર્યું. રાજુની તકલીફ સહદેવ જેવી હતી. સહદેવ અતિજ્ઞાની હતા. સહદેવને જ્ઞાનનો આફરો ચડે, પેટ અને મગજ ઢમઢોલ થઇ જાય છતાં સહદેવને કોઇ પૂછે નહીં તો સહદેવ કંઇ પણ લિકેજ સિપેજ કરી શકે નહીં. મેં પ્રશ્ન કર્યો. છતાં, રાજુ કંઇ બકવા તૈયાર ન હતો. કદાચ કોઇ સંવેદનશીલ મસલો હશે. રાજુ મને તેનો વિશ્વાસુ ન માનતો હોય એટલે ‘લવિંગ’નું નામ (મગ કયાં સુધી?! ) ‘એલચી’ પાડતો ન હતો.

‘રાજુ, તને વાત કરવા જેવી લાગતી હોય તો મને વાત કર. હું તેને અત્યંત ગુપ્ત રાખીશ. તું વાત કરીશ તો મન હળવું થશે. કોઇ સમસ્યાનું સચોટ સમાધાન થશે.’

‘ગિરધરલાલ, મારું જીવન ખુલ્લી કિતાબ જેવું છે. તમારાથી મારે શું ખાનગી રાખવાનું?’ રાજુએ મારા પર ભરોસો જતાવ્યો.

‘ગિરધરલાલ, ગુપ્ત રોગના દર્દી જેવી હાલત છે. ન સહેવાય કે ન કહેવાય ને મન કરમાય.’

‘તો શું છે? રાજુ તું મગજની નસો ખેંચે છે. ઇનફ ઇઝ ઇનફ.’ માથાનો દુખાવો મટાડવાની ગોળી ગળતા મેં રાજુને વોર્નિંગ આપી.

‘ગિરધરલાલ, આપણો મેળ પડી ગયો.’ રાજુના અવાજમાં આનંદ સ્ફૂર્યો.

‘એમ રાજુ? છોકરી ક્યાંની છે? છોકરી શું કરે છે? રૂપાળી છે શ્યામાંગના છે?’ મે લાયબંબાની જેમ સવાલોનો મારો ચલાવ્યો.

‘ગિરધરલાલ, હું લગ્ન- બગ્નની વાત કરતો નથી.’ રાજુએ સ્પષ્ટતા કરી.

‘તો તું શેની વાત કરે છે?’ મેં આંધળે બહેરું કૂટ્યું .

‘ગિરધરલાલ, મેં તાલુકા પંચાયતની સીટ માટે અપક્ષ ઉમેદવાર તરીકે ફોર્મ ભર્યું છે. હું તેની વાત કરું છું.’ રાજુએ રહસ્ય પરથી પડદો ઉઠાવ્યો.

‘રાજુ, તે આ શું કર્યું? રાજકારણ તો કાદવકરણ છે. કોલસાની દલાલીમાં હાથ કાળા જ થાય.’ આવી એક -બે કહેવત સાથે રાજુને તતડાવ્યો.

‘ગિરધરલાલ, હવે જ મુશ્કેલી શરૂ થઇ છે. મેં ગણપત ગાંગડા પાસે ખાનગીખુલ્લો સર્વે કરાવ્યો. આપણા જીતવાના-હારવાના ચાન્સીસ ફીફટી બિસ્કિટની જેમ ફીફટી ફીફટી છે. ચૂંટણી લડીએ પાંચ પચ્ચીસ લાખ રૂપિયાનો ખર્ચ કરીએ અને હારી જઇએ તો ગોળી અને ગોફણ જાય. મતદારોને નોટ, લોટ આપીએ તો પણ આપણા પગ આગળ લોટપોટ થાય કે કેમ એ સવાલ છે. જો ચૂંટણી જીતી જઇએ અને પંચાયત પ્રમુખ થઈએ તો જ ચૂંટણીના ખર્ચા અંડાગંડા-કોઠાકબાડા કરીએ તો રિકવર થાય. વિપક્ષમાં બેસવાનું હોય તો ચાપાણી ગાંઠના પૈસે પીવા પડે.’ રાજુએ ડુંગર ખોદીને ઉંદર કાઢ્યો.

‘રાજુ, તારી વાત વિચારવા યોગ્ય છે.’

‘ગિરધરલાલ, થોડા વરસોથી ધારાસભ્યોનાં અવિશ્વાસની દરખાસ્ત ચર્ચાની એરણ પર આવવાની હોય તેના બેત્રણ દિવસ પહેલાં લોકશાહીની રક્ષા એટલે કે હત્યા કરવા ધારાસભ્યોને રિસોર્ટ લઇ જવામાં આવતા હતા. સામેના પક્ષની સરકારને તોડવા ધારાસભ્યોને રિસોર્ટની સૈર કરાવવામાં આવતી હતી. રિસોર્ટમાં રહેલા ધારાસભ્યો ત્યાંથી પરત થયા પછી પણ ક્રોસવોટિંગ કરતા. હવે ચૂંટણીના ઉમેદવારો પક્ષનો વાડો કૂદીને સામેના ઢોરવાડામાં અંતરાત્માના અવાજને અનુસરીને જતા ન રહે કે કોઇની તરફેણમાં ફોર્મ પાછું ન ખેંચે તે માટે રિસોર્ટમાં લઇ જવાનો નવોનકોર ટ્રેન્ડ શરૂ થયો છે. ઉમેદવારો પક્ષાંતર ન કરે અને પક્ષમાં ટકી રહે એ માટે તેમના કૂળદેવતા કે કુળદેવીના સોગંદ લેવડાવવામાં આવે છે. અલબત, ઉમેદવારોને પક્ષપલ્ટો કરતાં કે આયારામ- ગયારામ બનતાં કૂળદેવ કે કૂળદેવી રોકી શકતા નથી એ વાત અલગ છે.’ રાજુએ નવો ટ્રેન્ડ જણાવ્યો.

‘રાજુ, નેતાલોગ આટલા બધા અધોગામી થઇ ગયા છે??’ મેં રાજુને સવાલ કર્યો.

‘ગિરધરલાલ, હવેની ચૂંટણીનો કોઇ ભરોસો નથી. મતદારો કોથળામાંથી બિલાડાને બદલે કોક્રોચ કાઢે છે. મને આપણા પક્ષમાંથી ફોર્મ પાછું ખેંચવા સાડા ત્રણ લાખ રૂપિયા અને હવેની ચૂંટણીમાં ટિકિટ આપવાની ખાતરી આપી છે. ઢોંગી પાર્ટીએ પાંચ લાખ રૂપિયાની ઓફર આપી છે. ભારતીય જુમલા પાર્ટીએ જુગારનો કેસ બંધ કરવા અને એક ખોખાની ઓફર આપી છે. વિધાનસભાની ચૂંટણીમાં ટિકિટ આપવાની અને હું જીતી જઉં તો મંત્રી બનાવવાની ગેરેંટી આપી છે. હજુ રાહ જોઉ તો ચૂંટણી લડ્યા વગર અબજોપતિ બની જાવ તેવા ચાન્સ છે. મારે અર્જુનની જેમ ચૂંટણીક્ષેત્રે યુદ્ધ કરવું જોઇએ કે ‘રાજુને કહો મુઠીમાં બાંધ રૂપિયા અને ચૂંટણી પલાયન એ જ કલ્યાણ’ કરવું જોઇએ?’ રાજુએ આશાભરી નજરે જોયું. રાજુની દશા તાજેતરમાં રિલીઝ થયેલ ગુજરાતી ફિલ્મ ‘ફાટીને?’ જેવી હતી...?

‘રાજુ વિચાર કરવાનો સમય નથી. જે મળે તે ગજવે ઘાલી લે. ‘ચૂંટણી ફોર્મ નાંખ નદીમાં, રૂપિયે માર્ગ ચાલ’ મેં એક જાણીતી કાવ્ય પંક્તિને ટવિસ્ટ કરીને રાજુને સલાહ આપી.

કહે છે કે ‘ખુદા દેતા હૈ તો છપ્પર ફાડ કે દેતા હૈ. હવે એમાં ખુદા દેતા હૈ તો ચૂનાવ કા પર્ચા ફાડકર દેતા હૈ’ એવી ઉક્તિનો પણ સમાવેશ કરી લેવો જોઇએ.

લક્ષ્મી ચાંદલો કરવા આવી તો રાજ મોઢું ધોવા ગયો નથી. રાજુએ કંકુના કર્યા છે. કંકુના છાંટણા કરી કરોડ રૂપિયાની કડકડતી કરન્સી વધાવીને નોટશાહીને મજબૂત કરી છે. જય નોટશાહી. જય વોટશાહી. ■

તસવીરની આરપાર
___ભાટી એન.
feedback@bombaysamachar.com

# ભરવાડ સમાજના ઐતિહાસિક લગ્ન એક નજર...





**ગુજરાતમાં** લકઝુરિયસ લગ્નમાં લખલૂટ ખર્ચ કરી સમાજમાં દેખાડો કરી રૂપિયાની બરબાદી કરે છે...!?. સાવ સાચી વાત છે...!. આજે અમુક જગ્યાએ હજુ ભભકાદાર લગ્ન જોવા મળે જ છે. તો સમાજમાં ગરીબ, મધ્યમ લોકોને જાકમજાળ લગ્ન પોસાય તેમ નથી તેને માટે સમાજ શ્રેષ્ઠીઓ આગળ આવી સમૂહ લગ્નની હિમાયત કરે છે, તો હવે દરેક જ્ઞાતિ પોતાની જ્ઞાતિ પૂરતા મર્યાદિત સમૂહ લગ્ન કરે જ છે, આ પહેલની જ્યોત એટલી પ્રગટી છે કે હવે તો નાનામાં નાની જ્ઞાતિ પણ જબરજસ્ત એકતા કરી એક્સ્ટ્રાઓર્ડિનરી લગ્ન કરી સમાજની દીકરીને પોતાની દીકરી ગણી ઉદાર હાથે ફાળો આપી અસંખ્ય વસ્તુઓ કરિયાવરમાં આપે છે અને આખા ઘરનું રાસ રચીલું આપે છે, સોના, ચાંદીનાં ઘરેણાં પણ આપે છે, આથી ગરીબ, મધ્યમ વર્ગ સમૂહ લગ્ન તરફ વળ્યા છે, તેના કારણે સમાજની એકતા વધે છે અને મેળાવડો થાય છે, તેમાં ભરવાડ (ગોપાલક) સમાજ પણ સમૂહ લગ્ન કરે છે, તેના કલરફુલ લગ્ન જોવા જેવા હોય છે તેનો પહેરવેશ કલરફૂલ હોય છે, વરરાજા પાઘડી, ચોયણી, કેડિયું, બંડી, ભરત ભરેલ તલવાર હોય ને પગમાં મોજડી હોય, તો કન્યા પણ મેકઅપ કરાવી મંડપ મધ્યે આવે છે...!!. સરસ કપડાં પહેરેલાં હોય પણ હજુ ભરવાડ સમાજમાં લાજ કાઢી લગ્ન કરે છે તે કુરિવાજ દૂર કરવા આશીર્વાદ લેવા માટે આવે ને સરકાર પાસેથી ૨૫ હજારનું કુંવર બાઈનું મામેરું લેવાનું હોય તેમાં ખુલા મોઢે ફોટા પાડવા પૂરતી લાજ ખુલ્લી કરી ફોટા પાડે છે, ને સમૂહ તસવીર બહુ કલરફૂલ જોવા મળે તેમાં ટ્રેડિશન ડ્રેસનો ચાર્મ નિહાળવા મળે છે, અને ભરવાડ સમાજ હુડો રાસ રમવાના શોખીન હોવાથી લગ્ન મંડપની બાજુમાં રાસોત્સવ રાખે છે, નામી ગાયક કલાકારને બોલાવી ને ઢોલ, સંગીતનાં તાલે હુડો રાસ રમતી બહેનો, ભાઈઓની મોજ ઔર હોય છે...!. હાથની થાપીઓ સામ સામી આપે ને તેનો અવાજ દિલમાં આનંદની ઊર્મિઓ જન્મે છે, એક હરોળમાં ઊભા રહી હુડો રાસ રમાય છે. આવો અનેરો અવસર મોરબી જિલ્લાનાં વાંકાનેર ખાતે મચ્છુ માતાજીનાં આંગણે તારીખ ૦૭/૦૨/૨૦૨૫ નાં ગોપાલક સમાજની ૫૮ દીકરીઓએ પ્રભુતામાં પગલાં પાડેલ,આ ૧૪ માં ગોપાલક સમાજનાં સમૂહ લગ્નમાં ગુર્જર વસુંધરાની લોક સંસ્કૃતિની ઝાંખી જોવા મળેલ. આજે હું આપને ભરવાડ (ગોપાલક)સમાજનો આછેરો ઇતિહાસ આપું.

હાથમાં ડાંગ લઇ ગાયોના ધણને હંકારતા, ટોળામાંથી આઘા પાછા થતાં વાછરડાઓને લલકારતા તથા ડાંગ વડે તેમને એકબાજુ કરી વારતા, એવા સીમ સીમાડાઓની વાટે ઉપરથી પસાર થતાં ભરવાડોને કોણે નહીં જોયા હોય ? અથવા વહેલી સવારમાં ઉનના દોરડાવાળી કાવડમાં આજુબાજુ દુધના બોઘડાં ટાંગી નજીકના શહેરોની હોટલોમાં દૂધ વેચવા જતા ભરવાડો કોણે નહીં જોયા હોય? જોકે ઘણાએ તેઓને જોયા તો હશે પરંતુ ગુજરાતમાં બહારથી અનેક જાતિઓ આવી. આવનાર જાતિઓ અહીં સ્થિર રહી. એટલું જ નહી, પણ સ્થાનિક સાથે ભળી જવાની પ્રક્રિયા પણ જોરદાર થઇ હોય એમ જણાય છે. આજે આપણે જેમને ભરવાડ નામથી સંબોધીએ છે તે પ્રકારનું નામ પ્રાચીનકાળમાં ક્યાંય જડતું નથી. પ્રાચીનકાળમાં ચાર વર્ણો હતા.પોતપોતાના ગુણકર્મ પ્રમાણે જુદી-જુદી જાતિઓ વર્ણ વ્યવસ્થામાં ગોઠવાઇ જતી. ખેતી અને ગોપાલન કરનારી વૈશ્યજાતિઓમાં ‘આભીર’નામની વૈશ્ય પ્રજા અપભ્રંશ ભાષા બોલતી. ‘ભરવાડો’ એટલે પશુ સાથે ભ્રમણ કરીને આજીવિકા મેળવનાર અથવા પશુપાલનનો વ્યવસાય કરતી કોમ, વ્યવસાયને કારણે આભીર પ્રજા ગોપાલ જે ગોપાલક તરીકે પ્રસિદ્ધ પામી છે તો ભરવાડ પ્રજા પણ બીજા વર્ણોની જેમ આભીરોમાં પણ પ્રદેશ કે વ્યવસાય પ્રમાણે નવમી સદીમાં જ્ઞાતિઓ પડી હોય એમ લાગે છે. (આભીર એ સંસ્કૃત શબ્દ છે. આભીર- આહીર) જેમ કે સોરઠમાં રહ્યા એ ‘સોરઠીયા’, મચ્છુકાંડના ‘મછોયા’, પંચાળના ‘પંચોળી’, વાગડના ‘વાગડીયા’, નાઘેરના ‘નાઘેર’, મરુ પ્રદેશના ‘મારુ’, અથવા ‘મારવાડી’. એ જ રીતે ભરુ પ્રદેશના ‘ભારુ’ અથવા ‘ભરવાડી’ કે ‘ભરવાડ’. આમ, ભરવાડ સમાજ સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાતમાં પથરાયેલો છે. સૌરાષ્ટ્રમાં ઝાલાવાડ, વઢવાણિયા, વાંકાનેરિયા, રાજકોટ, ગોંડલિયા અને જામનગર, હાલારના દસ પરગણા છે. જુનાગઢના સાત, અમરેલીના તેર, ભાવનગરના છ પરગણાઓ છે. શ્રીકૃષ્ણ ભગવાન નંદબાબાના પરિવારમાં ઉછરેલા તેમની જ આ બધી શાખાઓ છે. ■



## શ્રીકૃષ્ણના કાળથી તે આ જ પહેરવેશ

પુરુષો કરચલીવાળું કેડિયુ, ચોરણીને લાલ છેડાવાળી પાઘડી તેનો ખાસ પોષાક છે.

ઓખાઇ જોડા, ડાંગ અને કાંડામાં ચાંદીના કડા એ તેના આભૂષણ છે. કાનમાં સોનાના ફુલ અને ઠોરીયા પહેરવાનો અને ચાંદીનો કંદોરો કે ગળાની કંઠી પહેરવાનો લોકોમાં રિવાજ છે. સ્ત્રીઓ કમરે કાળા ધાબળા જેવું કપડુ જીમીની જેમ વીંટી પહેરે છે. તેને ઘુંસી કહેવાય છે. બદને કસવાળુ સુતરાઉ કાપડું પહેરે છે અને માથે કાળી ધાબળી ઓઢે છે. આ ધાબળી કે ઘુંસીમાં સફેદ દોરાની સુતરની ડિઝાઇન પણ વણવામાં આવી હોય છે. કન્યાના કપડાં સુતરાઉ હોય છે. મોટાભાગે લાલ કે લીલા રંગની ચોળી અને રંગબેરંગી ચુંદડી ઓઢાડવામાં આવે છે. આભૂષણમાં ગળામાં ચગદાવાળા પારાનો હાર, કાનમાં ચાંદીની પાંદડિયું, વેઢલા અને આકોટા લટકતા હોય છે. નાકમાં નથ પહેરે છે. પગમાં કાંબી, કડલા અને હાથમાં હાથી દાંતના બલૈયું પહેરે છે. જો કે હવે મોંઘવારીના કારણે હાથી દાંતના બલૈયાના બદલે પ્લાસ્ટિકના બલૈયા અને બંગડીઓ પહેરતા થયા છે. કારણ કે હાથી દાંતની કિંમત મોંઘી હોય છે. આમ, સમગ્ર ગુજરાતમાં એક સરખો પોષાક રહ્યો નથી એટલે કે તેમા ભિન્નતા જોવા મળે છે. આવા ભરવાડ સમાજ હવે એકતા પર ભાર આપે છે અને કુરિવાજને ત્યજી સમાજ એક થાય ને તેની પ્રગતિ થાય તેવું સ્તુત્ય કાર્ય કરે છે.

ટૂંકી વાર્તા

અજય સોની
feedback@bombaysamachar.com

# પપ્પા, તમારા ગયા પછી...

'પરિમલ સોસાયટી'

આટલું બોલતાં તો રશ્મિનું હૈયું ભરાઈ આવ્યું. કેટલા વખતે આ નામ હોઠે આવ્યું. રિક્ષામાં બેગ ગોઠવી પછી પોતે બેઠી. દૂપટ્ટાથી કપાળ પરનો પરસેવો લૂછી નિરાંતનો શ્ર્વાસ છોડ્યો. ત્રણ વરસ પછી આ શહેરમાં આવવાનું બન્યું હતું. રશ્મિના મનમાં જૂદો જ રોમાંચ ઉછાળા મારતો હતો. બહાર પસાર થતાં પરિચિત દશ્યો મનમાં ઊથલ-પાથલ મચાવી રહ્યા હતા. કેટકેટલું એકસામટું ભીતરથી બહાર આવવા મથતું હતું. જાણે કશુંક આ ક્ષણની રાહ જોઈ રહ્યું હોય. આમ પણ લગ્ન પછી આ શહેર હંમેશાં માટે છૂટી ગયું હતું. ક્યારેક આવવાનું થતું ત્યારે પણ પાછા જવાનું ન ગમતું. આછો ખટકો પણ હતો કે આટલે દૂર લગ્ન શા માટે કર્યા. બે-ત્રણ વરસે માંડ આવવા મળે.

સાત વરસ થયા લગ્નને હજી સુધી માંડ ચારેકવાર આવી હતી. છેલ્લી તો... ઉપરથી આનંદની જોબ એવી કે રજાઓ મળે નહીં. કારણ વિના રશ્મિ આવવાનું ટાળતી જ. આ વખતે તો નક્કી કરેલું કે ગમે તે થાય જવું જ છે. રસ્તામાં સતત એ જ વિચારો આવતા હતા. ઘર, શહેર, સ્કૂલ, મિત્રો બધું યાદ આવતું હતું. રશ્મિને પણ નવાઈ લાગી કે આ બધું જે ભુલાઈ ગયું હતું એ એકાએક ક્યાંથી મન પર ચડી આવ્યું.

જોકે, રશ્મિના મનમાં ઘણુંબધું અકબંધ સચવાયેલું હતું. અને તેણે મુસાફરી દરમ્યાન એ વાગોળ્યા કર્યું હતું. આ શહેરના રસ્તાઓ, પોતે પગ તળે ખુંદતી એ ગલીઓ, ઊંચા જૂના મેડીબંધ મકાનો, પોતાની સ્કૂલ, જેના ઘરે વારંવાર જતી એ બંગાલી છોકરીનું ઘર, જ્યાં ફરવા જવું બહુ ગમતું એ તળાવ, બાળપણથી યુવાની સુધી રહી હતી એ જૂનું ઘર, ઘરનો નાનકડો બગીચો, પપ્પા અને...

પપ્પાના અવસાનને ત્રણ વરસ થઈ ગયા હતા. લગ્ન પછી પણ રશ્મિની પપ્પા સાથે નિયમિત વાતો થતી. છેલ્લે વ્હોટ્સએપમાં વીડિયોચેટ અને ફોટાઓની આપ-લેથી એવું લાગતું કે સાવ પાસે જ બેઠા છે. નવો છોડ વાવે તો ફોટો પાડીને મૂકતા. રશ્મિ પણ કાંઈ નવું ખરીદે તો વાત કરતી. પહેલેથી બન્ને વચ્ચે સ્નેહસંબંધ હતો. રશ્મિની વિદાય વખતે રશ્મિ પપ્પાને વળગીને ખૂબ રડેલી જ્યારે પપ્પા એકપણ આંસુ સારી નહોતા શક્યા. છેવટ સુધી અડગ રહેલા પપ્પા તે પછી એક અઠવાડિયા સુધી સ્ટડી રૂમમાંથી બહાર નહોતા નીકળ્યા.

હજુ પણ માનવામાં નથી આવતું કે પપ્પા હવે નથી રહ્યા. મોડી રાત્રે ભાઈનો ફોન આવેલો કે, 'પપ્પા નથી રહ્યા ' રશ્મિ સોફા પર જ ફસડાઇ પડી હતી. આશ્ર્વાસન આપી રહેલો આનંદ જાણે બીજી જ કોઈ વ્યક્તિ હોય તેવું લાગતું હતું. રડી પણ નહોતું શકાતું, 'પપ્પા નથી રહ્યા' એ વાત કેમેય માનવામાં આવતી ન હતી. આનંદે કેટલાય ફોન કર્યા પછી માંડ એક ટેક્સીવાળાએ હા પાડેલી. આખી રાત આનંદ સમજાવતો રહ્યો કે થોડો આરામ કરી લે. ઊંઘ ન આવે તો પણ આંખો બંધ કરી નાખ, પણ આંખ બંધ કરતાંની સાથે પપ્પા યાદ આવતા હતા. એમનો શાલિન ચહેરો અને નિખાલસ સ્મિત આંખ પાસે તરવરતું હતું. સવારે સાત વાગ્યે પહોંચ્યા ત્યારે બધા એમની જ રાહ જોતા હતા. નીચે સૂતેલા પપ્પા પણ...

રશ્મિએ હળવો શ્ર્વાસ છોડ્યો. રિક્ષા ખાડામાં પછડાઈ અને ફરી ધીમી ગતિએ આગળ વધી. આટલા સમય પછી ઘરે જવાનો ઉત્સાહ મનમાં સમાતો ન હતો. આ વખતે તો પંદર-વીસ દિવસ રોકાવાનું નક્કી કરેલું. પપ્પાના ગયા પછી માની બહુ ચિંતા થતી હતી. મા હવે એકલી થઈ ગઈ છે એ જાણીને રશ્મિ મનોમન દુ:ખી થતી હતી. જીવ ખેંચાતો હતો. મા સાથે ફોન પર વાતો થતી. ક્યારેક વળી ભાઈ વ્હોટ્સએપમાં ફોટા મૂકતા. એનું સૂનું કપાળ અને મ્લાન ચહેરો જોઈ રશ્મિ રડી પડતી. પપ્પાના ગયા પછી મમ્મી સાવ ભાંગી પડી હતી. એ આઘાતમાંથી બહાર આવતાં એને ઘણો સમય લાગેલો. રશ્મિ ફોન પરથી આશ્ર્વાસન આપતી. એ પોતે પણ સમજતી હતી કે પોતાના શબ્દો મમ્મીને બોદા લાગવાના છે.

એકવાર મમ્મી બોલેલી કે, 'બેટા, તારા ભાઈ-ભાભી અહીં છે તો સારું છે, નહીંતર હું જીવી ન શકત. આ સાંભળીને રશ્મિ સાવ ઢીલી પડી ગઈ હતી. મમ્મી એકલી નથી એ વાતે સારું લાગતું હતું, પણ રશ્મિને અંદરથી એ વાત ખોતરી રહી હતી કે જેટલી ફરજ ભાઈ-ભાભીની છે તેટલી જ ફરજ મમ્મીને સાચવવાની પોતાની પણ છે. તે દિવસે રશ્મિ આખો દિવસ ઉદાસ રહી હતી.

પહેલીવાર મમ્મીથી આટલા દૂર હોવાનું દુ:ખ સમજાઈ રહ્યું હતું. રાતે આનંદે કહેલું કે થોડા દિવસ ફરી આવ, પણ રશ્મિ જાણતી હતી કે પોતે ત્યાં જશે તો અહીં આનંદ હેરાન થઈ જશે. એમને બહારનું જમવાનું જરાય નથી ફાવતું અને જોબનું એટલું પ્રેશર હતું કે એ પોતે રજા લઇ શકે તેમ ન હતો. મોડી રાત્રે મમ્મીને ફોન કરેલો. વાતવાતમાં રશ્મિએ કહેલું પણ ખરું કે હું થોડા દિવસ ત્યાં આવવાનું વિચારું છું. તને સારું રહેશે. પણ આનંદની જોબ... સામે મમ્મીનો જવાબ સાંભળી રશ્મિ ઘડીક સ્તબ્ધ થઈ ગયેલી :

રહેવા દે રશ્મિ, આટલે દૂરથી ધક્કો ખાવાની શી જરૂર છે. ભાઈ-ભાભી છે ને, જે ગયું છે એ પાછું નથી આવવાનું. ધીરે ધીરે મન માની જશે. એ પછી મમ્મીએ ભજન-મંડળીમાં જવાનું શરુ કરેલું છે એ અને મોરારીબાપુની કથાની વાતો કરતી હતી, પણ રશ્મિને લગીરે રસ નહોતો પડતો. એનું મન ભારે થઈ ગયું હતું.

સોસાયટીના ગેટ પાસેથી પસાર થઈ રિક્ષા અંદર પ્રવેશી. ચારેતરફ ફરતી નજરે ઘણુબધું અંકે કરી લીધું. કેટલાય મકાનો રંગાઈને નવા બની ગયા હતા.ખાલી પ્લોટની જગ્યાએ રૂપાળાં મકાનો ઊગી નીકળ્યા હતા. એ મનોમન ઘરની કલ્પના કરવા લાગી. નવા ઘરને ખાસ્સા આઠ-દસ વરસ થયા હતા. મમ્મી અને ભાઈ તો ના જ પાડતાં હતા, પણ પપ્પાએ જિદ્દ કરીને સ્ટડીરૂમ બનાવડાવ્યો હતો.

> **સામેની દીવાલ પર લાગેલી ફોટો ફ્રેમને એ જોઈ રહી... જેમાં પોતાનો તથા પપ્પાનો સાથે ફોટો હતો ત્યાં ભાઈ-ભાભીનો ફોટો લાગી ગયો હતો....**

બાપ- દીકરીને વાંચવાનો બહુ શોખ હતો. રશ્મિનો મોટા ભાગનો સમય એ રૂમમાં પસાર થતો. આનંદ સાથે સગાઇ થઈ તે પછી તો રાત્રે એકલી રૂમમાં સૂઈ રહેતી. રાત્રે મોડે સુધી ફોન પર વાતો થતી. રાતના આકાશને તાક્યા કરવું રશ્મિને બહુ ગમતું. ઠંડી હવાની લહેરખી આવતી અને આનંદ તીવ્રપણે યાદ આવતો.

ઘરના આગળના ભાગમાં નાનકડો બગીચો બનાવેલો. પપ્પાની આરામખુરશી ત્યાં જ રહેતી. ફુરસદની ક્ષણોમાં પપ્પા ત્યાં બેસી રહેતા. સાંજ પડ્યે બાપ-દીકરી ફૂલ-છોડની કાળજી લેવામાં વ્યસ્ત થઈ જતાં. બન્ને વચ્ચે ગજબનું બોન્ડિંગ હતું.

ઘણીવાર કોઈ વાતે બન્ને એક થઈ જતાં અને મમ્મી એકલી પડી જતી. ત્યારે મમ્મી વ્યંગમાં બોલતી : એકવાર સાસરે જવા દે. પછી બધી ખબર પડી જશે. ત્યાં ગયા પછી અહીંનું કશું યાદ નહીં રહે.

રશ્મિ ઉતાવળી થતી રિક્ષામાંથી સૂટકેસ લઇ પૈસા ચૂકવી ગેટ પાસે જવા દોડી. આંગણામાં ઊભેલી કાર જોઈને ઘડીક આનંદ થયો. ત્યાં જ આસપાસ નજર દોડાવી પણ નજરને ધક્કો વાગ્યો. બગીચો, આરામખુરશી, ફૂલ, છોડ, ઘાસ. ક્યાં ગયું બધું?

આછો અણગમો એની નજરમાં આવી ગયો. ત્રાંસી નજરે કાર તરફ જોઈ રહી. હળવેકથી ગેટ ખોલી અંદર આવી. મમ્મીને ફોન કરીને આવવાના સમય વિશે જાણ કરી દીધેલી. કદાચ આજે બપોરે સૂતી પણ નહીં હોય. સવારથી સત્તર વાર ભાભીને પૂછ-પૂછ કર્યા કરતી હશે કે ક્યારે આવશે રશ્મિ...?

બે-ત્રણવાર ડોરબેલ વગાડી ત્યારે ભાભીએ દરવાજો ખોલ્યો. એમના ચહેરા પર બપોરના ઊંઘની સુસ્તી હતી. વાળ વિખરાયેલા હતા. અજાણ્યાની જેમ એકચોટ રશ્મિને જોઇ રહ્યા. જાણે ભૂલી ગયા હોય, અથવા ચહેરો યાદ કરવાનો પ્રયત્ન કરતા હોય એમ થોડીવારે એમના મોઢામાંથી દબાયેલો અવાજ નીકળ્યો :

અરે, આવો...આવો રશ્મિબેન

વજનદાર બેગ પરાણે ઊંચકતી હોય તેમ એ અંદર આવી. ઉતાવળી નજર ઘડીકમાં તો બધે ફરી વળી. ડ્રોઈંગરૂમમાં કશુંયે પરિચિત ન હતું. પોતે આ ઘરમાં રહી છે એવી એકેય નિશાની દેખાતી ન હતી. બધી જગ્યાએ અજાણ્યાપણું છતું થતું હતું. દીવાલો તો એ જ હતી, પણ અંદરની હવા જાણે બંધિયારપણાનો ભાવ પેદા કરતી હતી. દીવાલો પર પોતાને ન ગમતો પિસ્તા કલર હતો. સોફા તો એ જ હતા, પણ એના વાઈટ કવર સાવ અલગ પડી જતા હતા. રશ્મિ રૂમની વચ્ચોવચ્ચ થાંભલાની જેમ ખોડાઈ ગઈ. ભાભી પાણીનો ગ્લાસ લઈ આવ્યાં.

એક શ્ર્વાસે પાણી ગટગટાવી ગઈ. પછી ઊંડો શ્ર્વાસ છોડ્યો. હોઠ પર હાથ ફેરવતી સામેની દીવાલ પર લાગેલી ફોટો ફ્રેમને જોઈ રહી.

જેમાં પોતાનો તથા પપ્પાનો સાથે ફોટો હતો ત્યાં ભાઈ-ભાભીનો ફોટો લાગી ગયો હતો...પપ્પાના જન્મદિવસે ખાસ મોકલાવેલું બુક આકારનું દીવાલ ઘડિયાળ ક્યાંય દેખાતું ન હતું.

– ભાઈ ઓફિસે ગયા છે?

– હા, હમણાંથી એમને બહુ કામ રહે છે. તમારા માટે ચા બનાવું કે કોફી...?

ભાભીએ સપાટ સ્વરે પૂછ્યું. રશ્મિ ભાભી સામે જોઈ રહી.

– તમને તો ખબર છે, હું ક્યાં ચા પીઉં છું...

રશ્મિના અવાજમાં અજાણતાં જ ઉદાસી ભળી ગઈ.

– તમે આવ્યા તેને ઘણો વખત થઇ ગયોને... હવે તમારી પસંદ યાદ નથી રહી. અમે ઘરમાં કોઈ કોફી નથી પીતા. ક્યારેક મહેમાન આવે ત્યારે...

ભાભીનો અવાજ ધીમો પડી ગયો. એ આછું હસીને રસોડામાં ચાલ્યાં ગયાં. રશ્મિ સ્થિર નજરે એમને જતાં જોઈ રહી. ઊભા રહેવું કે બેસવું એ વિચારમાં રશ્મિ ત્યાં જ ખોડાયેલી રહી. મમ્મી કદાચ સૂતી હશે, નહીંતર પોતાનો અવાજ સાંભળીને તરત બહાર આવી હોય. એને વરસોથી બપોરે ઊંઘવાની ટેવ છે, પણ આજે તો એને ખબર છે કે હું આવવાની છું તો પણ નિરાંતે સૂઈ ગઈ...

રશ્મિએ બેગ સોફા પાસે રાખી. પરાણે પગને સ્ટડીરૂમ બાજૂ વાળ્યાં. ત્યાં પહોંચતા સુધીમાં તો કેટલુંયે યાદ આવી ગયું. પપ્પાની સ્મૃતિ તાજી થઈ ગઈ. આ જ સ્ટડીરૂમમાં એક સાંજે પપ્પાએ પૂછેલું. આનંદ ગમે છે..? અને રશ્મિ શરમાઈને પપ્પાને વળગી પડેલી. પપ્પા હળવા હાથે વાસો પસવારતા રહ્યા હતા. એ પછી બન્નેમાંથી એકેયને કશું કહેવાની જરૂર રહી ન હતી. એકાએક રશ્મિને પપ્પાનો વિચાર આવેલો અને એ રડી પડેલી.

અજાણી જગ્યાએ જતી હોય એમ ડરતાં ડરતાં રશ્મિએ સ્ટડીરૂમનો દરવાજો ખોલ્યો. જાણે દરવાજો ખોલતાં જ ભેખડો એની ઉપર આવી પડશે. અંદર જતાં જ હોઠ પરસ્પર ભીડાઈ ગયા. સામેની દીવાલ પર ભાભીનું પોસ્ટર હતું. રશ્મિ અંદર આવીને અટકી ગઈ. નજર પલંગની ચોળાયેલી બેડશીટના સળ ઉકેલવા મથી રહી હતી. ઘડી બે ઘડીમાં ચારેબાજૂ નજર ફેરવી લીધી. રૂમની હવામાં તેજાબ હોય એમ અંદર લાહ્ય બળતી હતી. શ્ર્વાસ રુંધાવા લાગ્યો. જાણે ધરતી ધ્રુજી રહી હોય તેવું લાગ્યું. દીવાલનો ટેકો લઈ એ ઊભી રહી. પોતે અને પપ્પા જે રૂમમાં કલાકો સુધી બેસતાં, વાતો કરતાં, જ્યાં જીવનની મુગ્ધ ક્ષણો માણી હતી ત્યાં હવે ઘણું બધું બદલાઇ ગયું હતું. જાણે પપ્પા નથી એની સાથે આ ઘરમાંથી ઘણું બધું ચાલ્યું ગયું છે. જ્યારથી અહીં આવવાનો વિચાર કર્યો છે ત્યારથી મનમાં છલકાતો હરખ એકાએક તળિયે જઈ બેઠો. ચહેરા પર થાક ઊતરી આવ્યો. રશ્મિની નજર બારી બહાર ગઈ.

પોતે રહેતી ત્યારે બારીમાંથી ખેતરનો લીલો પટ્ટો દેખાતો. રાતે ચાંદનીમાં લહેરાતો પાક જોઈને એ કોઈ બીજી જ દુનિયામાં વિહરવા જઈ ચડતી. તેની જગ્યાએ અત્યારે હાઈ-વે રસ્તો દેખાય છે. વાહનોની ઘરઘરાટી સાવ પાસે આવીને જાણે ડરાવી રહી છે.

– લ્યો કોફી.

ભાભી પાછળથી આવીને રશ્મિની બાજૂમાં ઊભા રહી ગયાં. રશ્મિએ એકાએક ભાભી બાજૂ જોયું. કોફીનો કપ હાથમાં લેતાં એની આંખો ઘડીક પહોળી થઈ ગઈ. એ ભાભીની સામે સૂચક નજરે જોઈ રહી.

– ભાભી, આ...

રશ્મિ આગળ ન બોલી શકી. એનો હાથ બધું બયાન કરતો હતો.

– પપ્પાના ગયા પછી આ રૂમ આમેય ખાલી રહેતો હતો. એટલે અમે રિનોવેટ કરીને બેડરૂમ બનાવી નાખ્યો. અને અમારા રૂમમાં મમ્મી રહે છે. મંદિર પણ એજ રૂમમાં રખાવ્યું છે. પહેલા આ રૂમ રોકાઇ રહેતો એટલે ઘણી તકલીફ રહેતી. હવે સારું રહે છે. હમણાં ઘરમાં ઘણાં ચેઈન્જિસ કરાવ્યા...

રશ્મિ એક ઘૂંટથી વધુ કોફી ન પી શકી. કપ બાજૂ પર મૂકતાં અચાનક યાદ આવ્યું.

– અહીંનો બધો સામાન...? પુસ્તકો અને.... રશ્મિના હોઠે શબ્દો ચડતા ન હતા.

– એ બધું પબ્લિક લાઈબ્રેરીમાં આપી દીધું. મમ્મી જ રિક્ષા કરીને બધું આપી આવ્યાં હતાં .

– મારી ડાયરી પણ

રશ્મિ વાક્ય પૂરું ન કરી શકી. એ ઝડપથી રૂમની બહાર નીકળી ગઈ. એને લાગ્યું હવે વધારે વાર અહીં નહીં ઊભી રહી શકાય. ત્યાં જ પાછળથી ભાભીનો અવાજ આવ્યો.

– મમ્મી સૂતા છે. હમણાંથી એમને બ્લડપ્રેશરની તકલીફ રહે છે. બપોરની ઊંઘ બગડે તો એમની તબિયત સારી નથી રહેતી. તમે અહીં આરામ કરો.

ભાભીને પોતાના સ્ટડીરૂમમાં જતાં રશ્મિ જોઈ રહી. અવઢવમાં ઊપડતા એના પગ ખૂણામાં પડેલી સૂટકેસ સાથે અથડાયા અને રશ્મિ નીચે ઢળી પડી. આંખમાંથી આંસુ ખરીને સૂટકેસના હેન્ડલ પર પડ્યા. પાછળથી દરવાજો બંધ થવાનો અવાજ આવ્યો. એને મમ્મીના રૂમમાં જવું હતું પણ પગ ઊપડતાં ન હતા... ■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| LAC | ગળતર |
| LACK | લાખ |
| LAKE | ચાટવું |
| LEAK | અછત |
| LICK | સરોવર |

### ઓળખાણ પડી?



મુખ્યત્વે અમેરિકામાં દેખાતા અને અન્ય પક્ષીના માળામાં ઈંડાં મૂકતા પક્ષીની ઓળખાણ પડી? જન્મ પછી બચ્ચા માનો અવાજ ઓળખી માળો છોડી દે છે.

અ) Hummingbird બ) Mintbird ક) Indigobird ડ) Cowbird

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ક | ૨ ક | ડ | ૩ ધ | ૪ જ | ■ | ૫ ર | ૬ વિ | ૭ વા | ૮ ર |
| ૯ મો | ક્ષ | ■ | ૧૦ વ | ર | ૧૧ ખ | ■ | ૧૨ ચા | મ | ડી |
| સ | ■ | ૧૩ ચા | લ | ■ | ૧૪ ત | સ્ક | ર | ■ | ય |
| ૧૫ મી | ૧૬ ન | ■ | ૧૭ ગિ | ટા | ર | ■ | ૧૮ સ | ૧૯ વા | લ |
| ■ | ડ | ■ | રિ | ■ | ૨૦ ના | ૨૧ મ | ર | જી | ■ |
| ૨૨ સા | ત | ત્ય | ■ | ૨૩ નો | કા | રા | ણી | ■ | ૨૪ ખ |
| ૨૫ સ | ર | ■ | ૨૬ ભો | ટ | ■ | લ | ■ | ૨૭ પા | રી |
| ર | ■ | ૨૮ સં | ■ | ■ | ૨૯ શું | ■ | ૩૦ ચં | પા | ■ |
| ૩૧ વા | ૩૨ દ | વિ | વા | ૩૩ દ | ■ | ૩૪ ડા | ■ | ■ | ૩૫ ધા |
| ૩૬ સ | ર | ત | ■ | ૩૭ શ | ર | મ | જ | ન | ક |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ■ | ૪ | | ૫ | |
| | ■ | ૬ | | ■ | ૭ | ■ | ■ | | ■ |
| ૮ | | | ■ | ■ | ૯ | ૧૦ | ૧૧ | | |
| | ■ | | ■ | ૧૨ | | | | ■ | ■ |
| ■ | ૧૩ | | ૧૪ | ■ | | ■ | | ■ | ૧૫ |
| ૧૬ | | ■ | | ■ | ૧૭ | ૧૮ | ■ | ૧૯ | |
| | ■ | ૨૦ | | | ■ | ૨૧ | | | ■ |
| ૨૨ | | | | ■ | ૨૩ | | | ■ | ૨૪ |
| | ■ | | ■ | ૨૫ | | ■ | ■ | ૨૬ | |
| ૨૭ | | | | ■ | ૨૮ | | | | ■ |

**આડી ચાવી**

૧. જોરદાર, પૂરજોશમાં, સપાટાબંધ (૫)
૪. સમાવાયેલું (૪)
૬. પ્રસ્તુત, નજર સામે રાખેલું (જો.છૂ.) (૨)
૮. બળજબરીથી ઉપાડી જવું તે (૩)
૯. વીર્યવર્ધક ઔષધ પ્રયોગ (૫)
૧૨. જાતે કરેલી અનુભૂતિ (૪)
૧૩. મેરા --- મહાન (૩)
૧૬. એક ગરમ તેજાના (૨)
૧૭. બેટા એક નંબરી, બાપ --- નંબરી (૨)
૧૯. પગનું તળિયું (૨)
૨૦. વખાણ, પ્રશંસા, વ્યાખ્યાન (૩)
૨૧. આવક-જાવકનો અંદાજ (૩)
૨૨. ફટાફટ, ઝડપથી (૪)
૨૩. વિઘ્ન, સમસ્યા (૩)
૨૫. ---નો ભાઈ એટલે બાઘો કે મૂર્ખ, બેવકૂફ (૨)
૨૬. ગધેડો (૨)
૨૭. ખૂબ દર્દ આપનાર (૪)
૨૮. થાક લાગવો તે (૪)

**ઊભી ચાવી**

૧. વારસો, વિરાસત, ખજાનો (૪)
૨. ધોરણ પ્રમાણે (૫)
૩. એક પ્રકારનો સૂકો મેવો (૨)
૫. બગાડ (૩)
૭. ભાવ પ્રમાણેનો અનુવાદ (૫)
૧૦. --- અટકવી એટલે બોલતાં તોતડાવું (૨)
૧૧. કવિતા, લેખન વગેરે (૩)
૧૩. વજનદાર, ખૂબ (૨)
૧૪. હોહા, હોબાળો, સનસનાટી (૪)
૧૫. બે --- ચાર (૨)
૧૬. મનને ગમતું (૫)
૧૮. પાઠ, શિક્ષા, ઉપદેશ બોધ (૩)
૧૯. લાકડાનો પલંગ (૨)
૨૦. ધ્યાનની બુદ્ધિષ્ઠ પ્રણાલિ (૪)
૨૩. સાથ (૩)
૨૪. ઢગલો (૨)
૨૬. છ, ઠગ, લબાડ આદમી (૨)

### ગુજરાત મોરી મોરી રે

'નિયમના બંધન તોડનારને થોડો સમય લાભ થાય' જેવો અર્થ ધરાવતી કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

સરખું તેનું લાજ રાજ મૂકી નાનું જેણે

### માતૃભાષાની મહેક

કોઈ પણ બાબતનો વિચાર કરવો એ આસાન છે, પણ એ વિચાર અમલમાં મૂકવો એ ખૂબ જ મુશ્કેલ કામ છે. બહુ ઓછા લોકો એ પ્રમાણે કરી શકે છે. કવિ ભાનુભાઈ વ્યાસની ચોટદાર પંક્તિઓ આ વાત સમજાવે છે: વિચારો એવા કે અવનિ પર રાજ્ય કરવું, પરિસ્થિતિ એવી કે રખડી રઝળી પેટ ભરવું.

### સુડોકુ-૮૦૧૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | | ૭ | | | | ૪ | | |
| ૮ | | | | ૧ | | | ૩ | |
| ૩ | | | ૪ | | ૨ | | | |
| | | | | ૮ | | | ૯ | |
| ૨ | | | | ૬ | | | | ૫ |
| | ૬ | | | ૩ | | | | |
| | | | ૫ | | ૮ | | | ૯ |
| | ૪ | | | ૭ | | | | ૩ |
| | | ૯ | | | | ૨ | | ૧ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૮૦૦૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૮ | ૫ | ૬ | ૩ | ૯ | ૨ | ૪ | ૧ |
| ૨ | ૩ | ૬ | ૮ | ૧ | ૪ | ૯ | ૭ | ૫ |
| ૧ | ૯ | ૪ | ૫ | ૨ | ૭ | ૬ | ૩ | ૮ |
| ૫ | ૪ | ૭ | ૧ | ૬ | ૮ | ૩ | ૯ | ૨ |
| ૩ | ૨ | ૯ | ૪ | ૭ | ૫ | ૮ | ૧ | ૬ |
| ૬ | ૧ | ૮ | ૨ | ૯ | ૩ | ૪ | ૫ | ૭ |
| ૯ | ૫ | ૧ | ૩ | ૮ | ૬ | ૭ | ૨ | ૪ |
| ૮ | ૭ | ૨ | ૯ | ૪ | ૧ | ૫ | ૬ | ૩ |
| ૪ | ૬ | ૩ | ૭ | ૫ | ૨ | ૧ | ૮ | ૯ |

### ઈર્શાદ

સ્નેહભરી સૃષ્ટિ બધી, સ્નેહ જ સુખનું મૂળ,
સ્નેહામૃત ચાખ્યા વિના ગઈ જિંદગી ધૂળ.
-- પ્રભુલાલ દ્વિવેદી

### ચતુર આપો જવાબ

અર્થ જણાવો

'લાખ જજો પણ શાખ ન જશો' કહેવતમાં શાખ શબ્દનો અર્થ જણાવો.

અ) શરમ બ) આબરૂ ક) ડાળી ડ) સુગંધ

### માઈન્ડ ગેમ

સૂર્યમાળાના દરેક ગ્રહને ઉપગ્રહ હોય છે. કયા ગ્રહને સૌથી વધુ ઉપગ્રહ છે એ અવકાશ વિજ્ઞાનનું જ્ઞાન ચકાસી જણાવો.

અ) મંગળ બ) ગુરુ ક) પ્રજાપતિ ડ) શનિ

### ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| PLUCK | વીણવું |
| PLANK | પાટિયું |
| PLUNGE | ડૂબકી |
| PLEAD | વિનંતી |
| PLEDGE | ગીરો મૂકવું |

ગુજરાત મોરી મોરી રે
કરે ચાકરી તો પામે ભાખરી

ઓળખાણ પડી?
ઘોરાડ

માઈન્ડ ગેમ
૧ કરોડ ૯૬ લાખ

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
સુગંધ


### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ધીરેન્દ્ર ઉદેશી (૩) ગીતા ઉદેશી (૪) પ્રતીમા પમાણી (૫) સુરેખા દેસાઈ (૬) નીતા દેસાઈ (૭) ભારતી બુચ (૮) ખુશરૂ કાપડિયા (૯) મુલરાજ કપૂર (૧૦) શ્રદ્ધા આશર (૧૧) નંદકિશોર સંજાણવાળા (૧૨) લજિતા ખોના (૧૩) મીનળ કાપડિયા (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) નિખિલ બંગાળી (૧૬) અમીશી બંગાળી (૧૭) અશોક સંઘવી (૧૮) પુષ્પા પટેલ (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) મહેન્દ્ર લોઢાવિયા (૨૨) ડો. પ્રકાશ કટકિયા (૨૩) ભારતી પ્રકાશ કટકિયા (૨૪) મહેશ દોશી (૨૫) કલ્પના આશર (૨૬) સુભાષ મોમાયા (૨૭) નયના ગિરીશ મિસ્ત્રી (૨૮) જ્યોત્સના ગાંધી (૨૯) રમેશ દલાલ (૩૦) હિના દલ (૩૧) ઈનાક્ષી દલાલ (૩૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૩) વિણા સંપટ (૩૪) દેવેન્દ્ર સંપટ (૩૫) નિતીન બજરિયા (૩૬) તાહેર ઔરંગાબાદવાલા (૩૭) શીરીન ઔરંગાબાદવાલા (૩૮) અબ્દુલ્લા એફ. મુનીમ (૩૯) અંજુ ટોલિયા (૪૦) અરવિંદ કામદાર (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) મહેશ સંઘવી (૪૪) ભાવના કર્વે (૪૫) નૂતન વિપીન શાહ (૪૬) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૭) જગદીશ ઠક્કર

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## હૈયામાં જો હોય હામ તો...



શારીરિક ક્ષમતાની મર્યાદા હોય, પણ હૈયાની હામ અમર્યાદિત હોય એવા અનેક પ્રસંગો દેશ - વિદેશમાં અનેક વર્ષોથી આપણે જોયા છે - સાંભળ્યા છે અને હવે પછી પણ સાંભળતા રહેશું.

દેહરાદૂનમાં આયોજિત રાષ્ટ્રીય રમતોત્સવની ૧૦ હજાર મીટરની રેસમાં પગમાં ફિટ ન બેસે એવા શૂઝ હોવા છતાં ઉત્તરાખંડની સોનિયા સ્પર્ધામાં સહભાગી થઈ. આવી ડેરિંગ કરવાથી મજૂરની દીકરી સોનિયાને બ્રોન્ઝ મેડલ તો મળ્યો જ, સાથે છ લાખ રૂપિયાનું રોકડ ઈનામ અને સુરક્ષિત ભવિષ્યનું સપનું સાકાર થાય એવી સરકારી નોકરી મળી ગઈ એ છોગામાં.

૧૯૬૦ના ઓલિમ્પિક્સમાં પણ આવી એક ઘટના બની હતી. માપસર જૂતા નહીં મળવાને કારણે ઇથિયોપિયાના દોડવીર અબેબે બિકીલાએ ઉઘાડે પગે મેરેથોન રેસ (૨૬.૨ માઈલ = ૪૧.૯૨ કિલોમીટર) દોડી, ફર્સ્ટ આવી ગોલ્ડ મેડલ તો મેળવ્યો જ હતો, પણ નવા વર્લ્ડ રેકોર્ડની સિદ્ધિ સુધ્ધાં મેળવી હતી. આ અદભુત વિજયને પગલે ઈથિયોપિયાના એથ્લેટિક્સમાં નવો સૂરજ ઉગ્યો, જેના અજવાળા આજે પણ ઠેર ઠેર પથરાયેલા જોવા મળે છે.

## દર્પણ દાગતરના દીદારમાં...




અરીસામાં જોઈ પોતાની ખૂબસૂરતી પર ફિદા થવું એ દરેક સન્નારીનો જન્મસિદ્ધ જ નહીં, આજીવન હક છે. વેણીભાઈ પુરોહિતની પંક્તિઓ ‘તારી આંખનો અફીણી, તારા બોલનો બંધાણી, તારા રૂપની પૂનમનો પાગલ એકલો’ સાંભળવા દરેક નારી થનગનતી હોય છે. અલબત્ત, ‘દર્પન જૂઠ ના બોલે’ એમ અરીસો સંકોચ રાખ્યા વિના ચહેરા પરની કરચલીઓ પણ દેખાડી દે છે.

જોકે, ટૅકનોલૉજીના ક્રાંતિ કાળમાં હવે દર્પણ દાગતર (ડોક્ટર)ના દીદારમાં જોવા મળશે. પગથી માથા સુધીનું ‘દર્શન’ કરાવી આપતું આ દર્પણ મહિલાનું (પુરુષનું સુધ્ધાં) વજન તો જણાવશે એની સાથે શરીરમાં ચરબીનું પ્રમાણ, સ્નાયુની સ્નિગ્ધતા પ્રમાણસર છે કે નહીં એની જાણકારી આપશે. એટલું જ નહીં, હાર્ટની કોઈ તકલીફ હશે ECG પણ કાઢી આપશે. તમારા શરીરમાં કોઈ તત્વ (કેલ્શિયમ, આર્યન, પોટેશ્યિમ વગેરે)ની ઉણપ હશે તો એની સામે આંગળી ચીંધશે અને બરાબર નીંદર થાય છે કે નહીં એનું પણ ધ્યાન રાખશે. જો શરીરમાં કોઈ ગરબડ ધ્યાનમાં આવે તો હેલ્થ રિપોર્ટ ડોક્ટરને મોકલી શું કરવું ને શું નહીં એની જાણકારી પણ આપશે. ટૂંકમાં, મિરર બની જશે તમારો મેડિકલ એડવાઈઝર ...

## હવે ઢીંગલી કહેશેઃ ચાલો, દાદાજી.. દવા લઈ લો !



જમાનો બદલાઈ રહ્યો છે. જમાનો ટૅકનોલૉજી હાવી થવાનો છે. સાત વર્ષની ઢીંગલી સિત્તેર વર્ષના દાદા કે દાદીની દેખભાળ કરી એમની દૈનિક જરૂરિયાતનું ધ્યાન પણ રાખશે. વાત પૌત્રી અને દાદી-દાદાના સ્નેહની જ છે, પણ અહીં દાદા - દાદી મારા તમારા જેવા પ્રેમાળ મનુષ્ય છે, પણ પૌત્રી AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ)ની મદદથી તૈયાર કરવામાં આવેલી ડોલ- ઢીંગલી છે. AI સંચાલિત રોબોટ ઢીંગલીને વિશિષ્ટ તાલીમ આપવામાં આવી છે અને એના આર્ટિફિશિયલ બ્રેનમાં એવી માહિતી ભરવામાં આવી છે જેની સહાયતાથી એ દાદા - દાદીને ‘દવા લેવાનો ટાઈમ થઈ ગયો છે’ કે ‘ચાલો જમવા બેસી જાવ’ જેવી મહત્ત્વની વાતનું ટાણું સાચવી જ લેશે એ સાથે ‘ગીત ગાતા હૂં મૈં ગુનગુનાતા હૂં મૈં’ ગણગણી તેમજ ‘કેબીસી’ જેવી ક્વિઝ રમાડી વડીલના અંતરના ઓરડામાં ઉજાસ પાથરવાનું પણ કામ કરશે. જો કોઈ ઈમરજન્સી આવી પડે તો ટૅકનોલૉજી (સ્માર્ટ ડિવાઈસ)ની મદદથી આરોગ્ય સેવાને સાવધ કરી સમયસર મદદ પહોંચે એનું ધ્યાન પણ રાખશે. ટૂંકમાં વડીલોને વસતિ લાગશે. એમને બીજું જોઈએ પણ શું?

## ૫૭ વર્ષના શખ્સને ૪૭૫ વર્ષની સજા, હેં!



જીદ, સ્વાર્થ કે જનૂન માટે માણસ માણસ સાથે લડાઈ કરતો હોય છે. માણસ - માણસને લડાવી પણ મારતો હોય છે. આ જ માણસ વિકૃત આનંદ માટે પ્રાણી - પ્રાણી વચ્ચે લડાઈ પણ કરાવતો હોય છે. કોઈનું રોણું કોઈનું જોણું બની જાય છે. અલબત્ત, યુદ્ધ કોઈ પણ હોય, ક્રૂર જ હોય છે. એનું સમર્થન ક્યારેય ન થઈ શકે. ‘મરઘાંની લડાઈ’, ‘આખલાઓની લડાઈ’, ‘બુલબુલ પક્ષીના મુકાબલા’ વગેરે આપણે ત્યાં જાણીતા છે. યુએસએ, મેક્સિકો તેમજ યુરોપના અમુક દેશમાં ‘ડોગ ફાઈટિંગ’ - શ્વાનોની લડાઈ’ નામનો લોહિયાળ ખેલ મનુષ્ય સ્વભાવની વિકૃતિનું પ્રતિબિંબ છે.

આ ખેલ માટે શ્વાનને પાળી તેને લડાઈ માટે તૈયાર કરવાની ગેરકાયદે પ્રવૃત્તિ જોરશોરમાં ચાલે પણ છે. યુએસના જ્યોર્જિયા સ્ટેટના ૫૭ વર્ષના વિન્સેન્ટ બરેલ નામના શખ્સને ખાસ નસલના શ્વાનને ગેરકાનૂની ડોગ ફાઇટ માટે ‘તૈયાર કરવા’ બદલ કોર્ટે ૪૭૫ વર્ષની સજા ફટકારી છે. ડોગ ફાઈટિંગ માટે ફટકારવામાં આવેલી આ સૌથી લાંબી અવધિની સજા છે. બીજા લોકો જાનવરો સાથે અમાનવીય વ્યવહાર કરતા અટકે અને ક્રૂરતા કોઈ કાળે સાંખી નહીં લેવાય એ સંદેશો જનતાના દિલમાં સોંસરવો ઊતરી જાય એ આશય સાથે આવી લાંબી સજા કરવામાં આવી છે. વિન્સેન્ટ આ જન્મે તો પૂરી સજા નહીં ભોગવી શકે તો શું પુનર્જન્મમાં એણે બાકીની સજા ભોગવવાની? અને હા, કેટલા જનમ લાગશે આ સજા ભોગવતા ?!

## લ્યો કરો વાત!

*ઓલિમ્પિકસના જન્મસ્થાન તરીકે ખ્યાતિ ધરાવતા ગ્રીસ દેશનું ફેવરિટ ટૂરિસ્ટ સ્પોટ ટેરર સ્પોટ બની ગયું છે. ગ્રીક ટાપુ સેન્ટોરીનીમાં ૧૦ દિવસમાં ૭૫૦ ધરતીકંપ થવાથી ધ્રૂજી ઉઠેલા સહેલાણીઓ તેમજ સ્થાનિક રહેવાસીઓએ સ્થળાંતર માટે દોડાદોડ કરી મૂકી છે.*

*૧ હજાર ચોરસ કિલોમીટર વિસ્તારમાં પથરાયેલા આ ટાપુ પર છેલ્લાં ૬૦ વર્ષમાં એક પણ ધરતીકંપ થયો હોવાની નોંધ નથી. ટૂરિસ્ટ સ્પોટ તરીકે વિકસાવવાની લાલચમાં પર્યાવરણ પ્રત્યે દેખાડેલી બેદરકારીનું આ પરિણામ હોવાનું કહેવાય છે. પ્રકૃતિ પ્રેમ કરે અને એને છંછેડો તો ખોફ પણ ઊતરે.* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**વેલેન્ટાઇન્સ - ડે કેવી રીતે ઉજવવો સારો?**

* પ્રેમીજન રિસાય નહીં ને ખિસ્સાને પોષાય એ રીતે....

**ક્રિકેટ ટીમ અને ક્રિકેટરના ભાવ કેમ વધતા રહે છે?**

* એમને આપણા કરતાં વધુ મોંઘવારી નડે છે એટલે....!

**રાજનેતાઓ રેવડી અને લોલીપોપ કેમ આપતાં હશે?**

* જેથી એમને મોંઘા મેવા ધરાઈને ખાવા હોય ...

**દરેક દ્રાક્ષ ખાટી જ હોય?**

* એ તો શિયાળ જ કહી શકે....

**કૂતરા માટે મેકઅપ સ્ટુડિયો ખૂલ્યા**

* રાહ જુઓ, સ્ટુડિયોવાળા કૂતરા સાથે માલિકણ માટે ફ્રી મેકઅપ સ્કીમ લાવશે....

**જેન્ટલ મેનની જેમ જેન્ટલ વુમન હોય?**

* હા, હોયને..જ્યાં સુધી કોઈ રોમિયોને સેન્ડલથી ન ફટકારે ત્યાં સુધી!

**કોઈ ડોક્ટર ઓપરેશન થિયેટરમાં લગ્ન કેમ નથી કરતાં?**

* અહીં કંઈ ગફલત થાય તો આગળ જતાં એમનો લગ્ન-કેસ સિરિયસ ન થઈ જાય એ ભયથી...

**કહેવાય છે, ઈશ્વર ઉપરથી જોડી બનાવીને મોકલે છે. તો નીચે જોડી તોડે છે કોણ?**

* સાસુ-સસરા- દિયર-નણંદ અને-પાડોશી અને દંપતી પોતે...!

**સટ્ટો ક્યાં રમી શકાય?**

* જ્યાં પોલીસ ના પહોંચે ત્યાં....

**આલિયા- માલિયા- જમાલિયા માલ લઈ ગયા... તેરા ક્યા હોગા કાલિયા?**

* કાલિયાએ બનવું પડશે વાલિયા (વાલિયો લૂંટારો).

**દુનિયા મેરી જેબ મેં હોય તો એ ખુદ કયાં હશે?**

* અંબાણી -અદાણી જેવા શ્રીમંતોનાં ખિસ્સામાં !

**સમય સાથે ચાલવા શું કરવું?**

* ઘડિયાળ પહેરો.

**પરીક્ષા એક ઉત્સવ છે?**

* ના, એ મહા-ઉત્સવ છેઃ વાંચન-ગોખણપટ્ટી- કાપlee-ચિંતા અને કસોટીનો !

**ધરમનો ધક્કો પડે ત્યારે શું થાય?**

* કરમ ફૂટલાં હોય એવું લાગે...

**દુનિયા દોરંગી છે કે સપ્તરંગી?**

* બહુરંગી.

# ખોટ ખાઈને પણ સંગત લાખેણાની જ કરવી

કચ્છી ચોવક — કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com



ચોવકો આમ તો કચ્છી લોકસાહિત્યનો જ એક પ્રકાર ગણી શકાય. જેમ દરેક બાબતમાં અપવાદ હોય છે તેવું ચોવકમાં પણ છે. હરેશ દરજી ‘કસભી’એ તેના ચોવક ગ્રંથમાં ટાંક્યું છે કે, કોઈક મોટા રચનાકારની રચના કે તેનો એક નાનકડો હિસ્સો કાળક્રમે ચોવકનું સ્વરૂપ ધારણ કરે છે, જેમ કે સંત કબીરની આ સાખી ચોવક બની ગઈ છેઃ

***‘જા કા ગુરૂ અંધાલા, ચેલા ખરા નિરન્ધ,***
***અંધે અંધા ઠેલીયા, દોનું કૂપ પડન્ત!’***

એવી જ રીતે સંત તુલસીદાસનો આ દુહોઃ

***‘તુલસી હાય ગરીબકી, કભી ન ખાલી જાય,***
***મૂએ ઢોર કે ચામ સેં લોહા ભસ્મ હો જાય.’***

આ દુહાનો એક ભાગ ***‘મૂએ ઢોર કે ચામ સેં લોહા ભસ્મ હો જાય’*** એ કાળક્રમે ચોવકમાં બદલાઈ ગયો છે. ખેર!

એક અંગ્રેજી કહેવત યાદ આવે છે? ‘જૅક ઓફ ઑલ બટ માસ્ટર ઑફ નન’ એવા અર્થવાળી પણ કચ્છી ચોવક છેઃ ***‘સોંય મેં શૂરો, સે મિણી મેં અધૂરો’*** મતલબ કે જ્ઞાન બધી બાબતોનું હોય પણ એક પણ બાબતમાં નિપુણતા નહીં. ‘સોંય’ મેં શૂરો એટલે સો જેટલી બાબતનું જ્ઞાન ધરાવનાર ‘મિણીમેં અધૂરો’ એટલે એકનું પણ પૂરું જ્ઞાન નહીં!

દરેક અલગ અલગ પ્રસંગે ચોવકને બંધબેસતી કરવામાં આવે છે. દરેક બાબતનાં બે પાસાં હોય છે એવું કહેવા માટે કચ્છીમાં કહેવાય છે કે, ‘સિજ હિકડ઼ોને પરછાઈયા બ’ ‘સિજ’ એટલે સૂરજ. પરછાઈયા એટલે પડછાયા. અર્થ એવો થાય છે કે, સૂરજ એક અને પડછાયા બે. કહેવું એમ જ છે કે, ‘એક જ ચીજના બે પાસાં’ હોય છે.

એક અત્યંત વ્યવહારુ ચોવક માણવા જેવી છે. ***‘સવા લખ જે સોણેં કનાં રૂપિયો રોકડ઼ો ખાસો’*** અર્થ એવો થાય છે કે, સવા લાખનાં સપનાં જોવા કરતાં એક રૂપિયો રોકડો સારો. ‘હાથે ઈ સાથે’ના અર્થમાં જ. સવા લાખનાં સપનાં ચલણ તરીકે વટાવી ન શકાય પણ એક રૂપિયો ખિસ્સામાં હોય તો ચણા-મમરા જરૂર મળે!

પરિસ્થિતિ સીમિત બતાવવા માટે કહેવાય છે કે, ***‘બૂચડ઼ા બંધર, બ ઘર નેં ત્ર્યો જંધર’*** બૂચડ઼ાનો અર્થ થાય છે બેવકૂફી, બંધર એટલે વાંદરો અને જંધર એટલે ઘંટી... અને ‘બ ઘર’ એટલે કે બે ઘર... ત્રણેય વસ્તુની મર્યાદા હોવી જરૂરી છે. કોઈની મોટપ જાળવી રાખવા માટે ***‘મીંઢે મોંઘા નયો શેઠ’*** એવી ચોવકનો ઉપયોગ થતો હોય છે. ‘મીંઢે’ એટલે ‘મીંડું’. કાં તો, શેઠની મૂડીમાંથી એક મીંડું ઓછું થયું હોય અને કાં તો, શેઠને પાછી આપવાની રકમમાં એક મીંડું ઉમેરવાનો પ્રસંગ આવે ત્યારે સામા માણસની, ‘શેઠ’ની મોટપ જાળવી રાખવા આ ચોવક વપરાતી હોય છે.

એવા ગુણિયલ માણસોને કોઈ પણ કિંમતે માન અપાય. લાખેણા માણસની સોબતમાં કદાચ નુકસાની પણ થાય તો તે જોવાય નહીં, હસંતા હસતાં સહન કરી લેવાય. એવા અર્થમાં કહેવાય છે કે, ***‘લખડિઈ લિખવાર વ્યારીજે’*** જેનો સીધો અર્થ થાય છે કે, લાખ રૂપિયા ખર્ચીને પણ એવા માણસનું થોડી વાર પણ સાનિધ્ય માણવામાં સરવાળે નુકસાન નથી જતું!

ઘણીવાર ગણતરીઓ ખોટી પડે છે ત્યારે ચોવક કહે છેઃ ***‘સતે વીયેં સો ને નવી વીયેં હજાર’***. અહીં ‘વીયેં’ એટલે વીસે. સાત વીસે સો ને નવ વીસે હજાર! અર્થ છે કે, ગણતરીઓ ઊંધી પડવી. ■

# મા - બાપ પ્રત્યે સંતાનોનો ભાવ શૅરબજારની જેમ ગગડી રહ્યો છે...

### વૃદ્ધત્વની અકસીર વેક્સિન છેઃ સ્વીકાર-સંતોષ ને જતું કરવું ...!

મગજ મંથન
વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com



‘વડીલ’ શબ્દ મરાઠી ભાષાનો છે. વર્ષોથી મરાઠી અને ગુજરાતી બંને ભાષા એકબીજાને પ્રભાવિત કરતી રહી છે. વડીલ શબ્દ વડ ઉપરથી ઊતરી આવ્યો છે. વડલાનું વૃક્ષ ઘેઘૂર હોય છે. શીતળ છાંયો આપે છે. એવું જ કંઈક સંયુકત પરિવારમાં વડીલોનું હોય છે. પરિવારની સુખાકારી, શાંતિ અને વિકાસ માટે વડીલો હંમેશાં ચિંતિત રહેતા હોય છે. સંયુક્ત પરિવારને લીધે કુટુંબ વ્યવસ્થા સુરક્ષિત હતી. વડીલોનું કહેવું સૌ કરતા. કોઈ ઊંચો અવાજ ન કરી શકે. વડીલના હુકમનો કોઈ અનાદર ન કરી શકે. સૂર્યવંશી રાજા દશરથએ રામને વનમાં જવાનું કહ્યું. કોઈ દલીલ નહીં. કોઈ વિરોધ નહીં.એ સમયે વડીલોને પરમેશ્વરનું રૂપ માનવામાં આવતા. તેમનો પડ્યો બોલ ઝીલવામાં આવતો હતો એટલે જ એ સમયની પ્રજા ગરીબ હતી છતાં સુખી હતી.અત્યારે ધનનાં ઘર ભર્યાં છે, છતાંય સુખ અને શાંતિ અદૃશ્ય થઈ ગયાં છે.

સુરતના કામરેજ ચોકડી પાસે એક પંચાલ પરિવાર રહે છે.૫૪ જેટલા માણસો એક જ રસોડે જમે છે. એક જ મકાનમાં રહે છે. જુદા થવાની તો વાત જ નહીં. અમદાવાદમાં એક મુન્શી પરિવાર ત્રણ પેઢીથી સંયુક્ત પરિવારમાં રહે છે. બધા જ સભ્ય ડૉક્ટર બને છે. મોટી ત્રણ વહુ ઘરનો કારોબાર સંભાળે છે. ચાર - ચાર મહિનાના વારા ગોઠવવામાં આવ્યા છે. એક જ ડાઈનિંગ ટેબલ ઉપર બધાએ જમવા આવવાનું. ડ્રોઈંગ ખંડમાં એક સૂચના બોર્ડ રાખવામાં આવ્યું છે. જે વ્યક્તિ જમવામાં ગેરહાજર રહેવાની હોય એમણે એ બોર્ડમાં નોંધ કરી દેવાની....

આવા પરિવારોની યાદી કરીએ તો ખૂબ લાંબી થાય. આપણા દેશમાં આવા ઘણા સંયુક્ત પરિવાર છે. સંયુકત પરિવારમાં રહેવાના અનેક ફાયદા છે. કુટુંબમાં નબળા - સબળા સભ્યો પરિવારની મદદથી જીવી જાય છે. ટેકો મળી રહે છે. સંકટ કે દુઃખના સમયે પરિવારના સભ્યોનો પરસ્પર સધિયારો મળે છે. ૧૯૯૮નું પૂર, ૨૦૦૧નો ભૂકંપ, ૨૦૦૨ના કોમી રમખાણો અને ૨૦૨૦-૨૧ના કોરોના કાળમાં મનોબળ ટકાવી રાખવા માટે સંયુક્ત પરિવાર આશીર્વાદ રૂપ બન્યો હતો.

ગુજરાતમાં સંયુક્ત પરિવારની જો વાત કરવામાં આવે તો ૧.૨૨ કરોડ સંયુકત પરિવાર છે. તેમાંથી શહેરી વિસ્તારમાં વસતાં ૫૪ લાખ પરિવારોમાંથી ૧૩ લાખ, પરિવાર સંયુક્ત જીવન જીવે છે. એ જ રીતે ગ્રામ્ય વિસ્તારના ૬૮ લાખ પરિવારોમાંથી ૧૯ લાખ પરિવાર સંયુક્ત પરિવારમાં જીવે છે. સંયુક્ત પરિવારમાં બાળકો રમતાં રમતાં મોટાં થઈ જાય છે. દાદીમા બોધ કથાઓ સંભળાવે છે. ક્યારેક ગીતા - મહાભારતના પ્રસંગો તો ક્યારેક પ્રહ્‌લાદ અને ધ્રુવની વાતો કરે છે. ક્યારેક આકાશ દર્શન દ્વારા તારા મંડળની સમજણ પણ આપતાં હોય છે. આમ,બાળકને સહજ રીતે મૂલ્યવાન શિક્ષણ મળે છે. સંસ્કારનાં બીજ બચપણથી જ રોપાઈ જાય છે. આવા ભાવનાશાળી વડીલોની દશા આજે ખૂબ જ કફોડી છે. દિવસે દિવસે વૃદ્ધાશ્રમો વધતા જાય છે. રિયલ લાઈફમાં માને હડધૂત કરનાર સંતાન મૃત્યુ પછી ‘મા બાપને ભૂલશો નહીં’ ના સ્ટિકર વહેંચીને વાંઝિયો સંતોષ મેળવે છે. એકલતામાં ઝૂરી ઝૂરી આપઘાત કરીને મરી ગયેલી માતાની સ્મૃતિમાં કુબેરપતિ દીકરાઓ આખા પાનાની શ્રદ્ધાંજલિની જાહેરાતો આપે છે. મા - બાપ પ્રત્યે સંતાનોનો ભાવ શૅરબજારની જેમ ગગડી રહ્યો છે.

કંપનીના એક્ઝિક્યૂટિવ એક ઓફિસરને ફોન કરીને કંપનીની બિઝનેસ મીટિંગ અને ડિનરમાં જોડાવા માટે નિમંત્રણ આપે છે. પેલો ઓફિસર જવાબમાં ‘યસ સર, સો નાઈસ ઓફ યુ, માય પ્લેઝર, જસ્ટ કમિંગ...’ એવો પ્રતિભાવ આપે છે. એ જ ઓફિસરને જ્યારે એની માતાનો જમવા માટેનો ફોન આવે છે ત્યારે જવાબમાં એવું કહે છે, ‘માથું ખામાં ! તું જમી લે.’ માતા પ્રત્યેની આવી ઉપેક્ષા અપમાનમાં ફેરવાય છે. વડીલોની માગણી સંતોષવી જરૂરી નથી, પરંતુ એમની દરેક લાગણી પર ધ્યાન આપવું ખૂબ જરૂરી છે. વડીલોને સમય આપો. હૂંફ આપો. એમની સાથે વાત કરો.

ભારતીય સંસ્કૃતિ પ્રેમી સમાજ વૃદ્ધોને સ્થાપિત ચોકઠામાં મારી મચડીને ઘુસાડી દેવામાં પાવરધો છે. ચોકલેટ - કેન્ડી ન ખવાય... લારી પર પાણીપૂરી ન ખવાય...રંગબેરંગી કપડાં ન પહેરાય...હવે ઉંમર થઈ ચટાકા મૂકો...મોતનો ડર રાખો...દેવદર્શનમાં ધ્યાન આપો...ઈત્યાદિ. આમ, પરાણે કુટુંબના મોભી પર મર્યાદાઓ થોપી દેવામાં આવે છે. સતત બૂઢાપાની યાદ અપાવ્યા કરે છે.

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામને એક ઈન્ટરવ્યૂમાં પૂછવામાં આવ્યું કે, ‘તમારા માતા તો અભણ હતાં, તો પછી તમારી આ પ્રગતિ માટેનો યશ કોને આપી શકાય !’ કલામસાહેબે જવાબમાં કહ્યું કે, ‘મારાં માતા ભલે અભણ હતા,પરંતુ મને મારી માતાએ નીતિના, સદાચારના, પ્રમાણિક્તાના અને કઠોર પરિશ્રમના પાઠ ભણાવ્યા હતા. મારી માતા કહેતાં કે, દીકરા ક્યારેય હાથમાં લીધેલું કામ પડતું મૂકતો નહીં અને કામ કરવાથી ક્યારેય થાકતો નહીં.’

અબ્રાહમ લિંકન પણ પોતાની માતા વિશે પ્રતિભાવ આપતા કહે છે કે, ‘હું જે કંઈ છું અથવા ભવિષ્યમાં જે કાંઈ બનીશ એનો જશ મારી દેવદૂત સમાન માતાને ફાળે જાય છે...હિટલર જેવો ક્રૂર શાસક પોતાની માતાના મૃત્યુ વખતે ધોધમાર રડ્યો હતો. હેલન કેલરને કોઈએ કહ્યું કે, તમે તમારી માતા વિશે કંઈક લખો. ત્યારે હેલન કેલરનો જવાબ હતો કે, ‘માતા વિશે શું લખું? મારી માતા મારાથી એટલી નીકટ છે કે એનાં વિશે કાંઈ પણ લખવું વિકટ છે.’

માતા વાત્સલ્યમૂર્તિ છે તો પિતા પ્રેરણામૂર્તિ છે. માતાનો પ્રેમ ચંદ્ર જેવો છે, પિતાનો પ્રેમ સૂર્ય જેવો છે. માતા ધરતી છે, તો પિતા આકાશ છે. રડવા માટે માતાનો ખોળો મળે છે, તો પિતાનો ખભો મળે છે. માતા સત્ય છે, તો પિતા સત્યના સાક્ષી છે.

મનુષ્ય જીવનની ત્રણ લાગણી વૃદ્ધત્વની વેક્સિન સમાન છે. એ છે સ્વીકાર-સંતોષ અને જતું કરવું...

એક દીકરો એની પત્નીનો પોતાની મા વિશેનો સતત કકળાટ અને મહેણાં ટોણાં સાંભળી કંટાળી ગયો હતો. પત્ની સતત માને વૃદ્ધાશ્રમમાં મૂકવા માટે દબાણ કર્યા કરતી હતી. એક દિવસ દીકરો પોતાની માને વૃદ્ધાશ્રમમાં મૂકવા જાય છે. મૂકીને પાછો ઘરે આવે છે ત્યારે પત્ની ચોધાર આંસુએ રડી રહી હતી. એટલે દીકરાને એમ લાગ્યું કે, હું બાને વૃદ્ધાશ્રમમાં મૂકી આવ્યો એટલા માટે તેના વિરહમાં પત્ની રડી રહી છે. આથી દીકરો કહે છે કે તને જો બાનો એટલો બધો અહંગરો લાગ્યો હોય તો ચાલ, આપણે વૃદ્ધાશ્રમમાં જઈને બાને મળી આવીએ. બા પણ રાજી થશે. ત્યારે પત્ની કહે છે કે, ‘અરે ! હું એટલા માટે નથી રડતી. મારો શેરૂ કૂતરો સવારનો નીકળી ગયો છે. હજુ સુધી મળ્યો નથી.એના વિયોગમાં હું રડું છું.’

એવામાં વૃદ્ધાશ્રમમાંથી ફોન આવે છે કે, ‘તમારો કૂતરો અહીં વૃદ્ધાશ્રમમાં તમારી બા સાથે ગેલ કરીને રમી રહ્યો છે! તમારી માતાએ કહેવરાવ્યું છે કે કૂતરા શેરુની ચિંતા ન કરતાં.’■

# શિંદે-સેના ભીંતસરસી



**સરકારમાં એકનાથ શિંદેના પ્રધાનોને સતત હાંસિયામાં ધકેલવાના નિર્ણયો લેવાય છેઃ એસટીના ભાડાં પ્રતાપ સરનાઈકની જાણ બહાર વધારાયા પછી હવે ઉદય સામંતને પૂછ્યા વિના નીતિગત નિર્ણયોઃ ઉદ્યોગ પ્રધાને ફરિયાદ કરી**

મુંબઈઃ આ દિવસોમાં મહારાષ્ટ્રના રાજકારણમાં ખેંચતાણ જોવા મળી રહી છે. શિવસેનાના ઉદ્યોગ પ્રધાન ઉદય સામંતે એક પત્ર દ્વારા નારાજગી વ્યક્ત કરી આરોપ કર્યો છે કે તેમને ઉદ્યોગ વિભાગમાં મહત્ત્વના નિર્ણયો લેવાની પ્રક્રિયાથી દૂર રાખવામાં આવી રહ્યા છે.

ચોથી ફેબ્રુઆરીએ લખેલા પત્રમાં ઉદ્યોગ પ્રધાનએ ઉદ્યોગ વિભાગના સચિવ ડો.પી.અંબલગન અને એમઆઇડીસીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર પી.વેલારાસુને વિભાગની મહત્વની ફાઇલો અંગે માહિતી આપવાનો આદેશ આપ્યો છે. આ ઉપરાંત તેમણે એમઆઈડીસી પર કેટલાક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટને રોકવાનો પણ આરોપ લગાવ્યો છે. તેમણે આ કામો ફરીથી શરૂ કરવા જણાવ્યું છે.

આ વિવાદ મહારાષ્ટ્ર સરકારમાં શિવસેના અને ભાજપ વચ્ચે વધી રહેલા મતભેદોનો એક હિસ્સો છે. અગાઉ રાજ્યના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઇકે કહ્યું હતું કે મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ પરિવહન નિગમ

(જુઓ પાનું ૪) ▶▶


## પ્રધાનોના પીએ-ઓએસડીની નિમણૂકો પર સીએમઓ ચપ્પટ બેસી જતા શિંદે-સેના વીફરી

મુંબઈઃ એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેના હાલમાં પર્સનલ આસિસ્ટન્ટ (પીએ) અને ઓફિસર્સ ઓન સ્પેશ્યલ ડ્યુટી (ઓએસડી) ની નિમણૂકો અને મુખ્યપ્રધાન કાર્યાલય (સીએમઓ) માં અટવાયેલી છે. આ વિલંબથી મંત્રીઓની વહીવટી ફરજો કાર્યક્ષમ રીતે નિભાવવાની ક્ષમતામાં અવરોધ ઊભો થયો છે, એમ એક સૂત્રએ જણાવ્યું હતું.

ઉદય સામંત, શંભુરાજ દેસાઈ, સંજય રાઠોડ અને ગુલાબરાવ પાટિલ સહિત શિંદે સેનાના ટોચના પ્રધાનોના પ્રસ્તાવિત પીએ અને ઓએસડી મંજૂરીની

(જુઓ પાનું ૪) ▶▶

## ઓશિવરાની ફર્નિચર માર્કેટની આગમાં અનેક દુકાનો, ગોદામો બળીને ખાખ



(અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ જોગેશ્વરી (પશ્ચિમ)માં ઓશિવરામાં આવેલી એક ફર્નિચર માર્કેટમાંની એક દુકાનમાં મંગળવારે સવારના સમયમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આગમાં મોટા પ્રમાણમાં આ ગોડાઉન સહિત ૧૦થી વધુ દુકાનોને નુકસાન થયું હતું. પરંતુ સાથે જ આજુબાજુમાં આવેલી અન્ય દુકાનોને પણ નુકસાન થયું હતું. મોડી સાંજે આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. પરંતુ કુલિંગ ઓપરેશન મોડે સુધી ચાલ્યું હતું. સદ્નસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ સવારના ૧૧.૫૨ વાગે ઓશિવરામાં એસ.વી.રોડ પર એ-વન દરબાર રેસ્ટોરન્ટ નજીક આવેલી ગ્રાઉન્ડ પ્લસ એક માળના ફર્નિચરના ગોડાઉનમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ફાયરબ્રિગેડે તેને બે નંબરની જાહેર કરી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડના ૨૦થી વધુ ફાયર એન્જિને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. ગોડાઉનમાં મોટા

(જુઓ પાનું ૪) ▶▶

**પહેલા જાકારો પછી લાલ જાજમ...**

## એકનાથ શિંદેને હવે ડિઝાસ્ટર મેનેજમેન્ટ સમિતિમાં સમાવાયા

મુંબઈઃ રાજ્યની ડિઝાસ્ટર મેનેજમેન્ટ કમિટીમાંથી નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદેને બાકાત રાખવામાં આવ્યા બાદ મહાગઠબંધનમાં તિરાડ પડવાની ચર્ચા થઈ હતી. જોકે, હવે લાલવ જાજમ પાથરી છે બાદમાં રાજ્ય સરકારે આ નિર્ણય બદલ્યો છે. હવે એકનાથ શિંદેને ડિઝાસ્ટર મેનેજમેન્ટ કમિટીમાં સમાવવા માટે નિયમોમાં ફેરફાર કરવામાં આવશે. બંને નાયબ મુખ્ય પ્રધાન હવે એક્સ ઓફિશ્યો સભ્ય હશે.

આ સમિતિની રચના જુલાઈ ૨૦૦૫માં મુંબઈમાં આવેલા પૂર પછી કરવામાં આવી હતી. કટોકટીની પરિસ્થિતિઓમાં, આ સમિતિ મુખ્યપ્રધાનના નેતૃત્વ હેઠળ સંબંધિત એજન્સીઓ સાથે સંકલન કરવાનું કામ કરે છે અને રાજ્યના મુખ્યપ્રધાન

(જુઓ પાનું ૪) ▶▶

## પાલઘર માટે ૨૬૦૦ કરોડ રૂપિયાનો સિંચાઈ પ્રોજેક્ટ મંજૂર

મુંબઈઃ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં મહારાષ્ટ્ર પ્રધાનમંડળે એક મહત્ત્વના નિર્ણયમાં પાલઘર જિલ્લામાં દેહરજી મધ્યમ સિંચાઈ યોજના માટે ૨૫૯૯.૧૫ કરોડ રૂપિયાની સુધારેલી વહીવટી દરખાસ્તને મંજૂરી આપી હતી. વિક્રમગઢ તાલુકાના મૌજે સુકસાલેમાં સ્થિત આ પ્રોજેક્ટને પાણી પુરવઠાની પહેલ તરીકે વિકસાવવામાં આવી રહ્યો છે, જેને મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી

(જુઓ પાનું ૪) ▶▶

## કેબિનેટની બેઠકમાંથી ધનંજય મુંડે ગેરહાજર, કારણ આંખની સર્જરીનું

મુંબઈઃ આંખની સર્જરી પછી ડોક્ટરોએ આપેલી સલાહને કારણે મહારાષ્ટ્રના પ્રધાન ધનંજય મુંડે મંગળવારે કેબિનેટની બેઠકમાં ગેરહાજર રહ્યા હતા. એક સત્તાવાર નિવેદન અનુસાર આંખની સર્જરી કરવામાં આવી હોવાથી ૧૦ દિવસ સુધી સૂર્યપ્રકાશ અને તેજસ્વી પ્રકાશના સંપર્કમાં આવવાનું ટાળવાની સલાહ ડોક્ટરોએ મુંડેને આપી છે.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા ખાતાના પ્રધાન મુંડે બીડ જિલ્લામાં સરપંચ સંતોષ દેશમુખની હત્યા સાથે સંબંધિત ખંડણીના કેસમાં તેમના નજીકના સાથી વાલ્મિક કરાડની ધરપકડને કારણે વિકટ પરિસ્થિતિમાં મુકાઈ ગયા છે. સૂત્રોએ આપેલી માહિતી

(જુઓ પાનું ૪) ▶▶

## બાન્દ્રામાં ગળું ચીરીને વૃદ્ધાની હત્યા કરાઈ

**સૈફ પર હુમલાની ઘટના તાજી છે ત્યાં સિનિયર સિટિઝનને બાંધી હત્યાનો બનાવ બન્યોઃ ગુનો નોંધાયાના બે કલાકમાં જ પોલીસ આરોપી સુધી પહોંચી**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બાન્દ્રામાં ચોરીને ઇરાદે બોલીવુડના સ્ટાર સૈફ અલી ખાન પર હુમલાની ઘટના તાજી છે ત્યાં બાન્દ્રા પરિસરમાં જ લૂંટને ઇરાદે સિનિયર સિટિઝનની હત્યાનો મામલો સામે આવ્યો હતો. ઘરમાં ઘૂસી વૃદ્ધાના હાથ બાંધી દીધા પછી તીક્ષ્ણ હથિયારથી ગળું ચીરનારો આરોપી ગુનો નોંધાયાના બે કલાકમાં જ પોલીસને હાથ લાગ્યો હોવાનો દાવો અધિકારીએ કર્યો હતો.

બાન્દ્રા પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ શારીફ અલી સમશેર અલી શેખ (૨૭) તરીકે થઈ હતી. બાન્દ્રામાં જ રહેતો શેખ વૃદ્ધાના ઘરથી પરિચિત હોવાનું કહેવાય છે.

બાન્દ્રા પશ્ચિમમાં રેક્લેમેશન ડેપો નજીકની કાંચન કો-ઑપરેટિવ હાઉસિંગ સોસાયટીની એ વિંગના બીજા માળે રહેતી રેખા અશોક ખોંડે (૬૪)નો મૃતદેહ સોમવારની રાતે મળી આવ્યો હતો. રેખાના ઘરમાંથી દુર્ગંધ આવવા લાગી હતી અને દરવાજો પણ અંદરથી બંધ હતો. પરિણામે પડોશીઓએ માહિમમાં રહેતી રેખાની પુત્રીનો સંપર્ક સાધ્યો હતો.

વૃદ્ધાની પુત્રી રાતે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ બાન્દ્રા પહોંચી હતી. પોતાની પાસેની ચાવીથી દરવાજો ખોલતાં ઘરમાંથી રેખાનો મૃતદેહ મળી આવ્યો હતો. બાન્દ્રાના ઘરમાં વૃદ્ધા એકલી રહેતી હતી. તેનો મૃતદેહ કોહવાવા લાગ્યો હોવાથી ચારેક દિવસ અગાઉ હત્યા કરવામાં આવી હોવાનો અંદાજ પોલીસે વ્યક્ત કર્યો હતો.

દરમિયાન ઘટનાસ્થળે પહોંચી બાન્દ્રા પોલીસે વૃદ્ધાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ભાભા હૉસ્પિટલમાં મોકલી આપ્યો હતો. વૃદ્ધાના બન્ને હાથ ઓઢણીથી બાંધેલા હતા અને તેનું ગળું ચીરવામાં આવ્યું હતું. ઘરમાંથી સોનાના દાગીના અને રોકડ ગુમ હોવાનું પુત્રીએ પોલીસને કહ્યું હતું.

ઘરમાં જબરદસ્તીથી ઘૂસવાનાં કોઈ નિશાન ન મળતાં આ હત્યામાં પોલીસને જાણભેદુની શંકા હતી. પોલીસે બિલ્ડિંગ નજીકના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ પરથી હત્યારાની ઓળખ મેળવી હતી. ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી પોલીસે શકમંદ શેખને પકડી પાડ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં તેણે ગુનો કબૂલ્યો હોવાનો દાવો પોલીસે કર્યો હતો. ■

## રિક્ષા-ટેક્સીના મીટર રિકેલિબ્રેશનમાં હજી ઘણો સમય નીકળી જવાનો

**પરિણામે ભાડાં વધ્યા છતાં એ વસૂલી નથી શકાતાં અને ડ્રાઈવરો-મુસાફરો વચ્ચેના ઝઘડાઓ વધતા જાય છે**

મુંબઈઃ મુંબઈમાં ટેક્સી અને રિક્ષાના સુધારેલા ભાડા અમલમાં આવ્યા એના અગિયાર દિવસ પછી પણ મીટરનું રિકેલિબ્રેશન બાકી છે. પરિણામે ટેક્સી અને રિક્ષા ભાડાના મુદ્દે ડ્રાઇવરો અને મુસાફરો વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે. રાજ્યના પરિવહન વિભાગ દ્વારા અમલમાં મૂકવામાં આવેલા નવા ભાડામાં ડ્રાઇવરોએ તેમના મીટરને ફરીથી કેલિબ્રેટ કરવા અથવા વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા ક્યુઆર કૉડ-આધારિત ટેરિફ કાર્ડ પ્રદર્શિત કરવા જરૂરી છે. જોકે, રિકેલિબ્રેશન પ્રક્રિયામાં વિલંબને કારણે ઘણા ડ્રાઇવરો સુધારેલા દરો વસૂલ નથી કરી શકતા.

મુંબઈમાં ટેક્સી અને ઓટોરિક્ષા યુનિયનોએ ઈંધણ ખર્ચ, વાહનોની જાળવણી, ઓટો લોન પરના વ્યાજદરમાં વધારો અને ખટુઆ સમિતિની ભલામણોને ટાંકીને ભાડામાં વધારો કરવાની માગણી કરી હતી. મુંબઈ મેટ્રોપોલિટન રિજન ટ્રાન્સપોર્ટ ઓથોરિટી (એમએમઆરટીએ)એ ૧ ફેબ્રુઆરી, ૨૦૨૫થી ટેક્સી અને રિક્ષાના ભાડામાં વધારો કરવાની મંજૂરી આપી છે. આ મુજબ ઓટો રિક્ષાનું ઓછામાં ઓછું ભાડું ૨૬ રૂપિયા અને ટેક્સીનું મિનિમમ ભાડું વધારીને ૩૧ રૂપિયા કરી દેવામાં આવ્યું છે.

રિકેલિબ્રેશન પ્રક્રિયા ઝડપી બનાવવાના પ્રયાસો ચાલુ છે. આ પ્રક્રિયા ટૂંક સમયમાં શરૂ થશે અને તમામ સમસ્યાઓનું નિરાકરણ લાવવામાં આવશે એમ પરિવહન વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

રિક્ષા - ટેક્સીના ભાડામાં સુધારેલા વધારાને મંજૂરી મળ્યા બાદ મીટરમાં ફેરફાર કરવા માટે ત્રણ મહિનાનો સમય આપવામાં આવી છે. ટ્રાન્સપોર્ટ કમિશનરેટ દ્વારા મીટરમાં નવા દર જોવા માટે સોફ્ટવેર અપડેટ કરવા અને મીટર પાસ કરવાની પ્રક્રિયા માટે ૭૦૦ રૂપિયાનો દર નક્કી કરવામાં આવ્યો છે. આ દર વધુ છે અને ૫૦૦ રૂપિયા વસૂલવાની માંગણી કરવામાં આવી. કેટલાક વચેટિયાઓ ખરેખર કુલ ૯૫૦ રૂપિયા ચાર્જ કરી રહ્યા છે, જેમાં ૭૦૦ રૂપિયા અને વધારાના ૨૫૦ રૂપિયા નો સમાવેશ થાય છે.■

## ખુદાબક્ષોએ બોઈસર સ્ટેશને ટીસીને માર્યો

પાલઘરઃ સોમવારે મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના બોઈસર રેલવે સ્ટેશન પર ટિકિટ ચેકરે ટિકિટ વિના મુસાફરી કરવા બદલ દંડ ફટકારતા ત્રણ વ્યક્તિઓ દ્વારા કથિત રીતે માર મારવામાં આવ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે, પીડિત, કોમર્શિયલ કમ ટિકિટ ક્લાર્ક (સીસીટીસી), રેલવે બ્રિજ પર ફરજ પર હતા અને તેણે આરોપીઓને તેમની ટિકિટ બતાવવા કહ્યું. ત્રણેય પાસે ટિકિટ ન હોવાથી ટિકિટ ક્લાર્ક તેમને દંડ તરીકે ૨૮૦ રૂપિયા ચૂકવવાનું કહ્યું. આનાથી ગુસ્સે થઈને, તેઓએ કથિત રીતે તેને માર માર્યો હતો.

## આવી વિકૃતિઃ બહેનપણી પર બૉયફ્રેન્ડના રેપનો વીડિયો બનાવ્યો ગર્લફ્રેન્ડે, વાયરલ કર્યો

થાણેઃ ભિવંડીમાં ખોટી વાતોમાં ભોળવી યુવતીને એક લોજમાં લઈ ગયા પછી યુવકે તેના પર કથિત બળાત્કાર ગુજાર્યો હતો. ઘટના સમયે હાજર યુવકની ગર્લફ્રેન્ડ સહિત બે જણે આ કૃત્યનું વીડિયો રેકોર્ડિંગ કર્યું હતું અને બાદમાં વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો હતો.

ફરિયાદને આધારે ભિવંડી પોલીસે રવિવારે ૧૯ વર્ષની યુવતીના બાવીસ વર્ષના મિત્રની બળાત્કારના આરોપસર ધરપકડ કરી હતી. આ કેસમાં પોલીસે વીડિયો રેકોર્ડિંગ કરવા બદલ યુવકની ગર્લફ્રેન્ડ સહિત બે જણને પણ પકડી પાડ્યાં હતાં.

પોલીસ ફરિયાદ અનુસાર ઘટના ૨૯ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ભિવંડીના કામતઘર પરિસરમાં બની હતી. ઘટનાની બપોરે આરોપી મિત્રએ તેની સાથે વૉક માટે યુવતીને બોલાવી હતી. તે સમયે યુવક સાથે તેની ગર્લફ્રેન્ડ અને અન્ય એક યુવક પણ હતાં. વાતોમાં ભોળવી યુવતીને નજીકની લોજમાં લઈ જવામાં આવી હતી. લોજમાં આરોપી મિત્રે યુવતી સાથે કથિત દુષ્કર્મ કર્યું હતું, જ્યારે ગર્લફ્રેન્ડ સહિત બે જણે તેનું વીડિયો રેકોર્ડિંગ કર્યું હતું. તે સમયે યુવતીએ પોલીસ ફરિયાદ નોંધાવી નહોતી. જોકે તાજેતરમાં કથિત ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયાની જાણ થતાં યુવતીએ ઘટનાના મહિના બાદ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

સિનિયર ઈન્સ્પેક્ટર કૃષ્ણદેવ ખરાડેએ જણાવ્યું હતું કે પોલીસે બે યુવક સાથે આ કાવતરાના ભાગ રૂપે આરોપીની ગર્લફ્રેન્ડની પણ ધરપકડ કરી હતી. કોર્ટે ત્રણેયને ૧૨ ફેબ્રુઆરી સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી તેમની વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે. (પીટીઆઈ)■

## કરજનો ડુંગરઃ વસઈમાં ભાઈ-બહેનનો આપઘાત

પાલઘરઃ પાલઘર જિલ્લાના વસઇમાં કુટુંબ પરના વધતા જતા દેવાને કારણે ૪૦ વર્ષના શખસે તેની બહેન સાથે આત્મહત્યા કરી હોવાનું પોલીસે જણાવ્યું હતું. વસઇના હાઉસિંગ કોમ્પ્લેક્સમાં ફ્લેટમાંથી સોમવારે બપોરે હનુમંત શ્રીધર પ્રસાદ અને તેની બહેન યમુના (૪૫)ના મૃતદેહ મળી આવ્યા હતા. (પીટીઆઇ)■



**ઓલ ધ બેસ્ટઃ**
મહારાષ્ટ્રમાં એચએસસી બોર્ડની પરીક્ષા ગઈ કાલથી શરૂ થઈ ગઈ હતી. ગિરગામ ચોપાટી પરની ભવન્સ કોલેજમાં એક વિદ્યાર્થીની હોલ ટિકિટ ચેક કરેલી નિરીક્ષક તસવીરમાં દેખાય છે. (અમય ખરાડે)

## ચોરીના પૈસાથી મહાકુંભ પહોંચ્યો, ગંગામાં ડૂબકી લગાવી ને પછી પકડાયો

મુંબઈઃ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં શરૂ કુંભમેળામાં દેશભરમાંથી મોટી સંખ્યામાં ભાવિકો આવી રહ્યા છે. કુંભમેળામાં ગયેલા ભાવિકો સોશિયલ મીડિયા પર તેમના અનુભવ પણ શૅર કરી રહ્યા છે. કેન્દ્રીય ગૃહ પ્રધાનથી માંડીને ઉદ્યોગપતિઓ અને સેલિબ્રિટીઝે પણ કુંભમેળામાં જઇ ગંગા નદીમાં ડૂબકી લગાવી હતી, ત્યારે એક ભાવિક ચોરીનાં નાણાંથી કુંભમેળામાં ડૂબકી લગાવવા પ્રયાગરાજ પહોંચ્યો હતો. તેણે બાદમાં અયોધ્યામાં જઇ દર્શન પણ કર્યા હતા, પણ તે ભોપાલમાં પોલીસના હાથમાં ઝડપાઇ ગયો હતો.

પોલીસના કહેવા મુજબ આરોપીની ઓળખ રજનીકાંત કેશવ ચાનોરે તરીકે થઇ હતી. રજનીકાંત આલીશાન જીવન વિતાવે છે. તેની પાસે બે લાખ રૂપિયાની કિંમતનો મોબાઇલ છે. લક્ઝરી કાર સહિત બ્રાન્ડેડ કપડાં, ઘડિયાળ, જિમ અને મોંઘા પ્રોટીન પાઉડરનો તે શોખીન છે.

નાગપુરના હુડકેશ્વર વિસ્તારમાં રહેતા સરોદે પરિવારે પોતાની દીકરીના લગ્નના રિસેપ્શનમાં ગયો હતો ત્યારે રજનીકાંતે તેમના ઘરને નિશાન બનાવ્યું હતું. તેણે સરોદેના ઘરમાં હાથફેરો કર્યો હતો. ચોરીની ઘટના પ્રકાશમાં આવ્યા બાદ સરોદે પરિવારે સ્થાનિક પોલીસનો સંપર્ક સાધીને ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે ઘટનાસ્થળના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા, જેમાં આરોપી નજરે પડ્યો હતો. આરોપીને બાદમાં રજનીકાંત તરીકે ઓળખી કાઢવામાં આવ્યો હતો. આરોપી ભંડારા જિલ્લાનો રહેવાસી હોવાનું પોલીસે જણાવ્યું હતું. ■

## કલવા સ્ટેશને ટ્રેનમાં મોબાઈલ ફાટતા મુસાફરોમાં ફેલાયો ફફડાટ

કલવાઃ મહારાષ્ટ્રના થાણેમાં લોકલ ટ્રેનના મહિલાઓના ડબ્બામાં એક મુસાફરના મોબાઈલમાં વિસ્ફોટ થયો હતો, જેના થોડા સમય માટે અરાજકતા સર્જાઈ હતી. થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના વડા યાસિન તડવીએ જણાવ્યું હતું કે, કલવા સ્ટેશન પર ઈજભઝ થી કલ્યાણ જતી ઉપનગરીય ટ્રેનમાં સોમવારે રાત્રે ૮.૧૨ વાગ્યે બનેલી આ ઘટના ઘટી હતી.

છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટીથી) રેલવે કંટ્રોલ રૂમના અહેવાલો મુજબ, આ ઘટનામાં કોઈને ઈજા નથી થઈ પરંતુ તેના કારણે મુસાફરોમાં થોડા સમય માટે અરાજકતા ફેલાઈ ગઈ હતી.'' તેમણે ઉમેર્યું. વિસ્ફોટને કારણે ધુમાડો થતા રેલવે કર્મચારીઓએ અગ્નિશમન સાધનોનો ઉપયોગ કરી પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી.

એક પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું હતું કે એક નાનો ધડાકો સંભળાયો હતો, બાદમાં ડબ્બામાં ધુમાડો ફેલાયો હતો, જેના કારણે ઘણા મુસાફરો બહાર જવા માટે દરવાજા તરફ દોડી ગયા હતા. રેલવે પોલીસે મુસાફરોને સલામત રીતે બહાર કાઢ્યા હતા.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે,જે મહિલાના મોબાઈલમાં વિસ્ફોટ થયો હતો તેની ઓળખ થઇ નથી. ઘટનાની તપાસ ચાલી રહી છે. બેટરીની ખામી અથવા અન્ય તકનીકી સમસ્યાને કારણે વિસ્ફોટ થયો હોઈ શકે છે. ■

**મુંબઈના ટ્રાફિકની ઐસીતૈસી**

## રિક્ષામાંથી કૅરીઓકી પર લલકાર્યાં હિન્દી ગીતો



મુંબઈઃ મુંબઈમાં અવારનવાર ટ્રાફિક જામની સમસ્યા સર્જાતી રહે છે, જેના ઉકેલરૂપે ઘણા સમય પસાર કરવા પુસ્તકો વાંચે છે, તો કેટલાક ફોનનો ઉપયોગ કરતા હોય છે અને ઘણા સંગીત સાંભળીને સમય પસાર કરવાનું પસંદ કરે છે. પરંતુ મુંબઈના એક રિક્ષાચાલકે ટ્રાફિક જેમને દૂર કરવા માટે એક અનોખો અભિગમ અપનાવ્યો હતો. આ રિક્ષા ચાલકે પોતાના ઓટોને કેરીઓકીનો મંચ બનાવીને બધાનું ધ્યાન ખેંચ્યું છે.

ટ્રાફિક દરમિયાન આ રિક્ષા ચાલક માઇક લઈ ક્લાસિક બોલીવૂડ ગીતો ગાઇ આનંદ માણતો હોવાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો. મુંબઈના જુહુના સિગ્નલ પર ડ્રાઇવર ''ફિર વહી રાત હૈ'' ગીત ગાતો જોવા મળ્યો હતો. તેનો આ વીડિયો સોશિયલ મીડિયા પર ધ્યાન ખેંચી રહ્યો છે, કારણ કે તેણે ટ્રાફિકમાં પરેશાન થવાને બદલે એક અનોખો અને સર્જનાત્મક માર્ગ અપનાવ્યો હતો. ■

# કોહલી ફૉર્મમાં હોય કે ન હોય, તે જ વિશ્વનો સર્વશ્રેષ્ઠ પ્લેયર છેઃ ક્રિસ ગેઈલ

## કૅરિબિયન-ગ્રેટના મતે હવે 'રોહિત ન્યૂ કિંગ ઇન ટાઉન': ચૅમ્પિયન્સ ટ્રોફીની સેમિ માટે આ ચાર ટીમને દાવેદાર ગણાવી



નવી દિલ્હીઃ વિરાટ કોહલી ઘણા દિવસોથી ફૉર્મમાં નથી અને ખાસ કરીને ઑફ સ્ટમ્પની બહારના બૉલમાં શૉટ મારવા જતાં કૅચ આપી બેસે છે, પરંતુ વેસ્ટ ઇન્ડિઝનો ભૂતપૂર્વ બૅટર અને ભૂતકાળમાં અનેક ધમાકેદાર ઇનિંગ્સથી કરોડો ક્રિકેટપ્રેમીઓના દિલોદિમાગ પર છવાઈ ગયેલા ક્રિસ ગેઇલનું દૃઢપણે માનવું છે કે 'કોહલી ફૉર્મમાં હોય કે ન હોય, વિશ્વનો બેસ્ટ પ્લેયર તો તે જ છે.'

૩૬ વર્ષનો કોહલી તાજેતરમાં દિલ્હી વતી રણજી મૅચમાં સારું નહોતો રમી શક્યો અને રવિવારે કટકમાં ઇંગ્લૅન્ડ સામેની બીજી વન-ડેમાં ફક્ત પાંચ રન બનાવીને આઉટ થઈ ગયો હતો. જોકે તેની સાથે આઇપીએલમાં રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુ (આરસીબી) વતી ઘણી સીઝન રમી ચૂકેલા ગેઇલનું માનવું છે કે 'કોહલી હજી પણ વિશ્વનો સર્વશ્રેષ્ઠ ખેલાડી છે. આંકડા જ એનો પુરાવો છે. ત્રણેય ફૉર્મેટમાં તેણે જેટલી સેન્ચુરીઓ ફટકારી છે એ પણ બધું કહી આપે છે.'

ગેઇલે એવું પણ કહ્યું હતું કે 'અમે ક્રિકેટરો આવા ખરાબ સમયકાળમાંથી પસાર થતા જ હોઈએ છીએ. કોહલીના કિસ્સામાં તેની કરીઅરના અંતની નજીકના સમય દરમ્યાન આવું બની રહ્યું છે, પણ આવું તો બન્યા કરે. તેને ફરી ફૉર્મમાં આવતા વાર નહીં લાગે.'

૧૯મી ફેબ્રુઆરીએ શરૂ થનારી ચૅમ્પિયન્સ ટ્રોફીના ઇતિહાસમાં સૌથી વધુ રન બનાવવાનો રેકૉર્ડ ક્રિસ ગેઇલના નામે છે. તેણે આ ટૂર્નામેન્ટમાં કુલ ૧૭ ઇનિંગ્સમાં ૭૯૧ રન બનાવ્યા હતા. તેના એ વિક્રમને ઓળંગવા કોહલીને ૨૬૨ રનની જરૂર છે, કારણકે કોહલીએ આ સ્પર્ધામાં અત્યાર સુધીમાં ૧૨ ઇનિંગ્સમાં કુલ ૫૨૯ રન બનાવ્યા છે. કોહલી આ વિક્રમ તોડી શકશે કે કેમ એ વિશે ગેઇલને અહીં એક ઇવેન્ટ વખતે પૂછાતાં તેણે કહ્યું, '૨૦૦ જેટલા રન બનાવવા તેના માટે ખૂબ આસાન છે. મને ખાતરી છે કે તે મારો રેકૉર્ડ તોડવા પૂરતા જરૂરી રન બનાવશે જ. તે આ ટૂર્નામેન્ટમાં સેન્ચુરી ફટકારશે એની મને ખાતરી છે.'

રોહિત શર્માએ તાજેતરમાં વન-ડે ક્રિકેટમાં સૌથી વધુ સિક્સર ફટકારનારાઓમાં બીજા નંબરના ગેઇલના ૩૩૧ રનના વિક્રમને પાર કરી લીધો એ વિશે પૂછ્વામાં આવતાં તેણે રોહિતને 'ન્યૂ કિંગ ઇન ટાઉન' તરીકે ઓળખાવતા કહ્યું, 'રોહિતને અભિનંદન. ખેલકૂદમાં હંમેશાં મનોરંજન પૂરું પાડતા નવા-નવા ખેલાડીની જરૂર રહેતી જ હોય છે અને રોહિત ઘણાં વર્ષોથી બધાને એન્ટરટેઇન કરી જ રહ્યો છે. હું રમતો ત્યારે મેં પણ તેની સાથે ક્રિકેટપ્રેમીઓને મનોરંજન પૂરું પાડ્યું હતું. મારી દૃષ્ટિએ (વન-ડેમાં સિક્સર ફટકારવાની બાબતમાં) તે હવે નવો કિંગ છે. તેને ફરી અભિનંદન અને આશા રાખું છું કે તે વધુને વધુ સિક્સર ફટકારતો રહેશે.'

ચૅમ્પિયન્સ ટ્રોફીમાં વેસ્ટ ઇન્ડિઝની ટીમ ક્વૉલિફાય નથી થઈ શકી એ વિશે ખેદ વ્યક્ત કરતા ગેઇલે કહ્યું, 'હા, વેસ્ટ ઇન્ડિઝની ટીમ આ સ્પર્ધામાં નથી રમી શકવાની એ બદલ હું ખૂબ હતાશ છું. જોકે આ સ્પર્ધા (સાત વર્ષે) પાછી રમાઈ રહી છે એ બહુ સારું થયું. મને ખાતરી છે કે પાકિસ્તાનમાં અને દુબઈમાં રમાનારી આ સ્પર્ધા રોમાંચક અને મનોરંજક બની રહેશે.'

તમારી દૃષ્ટિએ ચૅમ્પિયન્સ ટ્રોફીમાં કઈ ચાર ટીમ સેમિ ફાઇનલમાં પહોંચશે? એવું પૂછ્વામાં આવતાં ગેઇલે કહ્યું, 'મને લાગે છે કે ભારત, ઇંગ્લૅન્ડ, ઑસ્ટ્રેલિયા અને કદાચ ન્યૂ ઝીલૅન્ડની ટીમ સેમિ ફાઇનલમાં પહોંચશે.' ■

# મહિલા ક્રિકેટર પણ હવે મૅચ ફિક્સ કરવા લાગી! જાણો, શૉકિંગ સ્ટોરી

## બાંગ્લાદેશની ખેલાડી પર આઇસીસીનો પાંચ વર્ષનો પ્રતિબંધ



દુબઈ/ઢાકાઃ ૨૦૧૩ની સાલમાં અમદાવાદ તેમ જ વડોદરામાં મહિલા ક્રિકેટ રમી ચૂકેલી બાંગ્લાદેશની ૩૬ વર્ષની સ્પિન-ઑલરાઉન્ડર શોહેલી અખ્તર ખાતુન મૅચ ફિક્સ કરવાના ક્રિકેટલક્ષી ગુના બદલ પકડાઈ ગઈ છે જેને પગલે આઇસીસીએ તેના રમવા પર પાંચ વર્ષનો પ્રતિબંધ મૂકી દીધો છે. તે ૨૦૩૦ સુધી કોઈ પણ પ્રકારની ક્રિકેટ મૅચ નહીં રમી શકે.

બાંગ્લાદેશ વતી ૨૦૧૩થી ૨૦૨૨ દરમ્યાન ફક્ત બે વન-ડે અને ૧૩ ટી-૨૦ રમી ચૂકેલી શોહેલી અખ્તર ક્રિકેટને લગતા ભ્રષ્ટાચાર બદલ પ્રતિબંધ ભોગવનારી પહેલી આંતરરાષ્ટ્રીય મહિલા ક્રિકેટર બની હોવાનું મનાય છે.

થોડા દાયકાઓથી પુરુષોની ક્રિકેટમાં મૅચો ફિક્સ કરવાના કે સ્પૉટ ફિક્સિંગ કરવાના કે ફિક્સિંગને લગતી કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા બદલ ઘણા ખેલાડીઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યા છે, પણ હવે મહિલા ક્રિકેટમાં આવા કિસ્સા બનતાં ક્રિકેટજગતમાં સનસનાટી મચી ગઈ છે.

બાંગ્લાદેશની શોહેલી અખ્તર સામે એવા આક્ષેપો થયા છે કે તેણે મૅચ ફિક્સ કરવાનો પ્રયત્ન કર્યો હતો, લાંચ-રુશ્વત ઑફર કરી હતી તેમ જ ફિક્સિંગને લગતી આખી ઘટનાની વિગતો આઇસીસી સુધી નહોતી પહોંચાડી. એટલું જ નહીં, આઇસીસીની ઍન્ટિ-કરપ્શન યુનિટ (એસીયુ) દ્વારા થતી તપાસમાં વિઘ્ન ઊભા કરવાનો આરોપ પણ શોહેલી પર છે. કહેવાય છે કે શોહેલીએ ૨૦૨૩ની સાલમાં સાઉથ આફ્રિકામાં રમાયેલા મહિલાઓના ટી-૨૦ વર્લ્ડ કપમાં એક ખેલાડીનો ફિક્સિંગ સંબંધમાં સંપર્ક કર્યો હતો. શોહેલી એ વિશ્વ કપમાં બાંગ્લાદેશની ટીમમાં હતી જ નહીં, કારણકે છેલ્લે તે ઑક્ટોબર ૨૦૨૨માં બાંગ્લાદેશ વતી રમી હતી.

એક જાણીતી ક્રિકેટલક્ષી વેબસાઇટના અહેવાલ મુજબ ૨૦૨૩ની ૧૪મી ફેબ્રુઆરીએ શોહેલીએ ફેસબુક મેસેન્જર પર એ ક્રિકેટર સાથે જે વાર્તાલાપ કર્યો હતો એને ખાસ ધ્યાનમાં લઈને આઇસીસીની એસીયુએ તપાસ શરૂ કરી છે. ત્યારે બાંગ્લાદેશ અને ઑસ્ટ્રેલિયા વચ્ચેની મૅચ હતી જ્યારે કથિત ફિક્સિંગની આ ઘટના બની હતી. કહેવાય છે કે તેણે એ ક્રિકેટરને એ મૅચમાં હિટ-વિકેટમાં આઉટ થઈ જવા ૨૦ લાખ બાંગ્લાદેશી ટાકા (અંદાજે ૧૬,૪૦૦ ડૉલર)ની ઑફર કરી હતી.

સાઉથ આફ્રિકાના પોર્ટ એલિઝાબેથ શહેરમાં (નવું નામ કેબેહા) રમાયેલી એ મૅચમાં બાંગ્લાદેશ (૨૦ ઓવરમાં ૧૦૭/૭)ને ઑસ્ટ્રેલિયા (૧૮.૨ ઓવરમાં ૧૧૧/૨)એ આઠ વિકેટે હરાવી દીધું હતું.

શોહેલીએ જે મહિલા ક્રિકેટરને લાંચ ઑફર કરી હતી એ ક્રિકેટરે તરત જ આખી વાત આઇસીસીના એસીયુ વિભાગને કહી દીધી હતી. શોહેલીએ તેને જે પણ ઑફર કરી હતી એની આખી વૉઇસ-નોટ આઇસીસીને આપી હતી. જોકે શોહેલીએ એ વૉઇસ-નોટ પોતાના ડિવાઇસમાંથી ડીલીટ કરી નાખી હતી. તપાસ દરમ્યાન શોહેલીએ વૉઇસ-મૅસેજ મોકલ્યા હોવાનું કબૂલ્યું હતું, પરંતુ એવું પણ કહ્યું હતું કે 'હું કંઈ મૅચ ફિક્સ નહોતી કરી રહી, હું તો એ પ્લેયરને બતાવવા માગતી હતી કે જો બાંગ્લાદેશની ટીમમાં આવું મૅચ ફિક્સિંગ જેવું કંઈ નથી થતું.'

શોહેલી ૨૦૧૩માં કરીઅરની સૌથી પહેલી વન-ડે અમદાવાદમાં ભારત સામે રમી હતી. સલમા ખાતુન ત્યારે બાંગ્લાદેશની અને હરમનપ્રીત કૌર ભારતની કૅપ્ટન હતી. ભારતે એ મૅચ હરમનપ્રીતના ૧૦૩ રનની મદદથી જીતી લીધી હતી. શોહેલી ૨૦૧૩માં જ કારકિર્દીની પહેલી ટી-૨૦ મૅચ વડોદરામાં રમી હતી અને ભારતે એ મૅચ પૂનમ રાઉતના ૭૫ રનની મદદથી જીતી લીધી હતી. ■

## ટીમ ઈન્ડિયા આજે અમદાવાદમાં ક્લીન સ્વીપ કરી શકશે?

અમદાવાદઃ ક્રિકેટજગતના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આજે (બપારે ૧.૩૦ વાગ્યાથી) ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે ગરમ અને ભેજવાળા હવામાનમાં સિરીઝની છેલ્લી વન-ડે રમાશે. ભારતને આ મૅચ જીતીને ૩-૦થી ક્લીન સ્વીપ કરવાનો મોકો છે. કૅપ્ટન રોહિત શર્મા પાછો ફૉર્મમાં આવી ગયો છે અને આજે તેને વન-ડે ક્રિકેટમાં ૧૧,૦૦૦ રન પૂરા કરવા ફક્ત ૧૩ રનની જરૂર છે. વિરાટ કોહલી ફૉર્મમાં નથી, પરંતુ જો તે આજે સારું રમશે અને ૮૯ રન કરશે તો વન-ડેમાં ૧૪,૦૦૦ રન પૂરા કરનારો વિશ્વનો ત્રીજો ખેલાડી બનશે.

છેલ્લે આ મેદાન પર ભારતીય ટીમ ૨૦૨૩ના વર્લ્ડ કપની ઑસ્ટ્રેલિયા સામેની ફાઇનલ હારી ગઈ હતી. ■

# રહાણે, શાર્દુલ, ડાયસે મુંબઈને સેમિ ફાઇનલમાં પહોંચાડ્યું

## સૌરાષ્ટ્ર સામે ગુજરાતનો અને તામિલનાડુ સામે વિદર્ભનો વિજય

કોલકાતાઃ કૅપ્ટન અજિંક્ય રહાણે (૧૦૮ રન, ૧૮૦ બૉલ, તેર ફોર)એ ગઈ કાલે અહીં ઈડન ગાર્ડન્સમાં હરિયાણા સામેની રણજી ક્વૉર્ટર ફાઇનલના બીજા દાવમાં ફર્સ્ટ-ક્લાસ કરીઅરની ૪૧મી સદી ફટકારીને વિજય અપાવ્યો હતો અને એ જીત સાથે મુંબઈ સેમિ ફાઇનલમાં પહોંચી ગયું હતું. જોકે આ વિજયમાં શાર્દુલ ઠાકુર (પ્રથમ દાવની છ વિકેટ બાદ બીજા દાવમાં ત્રણ વિકેટ)નું તેમ જ બીજા પેસ બોલર રૉયસ્ટન ડાયસ (બીજા દાવમાં પાંચ વિકેટ)નું પણ મહત્ત્વનું યોગદાન હતું.

૧૭મી ફેબ્રુઆરીથી રમાનારી પાંચ દિવસની સેમિ ફાઇનલમાં મુંબઈનો મુકાબલો વિદર્ભ સામે થશે.

ડિફેન્ડિંગ ચૅમ્પિયન મુંબઈએ પ્રથમ દાવમાં ૩૧૫ રન બનાવ્યા એના જવાબમાં હરિયાણાએ ૩૦૧ રન બનાવ્યા હતા. મુંબઈએ ૧૪ રનની સરસાઈ લીધા પછી બીજા દાવમાં રહાણેના ૧૦૮ રન ઉપરાંત સૂર્યકુમાર યાદવના ૭૦ રનની મદદથી ૩૩૯ રન બનાવ્યા હતા. હરિયાણાને જીતવા



વિદર્ભને જિતાડનાર કરુણ નાયર

૩૫૪ રનનો લક્ષ્યાંક મળ્યો હતો, પરંતુ અંકિત કુમારના સુકાનમાં હરિયાણાની ટીમ ૨૦૧ રનમાં આઉટ થઈ જતાં મુંબઈનો ૧૫૨ રનથી વિજય થયો હતો. ડાયસની પાંચ ઉપરાંત શાર્દુલે ત્રણ અને સ્પિનર તનુષ કોટિયને બે વિકેટ લીધી હતી. આ પરાજયને પગલે હરિયાણાના પેસ બોલર અંશુલ કંબોજનો કુલ પાંચ વિકેટનો પર્ફોર્મન્સ પાણીમાં ગયો હતો.

અન્ય એક ક્વૉર્ટર ફાઇનલમાં વિદર્ભનો તામિલનાડુ સામે ૧૯૮ રનથી વિજય થયો હતો. ભારતીય ટીમમાં કમબૅક કરવા આતુર કરુણ નાયર આ મૅચનો હીરો હતો. તેણે પ્રથમ દાવમાં ૧૨૨ રન બનાવીને જીતનો પાયો નાખ્યો હતો.

બીજી સેમિ ફાઇનલમાં ગુજરાતની ટીમ હરીફ ટીમની રાહ જોઈ રહી છે, કારણકે કેરળને ક્વૉર્ટર ફાઇનલમાં જમ્મુ-કાશ્મીરે ૩૯૯ રનનો લક્ષ્યાંક આપ્યો છે અને કેરળે ૧૦૦ રનમાં બે વિકેટ ગુમાવી દીધી હતી. ગુજરાત સામે સેમિમાં આ બેમાંથી કોઈ એક ટીમ આવી શકે.

દરમ્યાન રાજકોટમાં ગુજરાતે ગઈ કાલે સૌરાષ્ટ્ર સામે એક ઇનિંગ્સ અને ૯૮ રનથી વિજય મેળવ્યો હતો. સૌરાષ્ટ્રના ૨૧૬ રનના જવાબમાં ગુજરાતે ૫૧૧ રન બનાવ્યા હતા. બીજા દાવમાં સૌરાષ્ટ્રની ટીમ પ્રિયજીતસિંહ જાડેજાની ચાર અને અર્ઝાન નાગવાસવાલાની ત્રણ વિકેટને લીધે ૧૯૭ રનના સ્કોર પર આઉટ થઈ ગઈ હતી. ■

# ૭,૨૦૦થી વધુ રન બનાવ્યા છતાં ભારત વતી રમવા ન મળ્યું, શેલ્ડન જૅક્સનની છેવટે નિવૃત્તિ

## સૌરાષ્ટ્રના ભરોસાપાત્ર બૅટરે ૨૧ સેન્ચુરી અને ૩૯ હાફ સેન્ચુરી ફટકારી હતી

રાજકોટઃ સૌરાષ્ટ્રની રાષ્ટ્રીય સ્પર્ધાઓ માટેની ટીમના ભરોસાપાત્ર અને ટૅલન્ટેડ બૅટર શેલ્ડન જૅક્સને ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાંથી રિટાયરમેન્ટ લઈ લીધું છે. ૩૮ વર્ષની ઉંમરના જૅક્સને રણજી ટ્રોફી સહિતની પ્રથમ કક્ષાની સવાતેર વર્ષની કરીઅરમાં કુલ ૧૦૬ મૅચની ૧૭૪ ઇનિંગ્સમાં ૭,૨૮૩ રન બનાવ્યા હતા. ઢગલો રન કરી આપતા આ બૅટરને આઇપીએલની બે ફ્રૅન્ચાઇઝી (કોલકાતા નાઇટ રાઇડર્સ અને રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુ)એ પોતાની ટીમમાં સમાવ્યો હતો અને આઇપીએલમાં કુલ નવ મૅચ રમ્યો છે, પરંતુ તેને ક્યારેય ભારત વતી રમવાનો મોકો નહોતો મળ્યો.

રાઇટ-હૅન્ડ બૅટર શેલ્ડન જૅક્સન ડિસેમ્બર, ૨૦૧૧માં દિલ્હીમાં સૌરાષ્ટ્ર વતી પ્રથમ ફર્સ્ટ-ક્લાસ મૅચ રેલવે સામે રમ્યો હતો. ગઈ કાલે રાજકોટમાં સૌરાષ્ટ્રના પરાજય સાથે પૂરી થયેલી ગુજરાત સામેની રણજી ક્વૉર્ટર ફાઇનલ મૅચ તેની અંતિમ ફર્સ્ટ-ક્લાસ મૅચ હતી.

વિદેશી ખેલાડી જેવા દેખાતા શેલ્ડન ફિલિપ જૅક્સનનો જન્મ સપ્ટેમ્બર, ૧૯૮૬માં ભાવનગરમાં થયો હતો. તે વિકેટકીપિંગ પણ કરતો હતો અને છ મૅચમાં તેણે ઑફ-સ્પિન બોલિંગમાં બે વિકેટ પણ લીધી હતી. તેણે ફર્સ્ટ-



### રણજી ટ્રોફીમાં સૌથી વધુ સિક્સર

(૧) ૧૪૧: શેલ્ડન જૅક્સન
(૨) ૧૧૦: પારસ ડોગરા
(૩) ૯૮: નમન ઓઝા
(૪) ૯૬: શ્રેયસ ઐયર
(૫) ૯૫: મનીષ પાન્ડે

ક્લાસ ક્રિકેટમાં કુલ ૨૧ સેન્ચુરી અને ૩૯ હાફ સેન્ચુરી ફટકારી હતી. ૧૮૬ રન તેનો હાઇએસ્ટ સ્કોર હતો. તેની ૪૫.૮૦ની બૅટિંગ-ઍવરેજ એ વાતનો પુરાવો છે કે સવાતેર વર્ષની કારકિર્દીમાં તે સતત સારું રમ્યો હતો. તેની ફીલ્ડિંગ પણ સૌરાષ્ટ્રની ટીમને ઘણી મૅચોમાં ખૂબ ફાયદારૂપ સાબિત થઈ હતી. મર્યાદિત ઓવરની મૅચોમાં તે સૌરાષ્ટ્ર વતી વિકેટકીપિંગની જવાબદારી પણ સંભાળતો હતો. જોકે લાંબા ફૉર્મેટની મૅચો (ચારથી પાંચ દિવસની મૅચો)માં સાગર જોગિયાણી સારી વિકેટકીપિંગ કરતો હોવાથી જૅક્સનની જરૂર નહોતી પડતી.



શેલ્ડન જૅક્સનનું નિરંજન શાહ અને કૅપ્ટન જયદેવ ઉનડકટ સહિત સૌરાષ્ટ્ર ક્રિકેટના બીજા અગ્રણીઓ દ્વારા બહુમાન કરાયું હતું.

ગઈ કાલે ગુજરાતના વિજય સાથે પૂરી થયેલી પાંચ દિવસીય રણજી ક્વૉર્ટર ફાઇનલમાં જૅક્સને ૧૪ અને ૨૭ રન બનાવ્યા હતા. ગુજરાતે આ મૅચ એક દાવ અને ૯૮ રનથી જીતી લીધી અને એ સાથે જૅક્સનની કરીઅર પર પડદો પડી ગયો. ગયા મહિને જૅક્સને પ્રથમ કક્ષાની મર્યાદિત ઓવરોવાળી ક્રિકેટમાંથી રિટાયરમેન્ટ લઈ લીધું હતું. એમાં તેણે ૮૪ ઇનિંગ્સમાં કુલ ૨,૭૯૨ રન બનાવ્યા હતા.

સૌરાષ્ટ્ર ક્રિકેટ ઍસોસિયેશનના પ્રમુખ જયદેવ શાહે શેલ્ડન જૅક્સનની કરીઅરને બિરદાવી હતી અને ક્રિકેટ તેમ જ સૌરાષ્ટ્રની ટીમ પ્રત્યેની તેની સમર્પિતતા, અથાક મહેનત તેમ જ અસાધારણ પર્ફોર્મન્સીસ બદલ તેની કારકિર્દીને ખૂબ વખાણી હતી અને જણાવ્યું હતું કે તેના યોગદાનો આશાસ્પદ ક્રિકેટરોને પ્રેરણા આપતા રહેશે. ■

# ચૅમ્પિયન્સ ટ્રૉફી માટેની કઈ ટીમની જર્સી કેવી, કેટલી મોંઘી અને કેટલી સસ્તી?




નવી દિલ્હીઃ ૧૯મી ફેબ્રુઆરીએ શરૂ થનારી વન-ડે ફૉર્મેટની ચૅમ્પિયન્સ ટ્રોફી માટે તમામ આઠ ટીમ પોતપોતાની રીતે તૈયારી કરવામાં વ્યસ્ત છે જેમાં આ ટીમોના ખેલાડીઓ માટેની નવી જર્સી પણ લૉન્ચ થઈ રહી છે અને એ બધામાં કઈ ટીમની કેવી જર્સી છે અને કેટલી મોંઘી છે એની રસપ્રદ વિગત બહાર આવી છે. તો આવો, જાણીએ કે કઈ ટીમની જર્સી સૌથી મોંઘી અને કોની સૌથી સસ્તી છે.


અમુક ટીમોની જર્સી લૉન્ચ થઈ ચૂકી છે અને કેટલીકની જર્સી આઇસીસીની વેબસાઇટ પર પણ બતાવવામાં આવી છે.

**ભારતઃ** બીસીસીઆઇ તરફથી વન-ડેની નવી જર્સીની જાહેરાત થઈ ચૂકી છે. ચૅમ્પિયન્સ ટ્રોફીની સત્તાવાર જર્સી હજી લૉન્ચ નથી થઈ, પરંતુ એક અહેવાલ મુજબ આઇસીસીની વેબસાઇટ પર ટીમ ઇન્ડિયાની ચૅમ્પિયન્સ ટ્રોફી જર્સીની કિંમત ૪,૫૦૦ રૂપિયા બતાવાઈ છે. ટીમ ઇન્ડિયાની નવી વન-ડે જર્સીની કિંમત ૫,૯૯૯ રૂપિયા બતાવવામાં આવી છે.

**પાકિસ્તાનઃ** યજમાન પાકિસ્તાન દ્વારા પોતાના ખેલાડીઓ માટેની ચૅમ્પિયન્સ ટ્રોફી જર્સી લૉન્ચ થઈ ચૂકી છે. પાકિસ્તાને આ ટૂર્નામેન્ટ માટેની જર્સીની કિંમત ૪૦ અમેરિકી ડૉલર (અંદાજે ૩,૫૦૦ રૂપિયા) રાખી છે.

**અફઘાનિસ્તાનઃ** અફઘાનિસ્તાન દ્વારા એના ખેલાડીઓ માટેની ચૅમ્પિયન્સ ટ્રોફી જર્સી જાહેર કરી દેવામાં આવી છે. આઇસીસીની વેબસાઇટ પર અફઘાનિસ્તાનના ખેલાડીઓ માટેની જર્સીની કિંમત આશરે ૪,૫૦૦ રૂપિયા છે.

**ઑસ્ટ્રેલિયા, ન્યૂ ઝીલૅન્ડ, ઇંગ્લૅન્ડ, સાઉથ આફ્રિકા, બાંગ્લાદેશઃ** ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ભાગ લેનાર ઑસ્ટ્રેલિયા, ન્યૂ ઝીલૅન્ડ, ઇંગ્લૅન્ડ, સાઉથ આફ્રિકા, બાંગ્લાદેશ દેશના ક્રિકેટ બૉર્ડે હજી સુધી પોતાના પ્લેયર્સ માટેની જર્સી સત્તાવાર રીતે જાહેર નથી કરી એવું અહેવાલમાં જણાવાયું હતું. જોકે આઇસીસીની વેબસાઇટ પર આ ટીમોની ચૅમ્પિયન્સ ટ્રોફી જર્સી મોજૂદ છે. આ તમામ પાંચ દેશની જર્સીની કિંમત અંદાજે ૪,૫૦૦ રૂપિયા છે. ■




**વેલ ડનઃ** દહેરાદૂનમાં ગઈ કાલે ૩૮મા રાષ્ટ્રીય ખેલોત્સવમાં ઍક્રોબેટિક જિમ્નૅસ્ટિક્સની હરીફાઈ દરમ્યાન કર્ણાટકના સ્પર્ધકો કિરણ તથા પ્રસ્ના.

# ક્રિકેટના કાયદા ઘડતી પૅનલમાં દ્રવિડ, પૉન્ટિંગ, અમ્પાયર ટૉફેલ જેવા મેમ્બર હોવા જોઈએઃ ગાવસકર

કટકઃ રવિવારે અહીં બારાબતી સ્ટેડિયમમાં ભારતે ઇંગ્લૅન્ડ સામેની બીજી વન-ડે ચાર વિકેટે જીતીને સિરીઝની ટ્રોફી પર ૨-૦થી કબજો તો કરી લીધો, પણ ૯૦ બૉલમાં સાત સિક્સર અને બાર ફોરની મદદથી ૧૧૯ રન બનાવનાર મૅચ-વિનર રોહિત શર્માની વિકેટે ફરી એકવાર ક્રિકેટમાં બદલવામાં આવેલા એક નિયમને ફરી ચર્ચામાં લાવી દીધો છે. કોઈ કૅચ પકડવામાં આવી રહ્યો હોય ત્યારે બન્ને બૅટર ક્રૉસ થઈ ગયા હોય તો પણ નૉન-સ્ટ્રાઇક એન્ડ પરનો બૅટર સ્ટ્રાઇક પર ન આવી શકે એને લગતો આ નિયમ છે અને બૅટિંગ-લેજન્ડ સુનીલ ગાવસકરે ક્રિકેટના કાયદા ઘડતી પૅનલમાં ક્રિકેટ રમવાનો બહોળો અનુભવ ધરાવતા રાહુલ દ્રવિડ જેવા ખેલાડીઓ હોવા જોઈએ એવું સૂચન કર્યું છે.

દાયકાઓથી ક્રિકેટના કાયદા ઇંગ્લૅન્ડની મૅરિલબૉન ક્રિકેટ ક્લબ (એમસીસી) બનાવે છે. રવિવારે કટકમાં લિઆમ લિવિંગસ્ટનના ફુલટૉસમાં રોહિતે ઊંચો શૉટ માર્યો હતો અને રન લેવા દોડ્યો હતો. આદિલ રાશિદે પાછળની દિશામાં દોડી આવીને મિડવિકેટ પર રોહિતનો કૅચ પકડ્યો હતો અને ત્યાં સુધીમાં રોહિત અને નૉન-સ્ટ્રાઇક એન્ડ



પરનો બૅટર શ્રેયસ ઐયર ક્રૉસ થઈ ગયા હતા. જૂના નિયમ મુજબ બેઉ બૅટર ક્રૉસ થઈ ગયા એટલે નૉન-સ્ટ્રાઇક એન્ડ પરનો બૅટર શ્રેયસ સ્ટ્રાઇક પર આવે અને નવા બૅટર અક્ષર પટેલે નૉન-સ્ટ્રાઇક એન્ડ પર ઊભા રહેવું પડે. જોકે ૨૦૨૨ની સાલમાં એમસીસી દ્વારા નિયમમાં ફેરફાર કરાયો હતો જે મુજબ શ્રેયસ નહીં, પણ નવો બૅટર અક્ષર પટેલ સ્ટ્રાઇક પર આવ્યો હતો અને એ ઓવરના બાકીના બૉલ તે રમ્યો હતો અને શ્રેયસ સામા છેડે ઊભો હતો.

ગાવસકરને આ જ નિયમનો ફેરફાર નથી ગમ્યો. તેમણે કહ્યું છે કે 'એક ઓવરમાં બે બાઉન્સરનો નવો નિયમ કે આખા દિવસમાં ૯૦ ઓવર બોલિંગ થવી જ જોઈએ એવા તથ્યવાળા ફેરફાર ગળે ઉતરે છે અને એ ફેરફાર કરવા પાછળના કારણ સમજી શકાય એવા છે, પણ બન્ને બૅટર્સ ક્રૉસ થઈ જવા છતાં નવા બૅટરને જ સ્ટ્રાઇક પર આવવા મળે એ ફેરફાર મને ઠીક નથી લાગતો. નૉન-સ્ટ્રાઇક એન્ડ પરનો બૅટર ક્રૉસ થઈ ગયો હોય છતાં કેમ તે સ્ટ્રાઇક પર ન આવી શકે એવો ફેરફાર કરવા પાછળનો હેતુ સમજાયો નહીં.'

ગાવસકરે એવું પણ કહ્યું છે કે 'ક્રિકેટના કાયદા ઘડવાની અને ફેરફાર કરવાની સત્તા એમસીસી નામની પ્રાઇવેટ ક્લબ પાસે છે. એના દ્વારા કાયદા જો વિશ્વભરમાં રમાતી આંતરરાષ્ટ્રીય મૅચો માટે બનાવવામાં આવતા હોય તો પછી એ નિયમો ઘડતી પૅનલમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રિકેટ રમવાનો અનુભવ ધરાવનારાઓ હોવા જ જોઈએ. આ પૅનલમાં રાહુલ દ્રવિડ તેમ જ ગ્રેમ સ્મિથ અને રિકી પૉન્ટિંગને સમાવી શકાય. હાલમાં જે પૅનલ છે એમાં મને નથી લાગતું કે આંતરરાષ્ટ્રીય સ્તરે રમવાનો ખાસ કંઈ અનુભવ ધરાવનારાઓ હોય. અમ્પાયરિંગનો બહોળો અનુભવ ધરાવતા સાયમન ટૉફેલને પણ કમિટીમાં લઈ શકાય. કોઈ પણ કાયદો બદલવો હોય તો એ પાછળ કંઈક તથ્ય, કંઈક બૅકગ્રાઉન્ડ હોવું જરૂરી છે.' ■

# ટ્રેડ વોર વધુ વકરવાના ભય વચ્ચે સેન્સેક્સે ૭૬,૩૦૦ની સપાટી તોડી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકાએ શરૂ કરેલી ટેરિફ વોરમાં યુરોપિયન સંઘે ઝંપલાવ્યું હોવાથી વૈશ્વિક ઇક્વિટી બજારમાં મંદીનો માહોલ જામ્યો છે. શેરબજારમાં સતત પાંચમા સત્રમાં ચાલુ રહેલી પીછેહઠ વચ્ચે સેન્સેક્સ સત્ર દરમિયાન ૧૨૦૦થી વધુ મોટા કડાકા સાથે ૭૬,૦૩૦.૫૯ પોઇન્ટની સપાટીને અથડાઇને અંતે ૧૦૧૮.૨૦ પોઇન્ટ અથવા તો ૧.૩૧ ટકાના કડાકા સાથે ૭૬,૨૯૩.૬૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. નિફ્ટી સત્ર દરમિયાન ૨૩,૦૦૦ની સપાટી તોડતો ૨૨,૯૮૬.૬૫ની નીચી સપાટીને અથડાઇને અંતે ૩૦૯.૮૦ પોઇન્ટ અથવા તો ૧.૩૩ ટકાના કડાકા સાથે ૨૩,૦૭૧.૮૦ની સપાટીએ સ્થિર થયો હતો.

ઝોમેટો પાંચેક ટકાના કડાકા સાથે ટોપ લુઝર બન્યો હતો. અન્ય સૌથી વધુ ઘટનારા શેરોમાં ટાટા સ્ટીલ, બજાજ ફિનસર્વ, ટાટા મોટર્સ, પાવરગ્રીડ, લાર્સન એન્ડ ટૂબ્રો, કોટક મહિન્દ્રા બેન્ક, હિંદુસ્તાન યુનિલીવર અને આઇટીસીનો સમાવેશ હતો. સેન્સેક્સના શેરોમાં માત્ર ભારતી એરટેલ જ પોઝિટિવ ઝોનમાં ટકી શક્યો હતો. ગોલ્ડમેને ત્રીજા ત્રિમાસિક પરિણામ પછીના લક્ષ્યાંકમાં કાપ મૂક્યો હોવાથી આઇશર મોટર્સના શેરમાં છ ટકાનો કડાકો જોવા મળ્યો હતો.

નિરસ પરિણામોની જાહેરાત પછી એપોલો હોસ્પિટલના શેર લગભગ ચારેક ટકા તૂટ્યા હતા, જ્યારે પતંજલિ ફૂડ્સના શેર બે ટકા ગગડ્યા હતા. નોન વોવન ફેબ્રિક્સની ઉત્પાદક અને ૧૦૦ ટકા નિકાસલક્ષી એકમ ફાઇબરવેબ (ઇન્ડિયા) લિમિટેડે, નાણાકીય વર્ષ ૨૫ ના નવ મહિનાના પરિણામમાં રૂ. ૯.૯૯ કરોડનો ચોખ્ખા નફો નોંધાવ્યો છે, જે ૧૬૭ ટકાની વાર્ષિક વૃદ્ધિ દર્શાવે છે. કુલ આવક ૧૫.૮૯ ટકાના વધારા સાથે રૂ. ૭૬.૪૨ કરોડ રહી છે. એબિટા ૧૨૬.૩૫ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૫.૭૨ કરોડ અને એબિટા માર્જિન ૨૦.૫૭ ટકા જ્યારે નેટ પ્રોફિટ માર્જિન ૧૩.૦૭ ટકા રહ્યું છે.

ગ્રાસીમનો ચોખ્ખો નફો ૪૧ ટકા ઘટીને રૂ. ૮૯૯ કરોડ થયો હોવા છતાં તેના શેરમાં સવારના સત્રમાં ત્રણેક ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. અર્બન ઇન્ફ્રાસ્ટ્રકચર અને સ્ટ્રકચર્ડ ફાઇનાન્સમાં નિપુણ ઇન્વેસ્ટમેન્ટ મેનેજમેન્ટ કંપની, નિસસ ફાઇનાન્સ સર્વિસીસ કંપની લિમિટેડે મુંબઈમાં રિડેવલપમેન્ટ હાઉસિંગ પ્રોજેક્ટ પાર પાડીને લગભગ ૨૧ ટકાનો પ્રભાવશાળી ઇન્ટરનલ રેટ ઓફ રિટર્ન (આઇઆરઆર) હાંસલ કર્યો છે. કંપનીએ પ્રોજેક્ટ્સમાંના એકમાં વ્યૂહાત્મક રીતે રૂ. ૨૨ કરોડનું રોકાણ કર્યું હતું.

ઇલેક્ટ્રિકલ વ્હીકલ્સમાં વપરાતા ઇક્વિપમેન્ટ માટે ઓઇએમ, ડિલર અને ડિસ્ટ્રીબ્યુટરર્સ સહિતની ભૂમિકા ભજવનાર મેકસવોલ્ટ એનર્જી ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ અંદાજેરૂ. ૫૪ કરોડના ત્રીસ લાખ ઇક્વિટી શેરના જાહેર ભરણાં સાથે ૧૨મીએ બજારમાં પ્રવેશ કરશે અને ભરણું ૧૪મીએ બંધ થશે. ઓએફએલ અને ફ્રેશ ઓફરના આ સંયોજન ધરાવતા આઇપીઓમાં પ્રાઇસ બેન્ડ રૂ. ૧૭૧થી રૂ. ૧૮૦ નક્કી થઇ છે અને મિનિમમ લોટ ૮૦૦ શેરનો છે. રાઇટ વોટર સોલ્યુશને સેબી પાસે ડીઆરએચપી જમા કરાવ્યું છે.

નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઇ) સોશિયલ સ્ટોક એક્સચેન્જ પ્લેટફોર્મ પર પ્રશાંથી બાલમંદિર ટ્રસ્ટે ડ્રાફ્ટ પંડ રેઇઝિંગ ડોક્યુમેન્ટ જમા કરાવ્યા છે. આ પ્રોજેક્ટ માટે ઉક્ત પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ રૂ. ૧૮ કરોડ એકત્ર કરવા માગે છે જેનો ઉપયોગ કર્ણાટક ખાતે તેની આકાર લઇ રહેલી ૬૦૦ બેડ ધરાવતી હોસ્પિટલમાં અત્યાધૂનિક ઇમર્જન્સી અને ટ્રોમા કેર સેન્ટરની સ્થાપના માટે થશે. દરમિયાન ટેમ્પલ કનેક્ટ અને અંત્યોદયા પ્રતિષ્ઠાનના સહયોગ સાથે તિરુપતિ ખાતે ૧૭થી ૧૯ ફેબ્રુઆરી દરમિયાન આયોજિત ઇન્ટરનેશનલ ટેમ્પલ્સ કન્વેન્શન એન્ડ એક્સ્પોમાં ૫૮ દેશની ૧૫૯૧ સંસ્થાઓ સહભાગી થશે.

ક્લાઉડ સર્વિસીસ, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, એન્ટરપ્રાઇઝ એપ્લિકેશન્સ અને મેનેજ્ડ આઇટી સર્વિસીસ પ્રોવાઇડર ગ્લોબલ આઇટી સર્વિસીસ કંપની, દેવ ઇન્ફોર્મેશન ટેકનોલોજી લિમિટેડે ત્રીજા ક્વાર્ટરના પરિણામમાં ૫૦.૬૧ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૪૮.૧૫ કરોડની કુલ આવક, ૬.૧૯ ટકાની વૃદ્ધિ



સાથે રૂ. ૧.૮૨ કરોડનો ચોખ્ખો નફો, ૨૮.૫૬ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૩.૪૪ કરોડનો એબિટા નોંધાવ્યો છે.

પ્રાઇમરી માર્કેટમાં બે મેઇન બોર્ડ અને છ એસએમઇ આઇપીઓ આવી રહ્યાં છે. ક્વોલિટી પાવર ઇલેક્ટ્રિકલ ઇકવિપમેન્ટ લિમિટેડનો આઈપીઓ રૂ. ૮૫૮.૭૦ કરોડનો બુક બિલ્ટ ઈશ્યુ સાથે ૧૪ ફેબ્રુઆરીએ બજારમાં પ્રવેશ કરશે. સત્ર દરમિયાન ખાસ કરીને બેંકિંગ, ઓટો, મેટલ અને આઇટી શેરોમાં વેચવાલીનું જબરું દબાણ હતું. નબળી સ્થાનિક કમાણી અને યુ.એસ. વેપાર નીતિ અંગેની ચિંતાઓને કારણે રોકાણકારોના સેન્ટિમેન્ટમાં ખાંચરો પડ્યો છે. બપોરે બે વાગે સેન્સેક્સ ૧,૨૦૦ પોઈન્ટથી વધુ તૂટી પડ્યો ત્યારે ૧૦ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું. બજારને નીચી સપાટીએ ઘસડનારા મુખ્ય પરિબળોમાં યુએસ ટ્રેડ પોલિસી, કોર્પોરેટ સેકટરના નબળા પરિણામ અને વિદેશી રોકાણકારોની એકધારી વેચવાલીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત યુએસ પ્રેસિડેન્ટ ટ્રમ્પ દ્વારા સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ટેરિફમાં ૨૫ ટકાનો વધારો, ફેડરલ ચેરમેન પોવેલની ટેસ્ટીમની પહેલાંનો ઉચાટ અને યુએસ બોન્ડ યીલ્ડનો વધારો બજારને નીચે ધકેલવામાં મદદ કરે છે. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સ્ટીલ અને એલ્યુમિનિયમની આયાત પર ટેરિફ લાગુ કરવા સાથે દરેક દેશ સામે રેસિપ્રોકલ ટેરિફ લાદવાની જાહેરાત કરી છે ત્યારથી ટેરિફ વોરનો ગભરાટ પેઠો છે અને હવે તો યુરોપીયન સંઘે પણ વળતા પગલાં લેવાની ચીમકી ઉચ્ચારી હોવાથી ટેરિફ વોર વધુ વકરવાની સંભાવના છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા આ અઠવાડિયે કેટલાક દેશો પર પારસ્પારિક ટેરિફ લાદવાની જાહેરાતને પગલે ગ્લોબલ ઇક્વિટી માર્કેટના સેન્ટિમેન્ટને ફટકો લાગ્યો છે. નિષ્ણાતો અનુસાર વ્યાપક બજારમાં વેલ્યુએશન્સ હજુ ઊંચા છે. બજારને જીડીપીની વૃદ્ધિ અને અર્નિંગ રિબાઉન્ડના સંકેતો જેવા મૂળભૂત ટ્રિગર્સની જરૂર છે. હાલને તબક્કે રોકાણકારોએ વાજબી મૂલ્ય ધરાવતા ઉચ્ચ ગુણવત્તાવાળા લાર્જકેપને વળગી રહેવું જોઈએ. વિદેશી ફંડોએ પાછલા અઠવાડિયામાં ઇક્વિટીમાં રૂ. ૭,૩૦૦ કરોડની વેચવાલી નોંધાવી છે.

રોકાણકારોની નજર આ સપ્તાહે વૈશ્વિક બજારના વલણો અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ટ્રેડિંગ પ્રવૃત્તિ ઉપરાંત ઇન્ફ્લેશન ડેટા સહિતના મેક્રો ઇકોનોમિક ડેટા પર રહેશે. ચાલુ ત્રિમાસિક કમાણીની જાહેરાતો અને ફોરેક્સ ટ્રેન્ડ પણ બજારને પ્રભાવિત કરશે. બજારને ફુગાવાના આંકડા, ઔદ્યોગિક ઉત્પાદન ડેટા અને કોર્પોરેટ પરિણામ દિશા આપશે. બુધવારે, જાન્યુઆરી માટે યુએસ ફુગાવાના ડેટા ફોકસમાં રહેશે. ફેડ ચેર જેરોમ પોવેલની ટેસ્ટોમોની પર ખાસ નજર રહેશે.

ભારત માટે, ફુગાવા અને ઔદ્યોગિક ઉત્પાદનના ડેટા ૧૨ ફેબ્રુઆરીના રોજ જાહેર થશે. ગુરુવારે, યુકેના જીડીપી વૃદ્ધિનો ડેટા જાહેર કરવામાં આવશે અને શુક્રવારે જાન્યુઆરી માટે યુએસના રિટેલ સેલના ડેટા જાહેર થશે. નિષ્ણાતો અનુસાર બજારના સેન્ટિમેન્ટમાં તેજી માટે જીડીપી અને કોર્પોરેટ અર્નિંગ્સમાં સુધારો આવશ્યક છે. કોર્પોરેટ કમાણી પણ બજારના સેન્ટિમેન્ટ પર અસર કરશે.

આરબીઆઇ દ્વારા અપેક્ષિત ધોરણે રિપોઝિશન રેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો જાહેર કરાયો પરંતુ બજારને ટ્રીગર મળ્યું નથી. એફઆઇઆઇની વેચવાલી પણ ચાલુ રહી છે અને કોર્પોરેટ પરિણામ પણ નિરસ જ રહ્યાં હોવાથી હાલ બજારને ટેકો મળે એવું કોઇ પરિબળ મોજૂદ નથી.

શેરબજારના તમામ ઈન્ડાયસીસ નીચી સપાટીએ ગબડ્યા હતા, સેક્ટરલ ઇન્ડેક્સમાં મુખ્યત્વે રિયલ્ટી, ઈન્ડસ્ટ્રિયલ્સ અને હેલ્થકેર સૌથી અધિક ઘટ્યા છે. માર્કેટ કેપમાં રૂ. ૯.૩૦ લાખ કરોડનો ઘટાડો

મંગળવારે બીએસઈ સેન્સેક્સ ગત સોમવારના ૭૭,૩૧૧.૮૦ના બંધથી ૧૦૧૮.૨૦ પોઈન્ટ્સ (૧.૩૨ ટકા) ઘટ્યો હતો. માર્કેટ કેપ રૂ. ૯.૩૦ લાખ કરોડ ઘટીને રૂ.૪૦૮.૫૨ લાખ કરોડ રહ્યું હતું.

સેન્સેક્સ ૭૭,૩૧૧.૮૦ ખૂલીને ઊંચામાં ૭૭,૩૮૭.૨૮ સુધી અને નીચામાં ૭૭,૦૩૦.૫૯ સુધી જઈને અંતે ૭૬,૨૯૩.૬૦ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સની માત્ર એક સ્ક્રિપ વધી હતી, જ્યારે ૨૯ સ્ક્રિપ ઘટી હતી. એક્સચેન્જમાં ૪,૦૯૭ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૫૨૫ સ્ટોક્સ વધ્યા હતા, ૩,૪૭૮ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૯૪ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૫૫ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૪૭૯ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૨.૮૮ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૩.૪૦ ટકા ઘટ્યો હતો. સ્ટ્રટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૩.૨૨ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૪.૯૦ ટકા ઘટ્યો હતો.

સેક્ટરલ ઈન્ડેક્સમાં બધા જ બીએસઈ ઈન્ડેક્સ ઘટ્યા હતા, જેમાં મુખ્યત્વે રિયલ્ટી ૩.૧૪ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૨.૮૭ ટકા, હેલ્થકેર ૨.૭૮ ટકા, કંઝ્યુમર ડિસ્કેશનરી ૨.૭૩ ટકા, કેપિટલ ગુડ્સ ૨.૫૯ ટકા, ઓટો ૨.૪૯ ટકા, મેટલ ૨.૨૩ ટકા, એફએમસીજી ૨.૧૧ ટકા, યુટિલિટીઝ ૨.૦૮ ટકા, એનર્જી ૨.૦૬ ટકા અને કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૨.૦૪ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં એકમાત્ર ભારતી એરટેલ ૦.૧૯ ટકા વધ્યો હતો જ્યારે અન્ય બધી સ્ક્રિપ ઘટી હતી, જેમાં મુખ્યત્વે ઝોમેટો ૫.૨૪ ટકા, તાતા સ્ટીલ ૨.૯૧ ટકા, બજાજ ફિનસર્વ ૨.૭૦ ટકા, પાવર ગ્રીડ ૨.૬૮ ટકા, લાર્સન ૨.૬૫ ટકા, તાતા મોટર્સ ૨.૬૦ ટકા, કોટક બેન્ક ૨.૧૫ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૨.૦૮ ટકા અને આઈટીસી ૨.૦૭ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં મંગળવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૪૯૪.૪૯ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૭૪૨ સોદામાં ૩,૨૨૩ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૨૬,૯૭,૬૩૮ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૪,૨૮,૮૦,૨૩૨.૬૮ કરોડનું રહ્યું હતું.

# ડૉલર સામે રૂપિયામાં બે વર્ષનો સૌથી મોટો ૬૨ પૈસાનો ઉછાળો

મુંબઈઃ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ખાસ કરીને બૅન્કો દ્વારા ડૉલરમાં વ્યાપક વેચવાલીનું દબાણ રહેતાં ડૉલર સામે રૂપિયામાં અંદાજે બે વર્ષનો સૌથી મોટો ૬૨ પૈસાનો ઉછાળો આવ્યો હતો અને ૮૬.૮૩ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે વૈશ્વિક સ્તરે ટ્રેડ વૉર સર્જાવાની ભીતિ હેઠળ ડૉલર સામે રૂપિયો ૮૮ની સપાટી તરફ ગબડી રહ્યો હતો ત્યારે આજે ભારે ચંચળતા વચ્ચે નોંધપાત્ર બાઉન્સબૅક જોવા મળ્યું હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૭.૪૫ના બંધ સામે ભાવ ટૂ ભાવ ૮૭.૪૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૪૬ અને ઉપરમાં ૮૭.૬૧ની રેન્જમાં અથડાઈને અંતે ૬૨ પૈસાના સુધારા સાથે ૮૬.૮૩ના મથાળે બંધ રહ્યો હતો. ગત ત્રીજી માર્ચ, ૨૦૨૩નાં રોજ ડૉલર સામે રૂપિયામાં ૬૩ પૈસાનો ઉછાળો જોવા મળ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો ૪૫ પૈસા તૂટ્યો હતો, પરંતુ એક તબક્કે ગબડીને ૮૮ની નજીક ૮૭.૯૫ સુધી ઘટ્યો હતો. આજે ડૉલર સામે રૂપિયામાં અંદાજે એક ટકા જેટલું જોવા મળેલું બાઉન્સબૅક મુખ્યત્વે રિઝર્વ બૅન્કના હસ્તક્ષેપને આભારી હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલીના દબાણને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ જળવાઈ રહે તેવી શક્યતા છે. વધુમાં વૈશ્વિક સ્તરે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને અમેરિકાની ટેરિફ અંગેની અનિશ્ચિતતાઓ રૂપિયાને વધુ દબાણ હેઠળ રાખી શકે છે. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકાના ઘટાડા સાથે ૧૦૮.૧૮ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો, જ્યારે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૨૩ ટકા ઉછળીને બેરલદીઠ ૭૬.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. આ સિવાય સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૦૧૮.૨૦ પૉઈન્ટનો અને ૩૦૯.૮૦ પૉઈન્ટનો કડાકો બોલાયો હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૪૬૩.૭૨ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશો હતા.

# રૂપિયો બાઉન્સબૅક થતાં સોનામાં ₹ ૧૮૪નો અને ચાંદીમાં ₹ ૧૩૬૩નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે સ્ટીલ અને એલ્યુમિનિયમની આયાત સામે ૨૫ ટકા ટેરિફ લાદવાનો અમલ કરતાં વૈશ્વિક સ્તરે ટ્રેડ વૉરની ભીતિ હેઠળ સોનામાં સલામતી માટેની માગને ટેકે આજે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં તેજી આગળ ધપી હતી અને એક તબક્કે ભાવ વધીને ઔંસદીઠ ૨૯૪૨.૭૦ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચ્યા બાદ સાધારણ પીછેહઠ જોવા મળી હતી. તેમ જ ચાંદીમાં પણ ભાવમાં નરમાઈનું વલણ જોવા મળ્યું હતું. એકંદરે આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ છતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ૬૨ પૈસાનો ઉછાળો આવ્યો હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતરો ઘટી આવતાં હાજરમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૮૩થી ૧૮૪નો ઘટાડો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં સ્ટોકિસ્ટોની આક્રમક નફારૂપી વેચવાલી રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૧૩૬૩નો કડાકો બોલાઈ ગયો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે લંડન ખાતે સત્રના આરંભે ચાંદીમાં ઊંચા મથાળેથી ભાવમાં એક ટકાનો ઘટાડો આવ્યાના નિર્દેશોને ધ્યાનમાં લેતા સ્થાનિકમાં પણ સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક જ્વેલરી ઉત્પાદકોની લેવાલી ખપપૂરતી રહેતાં ભાવ



કિલોદીઠ રૂ. ૧૩૬૩ના ઘટાડા સાથે રૂ. ૯૪,૧૭૦ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સોનામાં વિશ્વ બજાર પાછળ મધ્યસત્ર દરમિયાન સુધારાતરફી વલણ રહ્યું હતું, પરંતુ ત્યાર બાદ ડૉલર સામે રૂપિયામાં ૬૨ પૈસાનું બાઉન્સબૅક જોવા મળતાં સત્રના અંતે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૮૩ ઘટીને રૂ. ૮૫,૧૩૯ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૮૪ ઘટીને રૂ. ૮૫,૪૮૧ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ટ્રમ્પની ટેરિફની નીતિઓને કારણે વૈશ્વિક સ્તરે ટ્રેડ વૉર સર્જાવાની ભીતિ ઉપરાંત અમેરિકા ખાતે પણ ફુગાવામાં વધારો થવાની શક્યતા પ્રબળ બની હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં સલામતી માટેની વ્યાપક માગ જળવાઈ રહેતાં હાજરમાં ભાવ એક તબક્કે વધીને ઔંસદીઠ ૨૯૪૨.૭૦ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચ્યા બાદ નફારૂપી વેચવાલીના દબાણ હેઠળ ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકો ઘટીને ઔંસદીઠ ૨૯૦૪.૫૯ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૧ ટકા ઘટીને ૨૯૩૨.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ એક ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૩૧.૭૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા. એકંદરે ટેરિફની ભીતિ હેઠળ ચાંદીને સલામતી માટેની માગનો ટેકો મળતો હોય છે, પરંતુ સાથે સાથે ટેરિફને કારણે ઔદ્યોગિક માગમાં ઘટાડો થવાની ભીતિ પણ સેવાઈ રહી હોવાથી ચાંદીમાં સુધારો મર્યાદિત જોવા મળી રહ્યો હોવાનું એક વિશ્લેષકે જણાવ્યું હતું.

અત્રે નોંધનીય બાબત એ છે કે ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે અમેરિકામાં આયાત થતા સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ૨૫ ટકા ટેરિફ લાદી હતી અને તેમાં કોઈને મુક્તિ નથી આપવામાં આવી કે કોઈ દેશને બાકાત નથી રાખવામાં આવ્યા આથી ટ્રેડ વૉરની ભીતિ હેઠળ સોનામાં સલામતી માટેની માગને ટેકે વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધીમાં સોનાના ભાવે આઠ વખત ઊંચી સપાટી દાખવી છે. ટ્રેડ વૉરની ભીતિને કારણે નાણાં બજાર પણ દબાણ હેઠળ આવી રહ્યા હોવાથી રોકાણકારો સોના તરફ વધુ વળ્યા હોવાનું કેપિટલ ડૉટ કૉમના વિશ્લેષક કયેલ રોડ્ડાએ જણાવ્યું હતું.

જોકે, હાલ બજાર વર્તુળોની નજર અમેરિકાના કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ અને પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સના ડેટા ઉપરાંત આગામી ફેડરલ રિઝર્વનાં અધ્યક્ષ જૅરૉમ પૉવૅલનાં ટેસ્ટીમનીના વક્તવ્ય પર સ્થિર થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# મથકો પાછળ નાકા ડિલિવરી ધોરણે ખાંડમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૭૩૦થી ૩૭૮૦ આસપાસના મથાળે થયાના અહેવાલ હતા. આમ મથકો પરનાં નિરુત્સાહી અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં ખાસ કરીને નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગ જળવાઈ રહી હોવા છતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે હાજરમાં રિટેલ સ્તરની માગ તેમ જ માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો ઘટાડો અને ઉપલા મથાળેથી રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૨ વધી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી જળવાઈ રહેતાં ઉપાડ અંદાજે ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ આજે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ.



ચારના ઘટાડા અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૯૧૨થી ૩૯૮૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૨ના સુધારા સાથે રૂ. ૩૯૬૨થી ૪૦૯૨માં થયા હતા.

જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પાછળ ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો નોંધાયો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૩૦થી ૩૮૮૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૩૯૫૦માં થયાના અહેવાલ હતા.

# નિકાસ વધારવા માટે સરકાર ૨૦ દેશો અને ચોક્કસ ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રિત કરશે

નવી દિલ્હીઃ દેશમાંથી નિકાસને પ્રોત્સાહન આપવા માટે સરકારે ઑસ્ટ્રેલિયા, બ્રાઝિલ, ચીન અને ફ્રાન્સ સહિતનાં ૨૦ દેશો અને કૉમૉડિટીઝ અને સર્વિસીસ એમ પ્રત્યેકનાં છ ક્ષેત્રો નિકાસ માટે ઓળખી કાઢવામાં આવેલા છ ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરી રહી હોવાનું આજે સંસદમાં જણાવાયું હતું. આજે લોકસભામાં એક પ્રશ્નના ઉત્તરમાં રાજ્યકક્ષાના વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાના પ્રધાન જિતિન પ્રસાદે જણાવ્યું હતું કે આ ૨૦ દેશોમાં નિકાસને પ્રોત્સાહન આપવા માટે ઈન્ડિયન મિશનની કૉમર્શિયલ વિન્ગનાં અધિકારીઓની ગયા મહિને એક બેઠક યોજાઈ હતી. સરકારે મહત્ત્વપૂર્ણ એવા ૨૦ દેશો અને કોમોડિટી તથા સર્વિસીસ એમ પ્રત્યેકનાં છ ક્ષેત્રો ઓળખી કાઢ્યા છે. આ ૨૦ દેશોમાં ઑસ્ટ્રેલિયા, બ્રાઝિલ, બાંગ્લાદેશ, ચીન, ફ્રાન્સ, જર્મની, ઈન્ડોનેશિયા, ઈટાલી, જાપાન, નેધરલેન્ડ, રશિયા, સિંગાપોર, દક્ષિણ આફ્રિકા, સાઉદી અરેબિયા, દક્ષિણ કોરિયા, તુર્કિ, યુએઈ, યુકે, અમેરિકા અને વિએટનામનો સમાવેશ થાય છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે આ બેઠકમાં બહુપક્ષીય વેપારને સહયોગ આપવા અને વેપાર માટેના ઓપરેશનલ અને પરિવહનને લગતા અવરોધો તેમ જ અન્ય અંતરાયોનો વ્યૂહાત્મક ધોરણે ઉકેલ લાવવો એ કેન્દ્રીય મુદ્દો રહ્યો હતો. આ ઉપરાંત ભારતીય નિકાસને આગળ ધપાવવા માટે રચાયેલ પગલાં લેવા યોગ્ય વ્યૂહરચનાઓના સમૂહની ભલામણ કરવામાં આવી હતી, જેમાં ઊભરતા બજારની તકો શોધવા માટે વ્યાપક ડેટા એનાલિટિક્સ પોર્ટલની સ્થાપના અને સ્મોલ ઍન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝીસને બજાર સુધી પહોંચની વિગતો સાથે ટેકો આપવાનો હેતુ 'ઇ-કનેક્ટ પોર્ટલ'નો સમાવેશ થાય છે, એમ તેમણે ઉમેર્યું હતું. આ ઉપરાંત મિશને વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટની પહેલને ટેકો આપવાની સાથે બ્રાન્ડિંગ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું આહ્‌વાન કર્યું હતું જેથી બજાર હાંસલ થવાની સાથે ખેડૂતોની આવકમાં વધારો થાય અને નિકાસ પણ વધે, એમ તેમણે જણાવ્યું હતું. અન્ય એક પ્રશ્નનો ઉત્તર આપતા તેમણે જણાવ્યું હતું કે ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઑફ ઈન્ડસ્ટ્રી ઍન્ડ ટ્રેડ એ સ્ટાર્ટઅપની ૫૦૬૩ એન્ટિટી ઓળખી કાઢી છે જેને મિનિસ્ટ્રી ઑફ કોર્પોરેટ એફેર્સે ગત ૩૧મી ડિસેમ્બરે બંધ અથવા તો સ્ટક ઑફ થયેલી એન્ટિટી તરીકે વર્ગીકૃત કરી છે.

# નિકલ અને કોપરની આગેવાની હેઠળ ધાતુમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકાએ સ્ટીલ અને એલ્યુમિનિયમની આયાત સામે ઊંચી ટેરિફ લાદતા આજે વૈશ્વિક સ્તરે ટ્રેડ વૉર વકરવાની ભીતિ સપાટી પર આવતા લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ધાતુઓમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ એકમાત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં જોવા મળેલા કિલોદીઠ રૂ. બેના સુધારા અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં કોપર અને નિકલની આગેવાની હેઠળ ભાવમાં કિલોદીઠ રૂ. એકથી રૂ. બાવીસ સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે મુખ્યત્વે નિકલ, કોપર વાયરબાર, બ્રાસ શીટ કટિંગ્સ, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીના દબાણ સામે સાર્વત્રિક સ્તરેથી માગ મર્યાદિત રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. બાવીસ ઘટીને રૂ. ૧૩૮૩, રૂ. ૧૫ ઘટીને રૂ. ૮૬૬, રૂ. નવ ઘટીને રૂ. ૫૭૬, રૂ. સાત ઘટીને રૂ. ૭૪૫ અને રૂ. છ ઘટીને રૂ. ૨૭૯૦ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે નિકલ અને કોપરની આગેવાની હેઠળ અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૭૯૭, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૮૧૭, કોપર સ્ક્રેપ હેવી અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૮૦૮ અને રૂ. ૨૬૯ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૨૬૪ના મથાળે રહ્યા હતા. જોકે, આજે વપરાશકાર ઉદ્યોગ અને સ્થાનિક ડીલરોની માગને ટેકે એકમાત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૫૪૦ના મથાળે રહ્યા હતા, જ્યારે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૯૮ અને રૂ. ૧૮૨ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ગાંધીધામમાં ટીમ્બરની પેઢીઓ પર અમદાવાદ જીએસટી વિજિલન્સની ટુકડીઓ ત્રાટકી

## ૨૫૦ કરોડથી વધુની ગેરરીતિ બહાર આવ્યાની આશંકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના ઔદ્યોગિક મથક એવા ગાંધીધામ સંકુલમાં ટીમ્બરના ક્ષેત્રમાં ટેક્ષચોરી કરનારાઓ પર હવે મોટી તવાઈ અમદાવાદની જીએસટી વિભાગની વિજિલન્સ વિંગ દ્વારા બોલાવવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું.

આ અંગે જાણવા મળતી પ્રાથમિક વિગતો અનુસાર, અમદાવાદ જીએસટી વિભાગના અધિકારીઓનો કાફલો ગત શનિવારથી ગાંધીધામ સંકુલમાં સ્થિત અલગ-અલગ પેઢીઓ પર સર્ચ સર્વેની કામગીરી ચલાવી હતી.

આ કાફલાએ ૧૫ જેટલી પેઢીઓ પર તપાસ પૂર્ણ કરી હતી. જેમાં કેટલાક ટીમ્બર ઉદ્યોગકર્તાઓનો પણ સમાવેશ થવા પામી રહ્યો છે જેમાં અત્યાર સુધીની પૂર્ણ થયેલી તપાસમાં ૨૦૦થી ૨૫૦ કરોડના ટેક્ષેબલ વેલ્યુવાળા વહેવારો એજન્સીના હાથે ચડી જવા પામ્યા હોવાના અહેવાલો સાંપડ્યા હતા.

જીએસટી વિભાગના અધિકારીઓ દ્વારા દસ્તાવેજો, લેપટોપ,મોબાઈલ ફોન વગેરેને કબજે કરી લેવાયા હતા અને તેનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ મોટી રકમનો આંક હજુ વધશે તેવો અંદાજો પણ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. ■



ગિરનાર સાધુ સંતો દ્વારા શિવરાત્રી પર્વ મેળામાં સ્થાનિક પ્રશ્નો અંગે એક મીટિંગ યોજવામાં આવી હતી. મહેશ ગીરી તથા સર્વે સંતો દ્વારા ગિરનારના પહેલા પગથિયા પર પવિત્ર કુંભના સંગમના જળનો છંટકાવ કરવામાં આવ્યો હતો. (હરેશ સોની જૂનાગઢ)

# આરટીઓ કચેરીમાં ઈન્સ્પેક્ટરો કામથી અળગા રહેતા કચેરી બની સૂમસામ: અરજદારોને હાલાકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગુજરાત મોટર વાહન વિભાગના ટેક્નિકલ ઓફિસર્સ એસોસિએશનના નેજા હેઠળ વિવિધ પડતર માગણીઓ સંતોષવા માટે ભુજ,અંજાર સહિત રાજ્યભરની આરટીઓ કચેરીના ઇન્સ્પેક્ટરોએ આ વિભાગ સામે કામથી અળગા રહીને લડત માંડી છે. અગાઉ આવેદનપત્ર અપાયા અને ઘંટનાદ તેમજ સોશિયલ મીડિયાના વિરોધ બાદ મંગળવારે ઉઘડતા દિવસે ઇન્સ્પેક્ટરો કામથી અળગા રહેતા અરજદારોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો.

ડ્રાઇવિંગ લાઇસન્સની પરીક્ષા,મેમો ભરવા,વિવિધ ટેક્નિકલ કામો બાબતે અરજદારો કચેરીએ ગયા હતા પણ આંદોલનના ભાગરૂપે ઈન્સ્પેક્ટરોએ સિસ્ટમમાં લોગ ઇન ન કરતાં ઓનલાઇન કામો થયા ન હતા.સતત ગાજતી રહેતી કચેરીઓમાં સૂનકાર જોવા મળ્યો હતો. ■

# ગાંધીધામ-આદિપુરમાં વર્ષોથી ખડકી દેવાયેલાં સંખ્યાબંધ કાચા-પાકાં દબાણો પર મહાનગરપાલિકાનું બુલડોઝર ફરી વળ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના આદિપુર શહેરની ઘોડા ચોકીથી અંજાર તરફ જતા માર્ગે પર વર્ષોથી ખડકી દેવામાં આવેલાં સંખ્યાબંધ કાચાં-પાકાં દબાણો ઉપર મહાનગરપાલિકાનું બુલડોઝર ફરી વળ્યું હતું. અહીં જી.એમ.સી.એ ૬૯ દુકાન, ૧૦ રહેણાક ઝૂંપડાં અને ૧૫થી વધુ શેડ તોડી પાડયા હતા. દબાણ હટાવાની આ કામગીરી હજુ પણ ચાલુ રખાશે તેવું જાણવા મળ્યું હતું.

તાજેતરમાં ગઠન થયેલી ગાંધીધામ મહાનગરપાલિકાએ સુંદરપુરી તથા આદિપુરમાં ૩૦૦થી વધારે દબાણકારોને અગાઉ નોટિસ પાઠવી હતી, જેનાં પગલે અનેક દબાણ સ્વેચ્છાએ હટી ગયાં હતાં. જો કે, નોટિસની સમયમર્યાદા પૂર્ણ થતાં ડેપ્યૂટી કમિશનર મેહુલ દેસાઈ, સંજય રામાનુજના માર્ગદર્શન હેઠળ ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે બે બુલડોઝર, ચાર ટ્રેક્ટર વગેરે વાહનો, સાધનો લઈને આદિપુરમાં ઘોડાચોકી વિસ્તારમાં પહોંચેલી ટુકડીને જોઈને આદિપુર બસ સ્ટેન્ડ પાસે આવેલા અમુક દબાણો આપોઆપ હટી ગયાં હતાં.

ઘોડાચોકીથી ઓમ મંદિર સુધીના માર્ગ ઉપર આવેલાં દબાણો તોડવાનું ચાલુ કર્યું હતું. આ ઉપરાંત પૂર્વ નગરપાલિકાએ બનાવેલાં જાહેર શૌચાલય ઉપર પણ બુલડોઝર ફરી વળ્યું હતું. સુંદરપુરીમાં પાણીના ટાંકાથી હીરાલાલ પારેખ સર્કલ સુધીના માર્ગ ઉપર જો દબાણો નહીં હટયાં હોય તેમને તોડી પાડવામાં આવશે તેમ ડેપ્યૂટી કમિશનર સંજયકુમાર રામાનુજે જણાવ્યું હતું. ■

# ભચાઉ નજીક આધાર પૂરાવા વિનાનું અડધા લાખનું સબસિડીયુક્ત યુરિયા ખાતર જપ્ત: બે શખ્સ પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ખેડૂતોને મળવાપાત્ર નીમ કોટેડ યુરિયા ભ્રષ્ટ તંત્રની રહેમ નજર હેઠળ કેટલાક ઔદ્યોગિક એકમોમાં પગ કરી જતું હોવાની વ્યાપક ફરિયાદો સમગ્ર રાજ્યમાં ઊઠી રહી છે, આ દરમિયાન ભચાઉ તાલુકાના ચોપડવા-લુણાવા માર્ગ પરથી સ્થાનિક પોલીસે રૂા.૪૨,૬૪૦ના મૂલ્યના ચોરી કે છળકપટથી મેળવાયેલા નીમ કોટેડ યૂરિયા સાથે બે શખસને ઝડપી પાડ્યા હતા.

ભચાઉના ચોપડવા-લુણાવા માર્ગ પર રંગોલી પ્લાય કંપનીમાં આવેલા ગગન ટિમ્બરના રેક્ઝિન પ્લાન્ટની બાજુમાં ખેતીમાં વાપરવાનું નીમ કોટેડ યૂરિયા ખાતર ગેરકાયદેસર રીતે ઔદ્યોગિક એકમમાં ઉપયોગમાં લેવા માટે બે બોલેરો ગાડી અહીં આવી હોવાની સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપને મળેલી પૂર્વ બાતમીના આધારે થયેલી આ કાર્યવાહીમાં ભચાઉના ઇમરાન રમજુ રાયમા તથા ચંદ્રેશ પ્રભુલાલ ઠક્કર નામના શખ્સોની બે બોલેરો પીક-અપમાંથી ૪૨,૬૧૦નું આધાર પુરાવા વગરનું ૧૬૦ બોરી ખાતર જપ્ત કરવામાં આવ્યું હતું.

પ્રાથમિક તપાસમાં હળવદની શિવએગ્રો એન્ડ ફર્ટિલાઇઝર કંપનીમાંથી મેળવાયેલાં આ ખાતરને ભચાઉના પ્રકાશ પદમાભાઇ પટેલે મંગાવ્યું હતું તેમ જ હળવદની કંપનીનો કર્મચારી રફીક પણ સંડોવાયેલો હોવાનું જાણવા મળ્યું હતું.

ખેડૂતના હક્કનો આ જથ્થો આપનાર કંપનીના સંચાલક, માલ મગાવનાર તથા અહીંની કંપનીના કર્મચારીને પકડી પાડવા તજવીજ હાથ ધરવામાં આવી છે. ■

# ભાવનગરમાં હેલ્મેટ ચેકિંગ ડ્રાઈવમાં સરકારી કર્મચારીઓ દંડાયા

## હેલ્મેટ પહેરનારનું ગુલાબ આપી સન્માન કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેર અને જિલ્લાની સરકારી કચેરીઓ પર ટ્રાફિક શાખા દ્વારા હેલ્મેટ ચેકિંગ ડ્રાઈવ રાખવામાં આવી હતી. ટ્રાફિક શાખા દ્વારા જુદી જુદી સરકારી કચેરીઓમાં કામ કરતા અધિકારીઓ અને કર્મચારીઓ ટુ વ્હિલ લઈને કચેરી આવે ત્યારે તેમણે હેલ્મેટ પહેરી છે કે કેમ તેનું ચેકિંગ કરવામાં આવ્યું હતું. ભાવનગર શહેરની વિવિધ સરકારી કચેરીઓ પર ચેકિંગ દરમિયાન ૫૭ જેટલા કર્મચારીઓ દ્વારા હેલ્મેટના નિયમનું ઉલ્લંઘન કરવામાં આવતા ટ્રાફિક શાખા દ્વારા કેસ કરીને દંડ વસૂલવામાં આવ્યો હતો. આ ઉપરાંત તળાજા મામલતદાર કચેરી ખાતે પણ ત્રણ કર્મચારીઓ દ્વારા હેલ્મેટના નિયમનું ઉલ્લંઘન કરવામાં આવતા દંડની કાર્યવાહી કરવામાં આવી હતી.

ટ્રાફિક પોલીસ દ્વારા હેલ્મેટ ડ્રાઇવ દરમિયાન કલેક્ટર કચેરી ખાતે નવ કેસ, મહાનગરપાલિકા કચેરી ખાતે પાંચ કેસ, એસ.પી. કચેરી ખાતે આઠ કેસ, જિલ્લા પંચાયત કચેરી ખાતે ૧૦ કેસ, એલ.આઇ.સી.કચેરી ખાતે ૬ કેસ, બહુમાળી ભવન ખાતે ૧૯ કેસ મળી કુલ ૫૭ કેસ કરવામાં આવ્યા હતા અને રૂ.૨૮,૫૦૦/- નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત મામલતદાર કચેરી તળાજા ખાતે પણ ચેકિંગ દરમિયાન ૩ કેસ કરી રૂ.૧૫૦૦/- દંડ વસૂલવામાં આવ્યો હતો. ટ્રાફિક પોલીસે કચેરી ખૂલવાના સમયે સવારે ૧૦ થી ૧૧:૩૦ દરમિયાન ૬૦ જેટલા કેસ કરી રૂ.૩૦,૦૦૦/- દંડ વસૂલ કર્યો હતો. ટ્રાફિક પોલીસ દ્વારા હેલ્મેટના નિયમનું પાલન કરનાર સરકારી અધિકારીઓ અને કર્મચારીઓનું ગુલાબનું ફૂલ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. ટ્રાફિક પોલીસની આ કામગીરીથી સરકારી કર્મચારીઓમાં નારાજગી ફેલાઈ હતી. ■



રાજકોટમાં મ્યુનિસિપલ કોપેરિશન સહિતની સરકારી કચેરી પર હેલ્મેટ ડ્રાઈવ યોજાઇ હતી. દોઢ કલાક ચાલેલી આ ડ્રાઈવ દરમિયાન હેલ્મેટ વગર આવેલા ૨૩૧ વાહનચાલકો પોલીસની ઝડપે ચડ્યા હતા. તેમની પાસેથી પોલીસે રૂ. ૧.૧૮ લાખનો દડં વસૂલ્યો હતો. (પ્રવીણ સેદાણી, રાજકોટ)

# વડોદરા મનપાના પૂર્વ ડેપ્યૂટી મેયર યોગેશ મુક્તિને છ માસની સજા

## વોર્ડ ઑફિસરને માર મારવાના કેસમાં કોર્ટનો ચુકાદો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના પૂર્વ ડેપ્યૂટી મેયર યોગેશ પટેલ મુક્તિને ૧૦ વર્ષ જૂના કેસમાં કોર્ટે છ મહિનાની કેદની સજા સાથે રૂ. ૧ હજારનો દંડ ભરવાનો હુકમ કર્યો હતો.

આ અંગે મળતી વિગત મુજબ, વર્ષ ૨૦૧૪ના જાન્યુઆરી મહિનામાં શહેરના એલ એન્ડ ટી સર્કલ નજીક મનપાની દબાણ શાખાની ટીમ ફૂટપાથ પર રહેલા ગેરકાયદે દબાણો દૂર કરી રહી હતી. આ દરમિયાન ભાજપના સ્થાનિક કોર્પોરેટર યોગેશ પટેલ મુક્તિ ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા. જેમણે વોર્ડ ઓફિસર તરીકે ફરજ બજાવતા જગમાલ નંદાણિયા સાથે ઝપાઝપી કરી હતી. આટલું જ નહીં, તેમણે દબાણ કરેલા લારી-ગલ્લાને પણ વાહનોમાં ઊતરાવી દીધો હતો. આ દરમિયાન બોલાચાલી ઉગ્ર બનતા પૂર્વ ડેપ્યૂટી મેયરે વોર્ડ ઑફિસરને લાફો માર્યો હતો. આ મામલે જે-તે સમયે જગમાલ નંદાણીયાએ કારેલીબાગ પોલીસ મથકમાં યોગેશ પટેલ મુક્તિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આ કેસ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં ચાલ્યો હતો, જ્યાં મેજિસ્ટ્રેટ દ્વારા ફરિયાદ પક્ષ અને આરોપી પક્ષની દલિલોને ગ્રાહ્ય રાખીને પૂર્વ ડેપ્યૂટી મેયરને છ માસની સજા અને એક હજાર રૂપિયાનો દંડ ફટકારવાનો આદેશ આપ્યો હતો. ■

# કચ્છના રાપર નજીક ૨.૭ની તીવ્રતાનો ભૂકંપનો ઝટકો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં વિનાશક ધરતીકંપ આવ્યાના ૨૪ વર્ષે પણ ભૂગર્ભીય સળવળાટ સતત જારી રહ્યો છે. ભૂકંપ ઝોન-૫મા સમાવાયેલા કચ્છમાં ગત સોમવારે ભાંગતી રાત્રે ૨ અને ૪૬ કલાકે ૩.૦ની તીવ્રતાના ભૂકંપે હાજરી પૂરાવી હતી. મંગળવારના સવારે ૯ અને ૫૪ મિનિટે વાગડ ફોલ્ટલાઇનમાં ઉદ્ભવેલા ૨.૭ની તીવ્રતા ધરાવતા ભૂકંપના ટ્રેમરે કચ્છની સદીઓથી અશાંત બનેલી ધરાને વધુ એકવાર ધ્રુજાવતાં ગભરાટ ફેલાયો હતો.

મધ્યમ કક્ષાના કંપન અંગે ગાંધીનગર સ્થિત સિસ્મોલોજી કચેરી પાસેથી પ્રાપ્ત થયેલી વિગતો મુજબ, રાપરથી ૨૭ કિલોમીટર દૂર કેન્દ્રબિંદુ ધરાવતો આ આંચકો રિક્ટર સ્કેલ પર અંકિત થયો હતો જેની અનુભૂતિ કેન્દ્રબિંદુ આસપાસના સીમાવર્તી વિસ્તારમાં વિશેષ રહી હોવાનું જાણવા મળ્યું હતું. સદીઓથી કચ્છની અશાંત રહેલી ભૂમિને સતત ધ્રુજાવી રહેલા ધરતીકંપના આંચકાઓના કેન્દ્રબિંદુ વાગડ ફોલ્ટલાઇનની આસપાસના જ રહ્યા છે જેમાં ભચાઉ, ફતેહગઢ, રાપર, કરમરીયા અને પ્રાચીન નગર ધોળાવીરાનો સમાવેશ થાય છે. ■

# જૂનાગઢના રૂદ્રેશ્વર જાગીર ભારતી આશ્રમના મહંત ઈન્દ્રભારતી બાપુની તબિયત લથડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જૂનાગઢ રૂદ્રેશ્વર જાગીર ભારતી આશ્રમના મહંત ઈન્દ્રભારતી બાપુની તબિયત લથડી હતી. તેઓ મહાકુંભમાં ગયા હોય તે દરમિયાન સતત ધૂળ ઊડતા ફેફસામાં ઈન્ફેક્શન થતા તેમને સારવાર માટે સાત દિવસ આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યા હતા. જો કે તેમની તબિયતને ધ્યાને લઈ ૧૫ દિવસ સુધી આરામ કરવાની સલાહ આપવામાં આવી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર મહાકુંભમાં ગયા બાદ જૂનાગઢના રૂદ્રેશ્વર જાગીર ભારતી આશ્રમના ઈન્દ્રભારતી બાપુની તબિયત લથડી હતી. મહાકુંભમાં સતત ધૂળ ઊડતા ફેફસામાં ઈન્ફેક્શન થતા ઈન્દ્રભારતી બાપુને સારવાર માટે સાત દિવસ આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ દરમિયાન તબીબોએ તેમને બાપુને પંદર દિવસ આરામ કરવાની સલાહ આપવામાં આવી હતી.

ઈન્દ્રભારતી બાપુએ ઓડિયો સંદેશ જાહેર કરીને જણાવ્યું હતું કે પ્રયાગરાજ મહાકુંભમાં તબિયત લથડતા તેમને આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યા છે. જો કે હાલ તેમની તબિયત સુધારા પર હોય તબીબોએ તેમને ૧૫ દિવસ આરામ કરવાની સલાહ આપી છે. ■

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નવનિયુક્ત કુલપતિએ કાર પર સાયરન લગાવતા વિવાદનું કેન્દ્ર બન્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સતત વિવાદોનું કેન્દ્ર બની રહેતી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ફરી વિવાદમાં સંપડાય છે. યુનિવર્સિટીના કુલપતિએ તેમની કાર પર સાયરન લગાવ્યું હોવાના દૃશ્યો સામે આવતા વિવાદ સર્જાયો હતો. લાંબા સમય બાદ સરકાર દ્વારા કાયમી કુલપતિની નિમણૂક કરવામાં આવી હોય તેના મહિના દિવસમાં જ કુલપતિ વિવાદમાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર રાજ્ય સરકાર દ્વારા ૧૦ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ગુજરાત યુનિવર્સિટીમાં ફરજ બજાવતા ડૉ. ઉત્પલ જોશીને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૧૮માં કાયમી કુલપતિ તરીકે નિમણૂક આપવામાં આવી હતી. નિમણૂકને એક મહિનાના સમયમાં જ તેમણે પોતાની કાર પર સાયરન લગાવતા વિવાદ સર્જાયો હતો. જો કે તેમણે પોતાના બચાવમાં કહ્યું હતું કે બધી યુનિવર્સિટીના કુલપતિઓએ પણ લગાવેલું છે આથી મેં લગાવ્યું હતું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નવનિયુક્ત કાયમી કુલપતિએ પોતાની કાર પર સાયરન લગાવ્યું હોવાના દૃશ્યો સામે આવતા આ વિવાદની શરૂઆત થઈ હતી.

જો કે કુલપતિએ પોતાના બચાવમાં કહ્યું હતું કે, ‘‘અન્ય યુનિવર્સિટીના કુલપતિ દ્વારા પણ સાયરન લગાવવામાં આવ્યું હોય મેં લગાવ્યું છે.‘‘ અત્રે ઉલ્લેખનીય છે કે સૂત્રોએ જણાવ્યું હતું કે સાયરન લગાવવા સંદર્ભે કોઈ નિશ્ચિત કે સ્પષ્ટ પરિપત્ર નથી, પરંતુ આ મામલે વાહન-વ્યવહાર કમિશનરની મંજૂરી લેવી પડતી હોવાનું જણાવ્યું હતું. ■



રાજકોટ મનપાનું ₹૩૧૧૭.૦૭ કરોડનું બજેટ સ્ટેન્ડિંગ કમિટી દ્વારા મંજૂર કરાયું હતું, જો કે વધારાના કરબોજનું સૂચન ફગાવવામાં આવ્યું હતું. (પ્રવીણ સેદાણી, રાજકોટ)

# ભાવનગરની જાણીતી સ્કૂલનો બનાવ: ફોન પર વાત કરવાના મુદ્દે સ્કૂલમાં ઘૂસી વિદ્યાર્થી ઉપર છરી વડે હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરની નામાંકિત સ્કૂલમાં છોકરી સાથે વાત કરતા વિદ્યાર્થીને વિદ્યાર્થિનીના પિતાએ સ્કૂલમાં આવી છરીના ઘા ઝીંકી ચકચાર મચી ગઈ હતી, ઘાયલ વિદ્યાર્થીને લોહિયાળ હાલતમાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર જિલ્લાનાં મહુવા વીટીનગર રોડ, શ્યામનગર ખાતે રહેતા મનસુખભાઈ નકાભાઈ આહિરે વરતેજ પોલીસ મથકમાં જગદીશ બચુભાઈ રાછડ (રહે. ભાવનગર) વિરૂદ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી હતી કે, ફરિયાદીનો પુત્ર કાર્તિક સ્કૂલમાં અભ્યાસ કરતી છોકરી સાથે ફોનમાં વાત કરતો હોય જેથી સવારે ૧૧.૩૦ કલાકના અરસામાં ભાવનગરની ઓજ સ્કૂલ ખાતે જગદીશ બચુભાઈ રાછડે તેમને સમજાવટ માટે બોલાવ્યા હતા. દરમિયાનમાં આ શખસે અચાનક પોતાના નેફામાંથી છરી કાઢી ફરિયાદીના પુત્ર કાર્તિકને જમણા ખભે છરીનો એક ઘા, સાથળના ભાગે છરીના ત્રણ ઘા તથા જમણા પગે ગોઠણના ભાગે છરીનો એક ઘા મારી ગંભીર ઈજા પહોંચાડી નાસી છૂટ્યો હતો. ઈજાગ્રસ્ત હાલતે યુવકને ભાવનગરની ખાનગી હૉસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેની સ્થિતિ ગંભીર મનાઈ રહી છે. દરમિયાન પોલીસે છરી વડે હુમલો કરનાર આરોપીને ઝડપી લઇ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. ■

# ભાવનગરના પાલિતાણામાં વૃદ્ધાએ ઝેરી દવા પી આપઘાત કર્યો

ભાવનગર: જિલ્લાના પાલિતાણામાં રહેતા વૃદ્ધ મહિલાએ ઝેરી દવા પી લેતાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. પ્રાપ્ત વિગત અનુસાર ભાવનગર જિલ્લાના પાલીતાણાના તળાજા રોડ, ફોરેસ્ટ ઓફિસની બાજુમાં આવેલ સંજયભાઈના મકાનમાં ભાડે રહેતાં વૃદ્ધ મહિલા કંચનબેન નારણભાઈ પીપળીયા ( ઉં. વ.૬૫ ) એ કોઈ ઝેરી દવા પી લેતા તેમને સારવાર અર્થે પ્રથમ પાલિતાણા સરકારી હોસ્પિટલ અને ત્યાર બાદ વધુ સારવાર અર્થે ભાવનગર હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં જ્યાં તેમનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું.

મૃતક કંચનબેનના દીકરાને સામેવાળાઓએ કોઈ ખોટા કેસમાં ફસાવી દીધો હોવાથી તે બાબતે લાગી આવતા કંચનબેને આપઘાત કરી લીધો હોવાનો પરિવારે આક્ષેપ કર્યો હતો.આ બનાવ અંગે પાલિતાણા ટાઉન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ■